# સાધનાની નોંધપોથી

શ્રી માતાજી

શ્રી અરવિન્દ ગ્રંથમાળા

વર્ષ ચોથું

પુસ્તક

૧



શ્રી માતાજી
(૪.૫.૬૭)

# સાધનાની નોંધપોથી

શ્રી માતાજી

શ્રી અરવિંદ આશ્રમ : પોંડિચેરી

Sadhana-ni Nondhpothi: by The Mother. Translated by Sundaram. Pub. Sri Aurobindo Ashram, Pondicherry-2. 1968. Price: Rs. 3.00

---

અનુ. સુન્દરમ્

© સર્વ હક્ક સ્વાધીન

પ્રકાશક : શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી

૧લી આવૃત્તિ : જુલાઈ ૧૯૬૮

રૂ. ૩.૦૦

મુદ્રક : શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ, પોંડિચેરી-૨
250/68/1500

# નિવેદન

છેલ્લાં ત્રણેક વર્ષથી આપણને શ્રી માતાજી તરફથી એક નવી, ઘણી ગહન અને અપૂર્વ એવી વસ્તુ મળવા લાગી છે. પોતાને થતી રહેતી અનુભૂતિઓને, અથવા કહો કે તેઓ દ્વારા સાધનાના ક્ષેત્રમાં જે તદ્દન નવું કાર્ય થઈ રહ્યું છે તેને તેમણે અંગત વાર્તાલાપો દ્વારા આપણી સમક્ષ ખુલ્લું કરવા માંડ્યું છે. એ વાર્તાલાપો આશ્રમના શિક્ષણ કેન્દ્રની ત્રૈમાસિક પત્રિકા 'બુલેટિન ઑવ શ્રી અરવિંદ ઇન્ટરનેશનલ સેન્ટર ઑવ એજ્યુકેશન'માં 'Notes on the way' તથા 'A Propos' એ મથાળાં હેઠળ પ્રગટ થતા રહ્યા છે. એને અમે 'સાધનાની નોંધપોથી'ના નામ હેઠળ 'દક્ષિણા' ત્રૈમાસિકમાં આપતા રહેલા છીએ. આ પુસ્તકમાં ૧૯૬૪ના ઑક્ટોબરની ૭ મીના પ્રથમ વાર્તાલાપથી માંડી ૧૯૬૭ના ઑગસ્ટની ૩૦ મી સુધીના સર્વ વાર્તાલાપો આપવામાં આવ્યા છે.

યોગના વિષયથી બહુ પરિચિત ન હોય તેવા વાચકોને માટે આમાંની સામગ્રી સમજવી એકદમ સરળ નહિ પડે. કેટલીક વસ્તુઓ તો શ્રી માંતાજીએ એવી રીતની કહી છે કે જેમાં શ્રી માતાજીને પોતાને પણ 'આ કેવી રીતે કહેવું?' એમ કહેવું પડેલું છે. યોગની અનુભૂતિઓ સામાન્ય જીવનમાં થતી રહેતી બાહ્ય પ્રકૃતિગત અનુભૂતિઓ કરતાં તો ઘણી વિશેષ ગહન, સૂક્ષ્મ અને અકલિતતાના પ્રદેશની હોય છે. અને

શ્રી માતાજીની આ અનુભૂતિઓ તો અત્યાર સુધી આ યોગમાં જે પ્રદેશો ખેડાયેલા છે તેથી પણ આગળના, શરીરના કોષો સુધીના પ્રદેશમાં પહોંચે છે, અને શ્રી માતાજી કહે છે તે મુજબ હવે જે કેટલીક વસ્તુઓ પ્રગટ થયેલી છે તે વિશ્વમાં પ્રથમ વાર બનતી ઘટનાઓ જેવી છે.

યોગના નવા અભ્યાસીઓ આ પુસ્તકની સાથે સાથે આ ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થયેલાં 'શ્રી માતાજી: દિવ્ય સ્વરૂપ' અને 'અતિમાનસ' એ બે પુસ્તકોનું વાંચન કરશે તો તેમને આ પુસ્તકમાંનો વિષય સમજવામાં સહાય થશે.

૧૮.૫.૬૮ —સુન્દરમ્

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | ૭ ઑક્ટોબર, ૧૯૬૪ | ૧ |
| ૨. | ૧૨ જાન્યુઆરી ૧૯૬૫ | ૧૧ |
| ૩. | ૨૪ માર્ચ, ૧૯૬૫ | ૧૪ |
| ૪. | ૨૧ ઑગસ્ટ, ૧૯૬૫ | ૨૩ |
| ૫. | ૨૭ નવેમ્બર, ૧૯૬૫ | ૩૨ |
| ૬. | ૨૨ જાન્યુઆરી, ૧૯૬૬ | ૪૬ |
| ૭. | ૧૮ મે, ૧૯૬૬ | ૫૩ |
| ૮. | ૨૮ સપ્ટેમ્બર, ૧૯૬૬ | ૬૩ |
| ૯. | ૩૦ સપ્ટેમ્બર, ૧૯૬૬ | ૭૦ |
| ૧૦. | ૧૧ જાન્યુઆરી, ૧૯૬૭ | ૮૩ |
| ૧૧. | ૨૧ જાન્યુઆરી, ૧૯૬૭ | ૮૮ |
| ૧૨. | ૪ માર્ચ, ૧૯૬૭ | ૯૩ |
| ૧૩. | ૭ માર્ચ, ૧૯૬૭ | ૯૫ |
| ૧૪. | ૨૪ મે, ૧૯૬૭ | ૧૦૦ |
| ૧૫. | ૨૪ જૂન, ૧૯૬૭ | ૧૦૮ |
| ૧૬. | ૨૬ ઑગસ્ટ, ૧૯૬૭ | ૧૧૭ |
| ૧૭. | ૩૦ ઑગસ્ટ, ૧૯૬૭ | ૧૨૨-૧૩૦ |

# સાધનાની નોંધપોથી

આ મથાળા હેઠળ અમે શ્રી માતાજી સાથેના વાર્તાલાપોમાંથી થોડો થોડો ભાગ આપવાનું શરૂ કરીએ છીએ. આ ચિંતનો અથવા તો અનુભૂતિઓ, આ અવલોકનો છેક હમણાંનાં છે અને રૂપાંતરની સાધનામાં સીમાચિહ્નો જેવાં છે: થઈ રહેલા કાર્ય ઉપર એમાં પ્રકાશ પડે છે—શરીરના આ ચાલી રહેલા યોગની બધી પ્રક્રિયાઓ સ્થાપિત કરવાની છે—એટલું જ નહિ, પરંતુ હજી જે સાધના કરવાની છે તેનાં એ એક પ્રકારનાં સૂચનો રૂપે બની શકે તેવાં છે અને એટલા માટે તેમને પસંદ કરી અત્રે મૂકવામાં આવ્યાં છે.

—સંપાદક, બુલેટિન

# ૧

## નવો જ દૃષ્ટિકોણ

૭ ઑક્ટોબર, ૧૯૬૪

વસ્તુઓ વધારે સારું રૂપ લેવા લાગી છે, સામાન્ય દૃષ્ટિથી જોતાં નહિ, પણ ઊર્ધ્વ દૃષ્ટિથી જોતાં. પરંતુ એમાં જે સ્થૂલ પરિણામો આવેલાં છે તે હજી ચાલુ જ છે—જાણે કે બધી જ મુશ્કેલીઓ વધી પડેલી છે. માત્ર એટલું કે ચેતનાની શકિત વધારે મોટી બની છે—એમાં વધારે સ્પષ્ટતા, વધારે ચોક્કસતા આવી છે; તેમ જ જે લોકોમાં શુભેચ્છા છે તેમના ઉપર કાર્ય પણ બનવા લાગ્યું છે; એ લોકો ઠીક ઠીક સારી એવી પ્રગતિ કરી રહ્યા છે. પણ જે સ્થૂલ મુશ્કેલીઓ છે તે જાણે કે વધી પડી છે, એટલે કે, એ જાણે . . . આપણે કસોટીમાં ટકી રહી શકીએ છીએ કે નહિ તે જોવા માટે થઈ રહ્યું છે.

આવી સ્થિતિ છે.

થોડા જ વખતથી (ગઈ કાલથી), વાતાવરણમાં કોઈક વસ્તુ સ્પષ્ટ બની ગઈ છે. પરંતુ રસ્તો હજી લાંબો છે—લાંબો, લાંબો. મને લાગે છે કે એ ઘણો લાંબો છે. આપણે ટકી રહેવાનું છે—વળગી રહેવાનું છે, સૌથી વિશેષ આવી છાપ પડે છે—આપણામાં ટકી રહેવાની શકિત હોવી જોઈશે. આ બે વસ્તુઓ એકદમ અનિવાર્ય છે: સહનશકિત અને શ્રદ્ધા, કશાથી પણ

ચલિત ન થાય તેવી, દેખીતી રીતે સંપૂર્ણ નકાર મળતો હોય, તમારે વેદના વેઠવી પડતી હોય, તમે રિબાતા હો (એટલે કે શરીરમાં એમ મારે કહેવું છે), તમે થાકી ગયા હો તોપણ—તમારે સહી લેવાનું છે, ટકી રહેવાનું છે. એ વાત છે.

પણ મને જે કહેવામાં આવે છે તે સાંભળતાં, એટલે કે જે લોકો રેડિયો સાંભળે છે, વર્તમાનપત્રો વાંચે છે (કે જે બધું હું કરતી નથી), તેમના તરફથી મને જે સાંભળવા મળે છે તે જોતાંએમ લાગે છે કે આખું જગત એક ક્રિયા હેઠળ આવી રહેલું દેખાય છે . . . અને એ વસ્તુ અત્યારે તો ગભરાવી મૂકે તેવી છે. એમ લાગે છે કે ' દેખીતી રીતના ગાંડા ' લોકોની સંખ્યા ઠીક ઠીક વધવા લાગી છે. દાખલા તરીકે, અમેરિકામાં આખોયે યુવાન વર્ગ એક વિચિત્ર રીતના વિચાર વમળમાં સપડાઈ ગયેલો દેખાય છે, અને એ વસ્તુ વિચારશીલ માણસોને બેચેન કરી મૂકે તેવી છે, પણ એમાંથી એક વસ્તુ તો ચોક્કસ દેખાઈ આવે છે કે એક અસાધારણ શકિત કામ કરી રહી છે. આમાં તમામ ટેવો અને તમામ નિયમો ભંગાઈ રહ્યા છે—એ સારી વાત છે. અત્યારને માટે એ ' વિચિત્ર ' જેવું છે, પણ એ જરૂરનું છે.

તો અત્યારે સાચું વલણ તે આપણે થઈ શકીએ તેટલા પારદર્શક થવાનો પ્રયત્ન કરવો એ પ્રમાણે જ હોય ને?

પારદર્શક, નવી શકિતને ઝીલવા માટે તૈયાર.

મેં મને પોતાને પ્રશ્ન કરેલો, કારણ કે આ પારદર્શિત્વ એ પારદર્શક છે એવી છાપ પડે છે, પરંતુ એ કંઈક શૂન્યતા જેવી, એક સભર એવી શૂન્યતા જેવી વસ્તુ છે, એમ છતાં એ શૂન્યતા છે. કાંઈ ખબર પડતી નથી. ખબર નહિ કે એ એક ઊંચી જાતનું તમસ છે, કે . . .

સૌથી વિશેષ તો આપણે આત્મવિશ્વાસ રાખવાનો છે. જડતત્ત્વમાં મોટી મુશ્કેલી એ છે કે સ્થૂલ ચેતના (એટલે કે જડતત્ત્વમાં રહેલું મન

મુશ્કેલીઓના દબાણ હેઠળ રચાયેલી છે—મુશ્કેલીઓ, વિઘ્નો, વેદનાઓ, સંઘર્ષો. કહો કે આ બધી વસ્તુઓ દ્વારા એને 'ઘડવામાં' આવી છે. અને એણે તેના ઉપર એક છાપ મૂકી આપી છે, લગભગ નિરાશાભાવની, પરાજયભાવની, અને ખરેખર એ સૌથી મોટામાં મોટું વિઘ્ન છે.

મારા પોતાના કામમાં હું આ વસ્તુ વિષે સભાન બની રહી છું. જે સૌથી વધુ સ્થૂલ એવી ચેતના છે, સૌથી વધુ સ્થૂલ પ્રકારનું જે મન છે તેને ચાબુકના પ્રહાર મળે ત્યારે જ તે કામ કરે, પ્રયત્ન કરે, પ્રગતિ કરે એવો તેને અભ્યાસ પડેલો છે. આમ ન થાય તો એ પછી તમસ રૂપ બની જાય છે. અને પછી, એ જેટલા પ્રમાણમાં કલ્પના કરે છે તેટલા પ્રમાણમાં તેને હંમેશાં મુશ્કેલીની જ કલ્પના આવે છે—હંમેશાં એને વિઘ્ન દેખાય છે, હંમેશાં એને વિરોધ દેખાય છે, અને એ વસ્તુ ગતિને ભયંકર રીતે મંદ કરી નાખે છે. એને તમારે ખાતરી કરાવવી હોય કે એની સર્વ મુશ્કેલીઓની પાછળ પ્રભુની કૃપા આવી રહેલી છે, એની સર્વ નિષ્ફળતાઓની પાછળ વિજય આવી રહેલો છે, એનાં સર્વ દુ:ખો અને વેદનાઓની પાછળ, આ બધા વિરોધોની પાછળ આનંદ આવી રહેલો છે, તો તે માટે ઘણા નક્કર અનુભવોની, ઘણા સ્પર્શક્ષમ અને ઘણી વાર ફરી ફરીને થતા રહેતા અનુભવોની જરૂર રહે છે. બધી સાધનાઓમાં આ સાધના વધુમાં વધુ વાર ફરી ફરીને કરવાની રહે છે, આખોયે વખત તમારે નિરાશાભાવને કે શંકાને કે નર્યા પરાજયમાં રાચતી કલ્પનાને અટકાવવી પડે છે કે દૂર હઠાવવી પડે છે, યા તો તેનું રૂપાંતર કરવાનું રહે છે . . .

હું આ માત્ર સ્થૂલ ચેતનાની જ વાત કરું છું.

હા, કોઈ વસ્તુ જ્યારે ઊર્ધ્વમાંથી નીચે ઊતરી આવતી હોય છે ત્યારે તો, કુદરતી રીતે જ, એ કચ્ચરઘાણ કરી મૂકે છે (નાસી જવાની ક્રિયાનું સૂચન), અને પછી બધું શાંત થઈ જાય છે, બધું અટકી પડે છે અને રાહ

જેવા લાગે છે. પણ . . . હું એ વાત બહુ સારી રીતે સમજી શકું છું કે સત્ય, સત્ય-ચેતના પોતાને શા માટે વધારે સતત રીતે વ્યકત કરતી નથી, કારણ કે એની શકિત અને જડતત્ત્વની શકિત વચ્ચેનો તફાવત એટલો બધો મોટો છે કે એમાં જડતત્ત્વની શકિતનો જાણે છેદ જ ઊડી જાય છે—પણ પછી એનો અર્થ રૂપાંતર રહેતો નથી, એ તો કચ્ચરઘાણની ક્રિયા બની રહે છે. પહેલાંના વખતમાં લોકો આ વસ્તુ કરતા હતા—આ આખીયે સ્થૂલ ચેતનાને તેઓ એક શકિતના વજન હેઠળ કચડી નાખતા હતા. એ શકિતની સામે કોઈ વસ્તુ લડી શકતી નથી, કોઈ પણ વસ્તુ તેનો વિરોધ કરી શકતી નથી. અને એમાં પછી આપણને એમ થતું રહેલું છે: 'લો! કામ થઈ ગયું'. પણ એ નથી થયું હોતું, જરા પણ નહિ! કેમકે, બાકીની વસ્તુઓ, અહીં નીચે, પહેલાંના જેવી જ, બદલાયા વિનાની રહેલી છે.

હવે એ બધાને બદલાવા માટેની પૂરેપૂરી શકયતા આપવામાં આવે છે; અને એ માટે તો એ એનો પૂરેપૂરો ભાગ ભજવી લે એમ તમારે થવા દેવાનું રહે છે, એને કચડી નાખે તેવી શકિતને તમારે વચ્ચે લઈ આવવાની નથી—આ વસ્તુ મને બહુ સારી રીતે સમજાઈ ગઈ છે. પરંતુ પેલી ચેતનામાં પણ એક મૂર્ખના જેવું જિદ્દીપણું રહેલું છે. દાખલા તરીકે, એક વેદના થઈ રહી હોય, ખૂબ તીવ્ર રીતે અને તમને લાગે કે એ હવે અસહ્ય બની જશે ત્યારે કેટલી બધી વાર એવું બને છે કે (કોષોની ભીતરમાં) પુકારની એક નાનકડી આંતરિક ક્રિયા બને છે—કોષો પોતાનો એસ. ઓ. એસ. (આફતનો સંદેશ) મોકલે છે—દરેક વસ્તુ બંધ થઈ જાય છે અને ઘણી વાર (હમણાં તો વધુ ને વધુ વાર) એ વેદનાને બદલે એક આનંદમય આરોગ્યની લાગણી આવીને ઊભી રહે છે. પરંતુ આ મૂર્ખ એવી સ્થૂલ ચેતના સૌથી પહેલો પ્રત્યાઘાત એવો આપે છે કે, 'આહ! અમે જોઈ લઈશું કે આ કયાં લગી ટકે છે,' અને કુદરતી રીતે જ, આ ક્રિયા વડે તે બધું જ

તોડી પાડે છે—તમારે બધું ફરીથી શરૂ કરવાનું રહે છે.

હું માનું છું કે આ આવેલા પરિણામને જો કાયમી બનાવવું હોય તો—એ કોઈ ચમત્કાર જેવું પરિણામ નહિ કે જે આવે, આપણને દિંગ કરી નાખે અને પાછું ચાલ્યું જાય—પણ એ સાચેસાચ એક રૂપાંતર રૂપી પરિણામ બનવું જોઈએ. આપણે બહુ જ, બહુ જ ધીરજ રાખવાની છે. આપણે એક એવી ચેતના સાથે કામ લેવાનું છે કે જે ખૂબ જ ધીમી છે, ખૂબ જ ભારે, ખૂબ જ જિદ્દી છે. એ બહુ વેગપૂર્વક આગળ વધી શકતી નથી, એ એની પાસે જે કંઈ છે, એને જે વસ્તુ સત્ય તરીકે દેખાય છે તેને તે વળગી રહેતી હોય છે; એ સાવ નાનકડું સત્ય હોય તોપણ તેને તે વળગી રહે છે અને ગતિ કરવા માગતી નથી. તો એ વસ્તુને મટાડવા માટે તમારી પાસે ખૂબ ધીરજ, ખૂબ ધીરજ હોવી જોઈએ.

આખી વસ્તુ માત્ર એક જ છે—પકડી રહો, સહન કરી લો.

શ્રી અરવિંદે એ વસ્તુ અનેક વાર અનેક રીતે કહી છે: **'સહન કરી લો અને તમે જીતશો... વેઠી લો—વેઠી લો અને તમે હરાવી શકશો.'**

જે વધુમાં વધુ સહનશકિત ધરાવે છે તેને વિજય મળે છે.

અને પછી, આ જે અહીં પુદ્ગલો છે (માતાજી પોતાનું શરીર બતાવે છે) તેમને માટે મને આ જ પાઠ લાગે છે—શરીરો મને માત્ર પુદ્ગલો જેવાં, પરમાણુઓના પુંજ જેવાં જ લાગે છે અને જ્યાં સુધી એમને ભેગા બાંધી રાખવાની ઇચ્છા, કોઈ ને કોઈ કારણસર, પાછળના ભાગમાં હોય છે ત્યાં સુધી એ ભેગા વળગી રહે છે. આ દિવસોમાં, ગઈ કાલે કે પરમ દિવસે, આ રીતની અનુભૂતિ થઈ હતી: એક રીતની ચેતના (હું હંમેશાં શારીરિક ચેતનાની વાત કરું છું, ઊર્ધ્વ ચેતનાની લેશ પણ નહિ) પૂરેપૂરી વિકેન્દ્રિત બની ગઈ હતી, એક વિકેન્દ્રિત બનેલી ચેતના અહીં, તહીં, આ શરીરમાં,

પેલા શરીરમાં (લોકો જેને 'આ માણસ' કે 'પેલો માણસ' કહે છે તેમાં, પણ આ વિચાર હવે બહુ ટકી રહેલો નથી); એ પછી આ કોષો અંગે વિશ્વરૂપ ચેતનામાંથી એક રીતની અંત:પ્રક્ષેપની ક્રિયા બની, જાણે કે એ ચેતના આ કોષોને પૂછતી હતી કે તમે શા માટે પેલા સંયોજનને, અથવા આપણે જો એમ કહી શકીએ તો, એ પુદ્ગલને ટકાવી રાખવા માગતા હતા. ખરેખર એ કોષોને એ વસ્તુ સમજાવવામાં અથવા તો અનુભવવા દેવામાં આવી હતી કે અનેક વરસો લગી આમ બંધાયેલા રહેવાથી આ રીતની મુશ્કેલીઓ થશે, શરીરમાં ઘસારો આવશે, બાહ્ય મુશ્કેલીઓ ઊભી થશે, ટૂંકામાં શરીરના ઘર્ષણ અને વપરાશને લીધે આ પ્રમાણેની બધી વિકૃતિ થશે—પણ એ વસ્તુ કોષોને જરા પણ મહત્ત્વની ન હતી. એમના તરફથી જે જવાબ આવ્યો તે જરા રસ પડે તેવો હતો, એટલે કે એમણે એમ કહ્યું કે તેઓ પોતે ઊર્ધ્વ શકિત સાથે સભાન રીતે સંપર્કમાં રહેવાની શકિત ધરાવે છે એ જ એમને માટે મહત્ત્વની વસ્તુ છે, એ સિવાય બીજી કશી વસ્તુનું તેમને મહત્ત્વ છે નહિ. એમને દિવ્ય શકિત સાથે, સંવાદિતાની શકિત સાથે, સત્યની શકિત સાથે, પ્રેમની શકિત સાથે આ રીતનો સંપર્ક મળે એ માટેની એ એક અભીપ્સાના જેવું (કુદરતી રીતે જ, શબ્દોમાં ગોઠવેલી તો નહિ,) અંગ્રેજીમાં જેને yearning (ઝંખના), longing (લગન) કહે છે તેના જેવું હતું. અને એટલા માટે તે આ વર્તમાન સંયોજનનું મહત્ત્વ બરાબર સમજે છે.

આ એક તદ્દન નવો જ દૃષ્ટિકોણ છે.

હું આ વસ્તુને મનના શબ્દો વડે વ્યકત કરું છું, કેમકે બીજો કોઈ રસ્તો નથી, પણ આ વસ્તુ બીજી કોઈ રીતે નહિ, પણ સંવેદનના પ્રદેશમાં બનતી હતી. અને એ બહુ જ સ્પષ્ટ હતી—અતિશય સ્પષ્ટ અને ખૂબ જ સતત રીતે ચાલુ રહેલી, એમાં કશા ફેરફારો થતા નહોતા. એ ક્ષણે પછી, વિશ્વરૂપ

ચેતના વચ્ચે આવીને કહેવા લાગી, 'જુઓ પેલાં વિઘ્નો', અને આ વિઘ્નો સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યાં (મનમાં એક રીતનો નિરાશા ભાવ,—અને આ મન તે એક આકાર વિનાનું કે જે હજી જન્મવાની અને પોતાની જાતને કોષોની અંદર વ્યવસ્થિત કરવાની તૈયારીમાં છે), પણ કોષોને પોતાને આ બધાની કશી પરવા નહોતી. એમને એ વસ્તુ એક રીતના રોગ જેવી લાગતી હતી (એ માટેનો શબ્દ તો 'વિકૃતિ' છે, પરંતુ કોષોને એમ લાગતું હતું કે આમાં જાણે કોઈ અકસ્માત બનશે, અથવા કોઈ અનિવાર્ય જેવી માંદગી આવશે, અથવા એ કોઈક એવી વસ્તુ હશે કે જે તેમના વિકાસક્રમના એક સ્વાભાવિક ભાગ રૂપે નહિ હોય અને જે તેમના ઉપર લદાયેલી હશે). એ ક્ષણે પછી આ વસ્તુઓ (આ સ્થૂલ મન) ઉપર કામ કરવાને માટે એક રીતની 'નિમ્ન' શકિતનો જન્મ થયો; એમાંથી પછી કોષોને સ્થૂલ મનમાંથી પોતાને અલગ કરી લેવાની અને તેનો ત્યાગ કરી દેવાની એક સ્થૂલ શકિત મળી આવી. એ થયા પછી હું જેને વિષે હમણાં જ કહી ગઈ તે આ ફેરફાર બની આવ્યો, એમાં આખીયે પરિસ્થિતિમાં પલટો થઈ ગયો, જાણે કે સાચેસાચ કોઈ નિશ્ચયાત્મક વસ્તુ બની આવી હતી. હવે એક વિશ્વાસ ભરેલો આનંદ બની રહ્યો: 'આહ! અમે આ ઓથારમાંથી છૂટયા છીએ'.

એ જ વખતે, એક રાહત—એક શારીરિક રાહત મળી આવી, જાણે કે હવે શ્વાસ લેવાનું કામ વધારે સહેલું બન્યું હતું—હા, જાણે કે આપણે એક કોચલામાં પુરાઈ રહ્યા હોઈએ—એક ગૂંગળાવી નાખતા કોચલામાં— અને પેલું... ગમે તેમ, પણ અંદરની બાજુએ એક ખુલ્લી જગા કરી આપવામાં આવી હતી. અને તમે શ્વાસ લેવા લાગો છો. આથી વધારે કંઈ હતું કે નહિ તેની મને ખબર નથી, પણ એ જાણે કે એક ખુલ્લી જગાં કરવામાં આવી હોય, એક ચીરો પાડી આપવામાં આવ્યો હોય તેના જેવું હતું અને તમે શ્વાસ લેવા લાગો છો.

અને આ એક સંપૂર્ણ રીતે સ્થૂલમાં બનેલી, કોષોમાં બનેલી ક્રિયા હતી.

પણ તમે જ્યારે એ પ્રદેશમાં, કોષોના પ્રદેશમાં, નીચે ઊતરો છો, ત્યારે કોષોનું જે બંધારણ છે તે પણ જાણે ઓછા ભારવાળું હોય તેમ લાગે છે. જડતત્ત્વનું આ રીતનું જે ભારેખમપણું છે તે અદૃશ્ય થઈ જાય છે—જડતત્ત્વ વળી પાછું પ્રવાહી થવા લાગે છે, રણઝણતું થવા લાગે છે. એમાંથી એ વસ્તુ સાબિત થઈ શકે કે ભારેપણું, જાડાઈ, જડતા, સ્થિરતા એ વસ્તુ **ઉમેરવામાં** આવેલી છે, જડતત્ત્વનો એ મૂળ ગુણ નથી . . . આ ખોટું જડતત્ત્વ છે, આપણે જેનો વિચાર કરીએ છીએ તથા જેને અનુભવીએ છીએ તે જડતત્ત્વ; પણ જડતત્ત્વ પોતે જેવું છે તે આ રીતનું નથી. આ વસ્તુ સ્પષ્ટ રીતે અનુભવાઈ હતી.

(મૌન)

તો આમાં આપણે સારામાં સારું તો એ જ કરી શકીએ કે આપણે કોઈ પણ પક્ષ ન લઈએ, પહેલેથી ગોઠવેલા વિચારો કે સિદ્ધાંતો ન રાખીએ— અને ઓ! એ નીતિના નિયમો, આચારના ગોઠવેલા નિયમો, માણસે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, અને નૈતિક દૃષ્ટિબિંદુમાંથી, પ્રગતિના દૃષ્ટિબિંદુમાંથી તેમ જ બધી સામાજિક અને માનસિક રૂઢિઓ . . એ બધાંના કરતાં વધુ ખરાબ વિઘ્ન બીજું કોઈ જ નથી. એવા માણસો છે, હું એવા માણસોને ઓળખું છું કે જેમણે આવી કોઈ એક જ માનસિક રચનામાંથી બહાર નીકળવામાં કેટલાય દસકા ગુમાવ્યા છે! . . . આપણે જો આવા થઈ શકીએ, ખુલ્લા—સરળ ભાવે સાચેસાચ ખુલ્લા, એવી સરળતા કે જે પોતે અજ્ઞાન છે એમ જાણતી હોય છે—આની માફક (આત્મ-સમર્પણને ઉપરની દિશા તરફ બતાવવાની ક્રિયા), જે કાંઈ આવે તેને સ્વીકારવા માટે તૈયાર. તો પછી કાંઈક બની શકે છે.

અને સ્વાભાવિક રીતે જ, આપણામાં જો પ્રગતિ માટેની તરસ હોય, જ્ઞાન માટેની તરસ હોય, રૂપાંતર માટેની તરસ હોય અને, સૌથી વિશેષ તો, પ્રેમ અને સત્ય માટેની તરસ હોય તો, આ બધું જો ટકાવી શકાય તો, આપણી ગતિ વધારે ઝડપથી થાય છે. સાચેસાચ એક તરસ, એક ભૂખ, એક ભૂખ.

એ સિવાયની બીજી તમામ વસ્તુઓને કશું મહત્ત્વ નથી, આપણે એ જ વસ્તુની જરૂર છે.

આપણે અમુક વસ્તુ જાણીએ છીએ એમ માનતા હોઈએ તેને વળગી રહેવું, આપણે અનુભવતા હોઈએ તેને વળગી રહેવું, આપણે ચાહતા હોઈએ તેને વળગી રહેવું, પોતાની ટેવોને વળગી રહેવું, આપણી કહેવાતી જરૂરિયાતોને વળગી રહેવું, આ જેવા છે તેવા જગતને વળગી રહેવું, આ બધું તમને બાંધી રાખે છે. એ બધું તમારે એક પછી એક છોડી નાખવાનું છે. બધી ગાંઠો છોડી નાખો... અને આ વસ્તુ હજારો વાર કહેવાઈ છે અને લોકો એની એ જ વસ્તુ કરવાનું ચાલુ રાખે છે.. જે લોકો ખૂબ જ છટાદાર વકતા હોય છે અને આ વસ્તુનો બીજાઓને ઉપદેશ કરતા હોય છે તેઓ પણ ખરેખર વ-ળ-ગી રહેતા હોય છે. એ લોકો પોતાની જોવાની રીતને વળગી રહેતા હોય છે, પોતાની લાગણી અનુભવવાની રીતને, પ્રગતિ કરવાની પોતાની ટેવને વળગી રહેતા હોય છે, એમને માટે તો એ જ માત્ર એક રીત હોય છે.

બંધનમાં નહિ—મુકત, મુકત, મુકત. હરેક ચીજને બદલી નાખવા માટે હંમેશાં તૈયાર, માત્ર એક જ વસ્તુ નહિ બદલવાની : અભીપ્સાને, આ તરસને.

હું એ વાત સારી રીતે સમજી શકું છું, કેટલાક લોકોને 'ભગવાન'નો વિચાર ગમતો નથી હોતો, કેમકે, એ વિચાર તરત જ યુરોપમાં અથવા તો

પશ્ચિમમાં ભગવાન વિષેના જે બધા ખ્યાલો છે (અને એ તો બધા ભયંકર છે) તેની સાથે ભળી જતો હોય છે, અને એમાંથી પછી તેમના જીવનમાં કાંઈક ગૂંચવણ ઊભી થાય છે—પણ તમારે એ વસ્તુની જરૂર નથી! આપણે તો પેલી 'કોઈક' વસ્તુની જરૂર છે, પ્રકાશની જરૂર છે, પ્રેમની જરૂર છે, સત્યની જરૂર છે, પરમ પૂર્ણતાની જરૂર છે—અને એમાં બધું આવી જાય છે. સૂત્રો—જેટલાં ઓછાં સૂત્રો હોય તેટલું વધુ સારું. પણ પેલી વસ્તુ, એક ભૂખ, એને તો માત્ર પેલી વસ્તુ જ સંતોષી શકે તેમ હોય છે—બીજું કાંઈ જ નહિ, કશું અર્ધું-પર્ધું પગલું નહિ, માત્ર એ જ. અને પછી, ચાલતા થાઓ! ...તમારો રસ્તો તે તમારો જ હશે, એનું કાંઈ મહત્ત્વ નથી—એ રસ્તો ગમે તે હોય, રસ્તાનું કાંઈ મહત્ત્વ નથી, આજનો અમેરિકન યુવાન જે ઉડાઉગીરીને માર્ગે જઈ રહ્યો છે તે પણ એક રસ્તો બની શકે છે, આને કાંઈ મહત્ત્વ નથી.

શ્રી અરવિંદ કહે છે તે મુજબ :

'તમે જો પ્રભુને તમારા ઉપર પ્રેમ કરતા ન કરી શકો, તો તેમને તમે તમારી જોડે લડતા કરો.

'એ જો તમને પ્રેમીનું આલિંગન ન આપે તો તમે તેમને એવી ફરજ પાડો કે એ તમને કુસ્તીબાજનું આલિંગન આપે.'* (...કેમકે એ જરૂર જીતવાના છે.)

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૬૫)

* 'થૉટ્સ ઍન્ડ ઍફોરિઝમ્સ'

# ૨

# શરીરમાં સિદ્ધિ

૧૨ મી જાન્યુઆરી ૧૯૬૫

...આખીયે વસ્તુ માત્ર એક જ છે—અવિચલ રહો. અને અવિચલ રહેવા માટે, મને માત્ર એક જ માર્ગ જડયો છે, અને એ છે સ્વસ્થતા, આ આંતરિક સ્વસ્થતા—અને એ સ્વસ્થતા વધુ ને વધુ ... સંપૂર્ણ થવી જોઈએ, કેવી રીતે કહેવું?...સંગ્રામ જેમ વધુ ને વધુ સ્થૂલ રૂપ લેતો જાય તેમ તેમ તે સંપૂર્ણ બનવી જોઈએ.

છેલ્લા થોડા વખતથી (ખાસ કરીને તો ૧ લી જાન્યુઆરીથી) વિરોધી શકિતઓનો એક રીતનો તોપમારો ચાલી રહ્યો છે—એ ઝનૂનમાં આવી ગઈ છે, જાણે કે. એવે વખતે તમને આની માફક અનુભવ થવો જોઈએ (માતાજી મૂર્તિની માફક સ્થિર બની જાય છે), બસ એટલું જ. અને તમે જ્યારે શારીરિક રીતે બહુ હચમચી ઊઠયા હો ત્યારે તમારે શરીર પાસેથી બહુ માગણી ન કરવી જોઈએ, એને તમારે ખૂબ પ્રમાણમાં શાંતિ આપવી જોઈએ, ખૂબ આરામ આપવો જોઈએ.

> મુશ્કેલી એ છે કે આ શરીરની સ્થિતિ મને બહુ જ પકડી રાખે છે, એ મારી ચેતનાનો ઘણો ભાગ પડાવી લે છે—દાખલા તરીકે, સ્થૂલ મન મારા પર પૂરેપૂરું સવાર થઈ જાય છે.

હા, હું એ બહુ સારી રીતે જાણું છું. પણ એ જ મુશ્કેલી હંમેશાં રહેલી છે, દરેક જણની એ મુશ્કેલી છે. એટલે જ ભૂતકાળમાં તમને એમ કહેવામાં આવતું હતું: 'નીકળી જાઓ! એને એકલું જ ભટકાવા દો—તમે બહાર નીકળી જાઓ.' પરંતુ આપણને એમ કરવાનો હક'નથી, આપણા કામથી એ ઊલટું છે. તમે જાણો છો કે, તમે શરીરની બાબતમાં એક લગભગ સંપૂર્ણ મુકિતની સ્થિતિમાં બહુ સારી રીતે પહોંચી શકો છો, એટલે સુધી કે, તમને જરા પણ કશું લાગે જ નહિ, જરા પણ લાગે નહિ. પરંતુ મને શરીરથી બહાર નીકળી જવાનો હવે હક નથી, જરા કલ્પના કરી જુઓ! મને શરીરે બહુ અસુખ હોય છે અથવા તો વસ્તુઓ તદ્દન મુશ્કેલ બની ગઈ હોય છે ત્યારે પણ, અથવા તો હું જ્યારે થોડીક શાંતિમાં હોઉં છું ત્યારે પણ, એટલે કે રાતને વખતે, અને હું મને પોતાને કહું છું : 'અરે! મારી આનંદમયતામાં ચાલ્યા જવાય તો!'—એ કરવાની રજા નથી. હું અહીંયાં બંધાયેલી છું (માતાજી પોતાના શરીરને અડે છે). જે સિદ્ધિ કરવાની છે તે અહીં, અહીં કરવાની છે.

એટલા માટે શરીર છે.

માત્ર અવારનવાર, કોઈ ચોક્કસ કાર્યને માટે, પેલી મહાશકિત કે જે પહેલાં અહીં હતી, જે સતત અનુભવાતી રહેતી હતી તે ધસી આવે છે (કોઈક વાર તે વીજળીની માફક આવી જાય છે, કોઈક વાર થોડીક મિનિટો માટે જ આવે છે), પોતાનું કામ કરી લે છે અને પછી ચાલી જાય છે. પણ આ શરીર પર તે કશું કરતી નથી, આ શરીર માટે તે કશું કરતી નથી—જે ફેરફાર થવાનો છે તે ઊર્ધ્વમાંથી થતા અનુપ્રવેશને લીધે નહિ થાય, અંદરમાંથી ફેરફાર થશે.

તમને પણ એ જ વસ્તુ થઈ રહી છે, અને જે લોકો કામ કરી રહ્યા છે તેમને પણ એ થઈ રહી છે, એ જ મુશ્કેલી છે. એટલા માટે જ હું તમને કહું છું કે, એમાં કાંઈ વાંધો નથી, તમારે જો શરીરમાં રોકાઈ રહેવું પડતું

હોય તો વાંધો નહિ; **માત્ર એનો લાભ લઈ લો**—એ રીતે શરીર સાથે જે રોકાવું પડે છે તેનો લાભ લઈ લો—એમાં શાંતિ લઈ આવો, શાંતિ અને શાંતિ. હું તમને જાણે કે હંમેશાં શાંતિના એક કોશેટાની અંદર લપેટી રહી છું. અને પછી, તમે જો આ મનની અંદર, આ જે મન આખોય વખત રણઝણ્યા કરતું હોય છે, હાલ્યા ચાલ્યા કરતું હોય છે, ખરેખર માંકડાની માફક—તેમાં તમે જો બરાબર મૂકી શકો... આ શાંતિને, કે જે સ્થૂલ તત્ત્વના આંદોલનમાં સીધેસીધી કામ કરતી હોય છે—એ શાંતિમાં હરેક ચીજ આરામ અનુભવતી હોય છે.

વિચાર ના કરશો—સ્થૂલ મનનું રૂપાંતર કરવાનો કે તેને શાંત પાડવાનો કે તેનો નાશ કરી દેવાનો પ્રયત્ન કરવા માટેનો વિચાર ના કરશો; એ બધું પણ હજી પ્રવૃત્તિ જ છે. એને માત્ર, ચાલ્યા કરવા દો, પણ એમાં શાંતિને મૂકો, શાંતિનો અનુભવ કરો, શાંતિને જીવી રહો, શાંતિને જાણો—શાંતિ, શાંતિ. એ જ એક વસ્તુ છે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૬૫)

## ૩

૨૪ મી માર્ચ, ૧૯૬૫

### એક સ્વપ્ન

एस. ને જરા ખરાબ સ્વપ્નું [આવેલું. એ એક એવા ઘરમાં ગઈ કે જેના ઉપર ચોકી રાખવાની જરૂર હતી, પણ ત્યાં કોઈ ચોકી કરતું ન હતું, તેમાં શત્રુઓ દાખલ થઈ ગયા હતા. एस. એ ઘરમાં ગઈ, તેમાં તેણે એક ઓરડો જોયો અને એ ઓરડામાં શ્રી અરવિંદ હતા, અને તેમના પગમાં એક ઘા થયો હતો. તેઓ ઊંકારા કરતા હતા. તેમને શત્રુઓએ ઘાયલ કર્યા હતા, કે જેમને ઘરમાં દાખલ થઈ જવા દેવામાં આવ્યા હતા. શ્રી અરવિંદને ઘાયલ થયેલા જોઈને તે દોડવા લાગી, તે આપને શોધવા માટે દોડતી હતી.

એ કદાચ ફેબ્રુઆરીની ૧૧ મીએ* જે બન્યું તેની જ એક છાયા છે.

પગ એટલે કાંઈક શારીરિક.

હું માનું છું કે એ આ વસ્તુ છે, જે બનેલું તેની સંકેત રૂપ આકૃતિ છે.

* એ દિવસે હુમલાખોરોએ આશ્રમ ઉપર હુમલો કર્યો હતો. કેટલાંક ઘરો લૂંટવામાં અને બાળવામાં આવ્યાં હતાં.

આ કોઈ બનવાની વસ્તુ તો નથી ને ?

ભણકારા ? ના.

પગનો અર્થ છે શ્રી અરવિંદનું સ્થૂલ કાર્ય, અમુક લોકો દ્વારા અથવા તો આશ્રમ દ્વારા કે મારી દ્વારા.

આ કાંઈ ગંભીર છે એમ હું નથી ધારતી. જે બની ગયું છે તેની એ આકૃતિ છે. અને એ કોઈક ઠેકાણે નોંધાઈ ગયેલું હતું.

(મૌન)

નવો વિકાસ : આંદોલનો રૂપી અનુભવો

આ એક ઘણો વિચિત્ર રીતનો વિકાસ થઈ રહ્યો છે. છેલ્લા થોડાએક વખતથી, હું જ્યારે કંઈ સાંભળું છું અથવા તો મને કોઈ વસ્તુ વાંચી સંભળાવવામાં આવે છે ત્યારે અથવા તો હું સંગીત સાંભળતી હોઉં કે કોઈ મને કોઈ હકીકતનું વર્ણન કરી સંભળાવતું હોય ત્યારે, એક વધુ ને વધુ ચોક્કસ રૂપમાં, મને તરત જ સંવેદન થાય છે. એ પ્રવૃત્તિનું મૂળ, જે ભૂમિકા ઉપર તે બની રહી હોય છે તે અથવા તો પ્રેરણાનું મૂળ આપોઆપ કોઈ એક કેન્દ્ર ઉપર થતા આંદોલનનું રૂપ લઈ લે છે. અને પછી એ આંદોલનના ગુણ પ્રમાણે એ વસ્તુ કાં તો રચનાત્મક હોય છે કે નકારાત્મક હોય છે. અને પછી એ વસ્તુ, ભલે તે ગમે તેટલી નાની હોય તોપણ, જ્યારે અમુક ક્ષણે, સત્યના કોઈ પ્રદેશને જઈને અડે છે, ત્યારે... કેવી રીતે કહું, એક તણખો, જાણે કે આનંદનું એક આંદોલન જન્મે છે. અને વિચાર તો પૂરેપૂરો મૂંગો બની ગયો હોય છે, સ્થિર બની ગયો હોય છે, કાંઈ જ હોતું નથી—કાંઈ જ (માતાજી સંપૂર્ણ આત્મ-સમર્પણની ક્રિયા બતાવતાં પોતાના હાથ ઊંચા ઉઠાવે છે). પરંતુ એ દર્શન વધુ ને વધુ ચોક્કસ બનતું જાય છે.

અને આ રીતે મને જ્ઞાન થાય છે—હું જાણું છું કે એ પ્રેરણા ક્યાંથી આવે છે, એ કાર્ય ક્યાં આવી રહેલું છે અને એ વસ્તુનો ગુણ શો છે.

અને એમાં એક ચોક્કસતા હોય છે, ઓહ, બહુ જ બારીકતા સુધીની, વિગતવાર. આનો અનુભવ મને સ્પષ્ટ રીતે હું જ્યારે 'ધ આવર ઑવ ગૉડ' (પ્રભુની પળ) માટે રચાયેલું સંગીત સાંભળતી હતી ત્યારે થઈ આવેલો. એ પહેલો પ્રસંગ હતો અને તે વખતે મને ખબર ન હતી કે એ તો એક સરસ રીતે ગોઠવાયેલી વસ્તુ હતી, એક રીતની વ્યવસ્થિત કરાયેલી અનુભૂતિ હતી. પણ હવે, તે પછી આટલા બધા મહિના બાદ, એ વસ્તુ રીતસરની બની ગઈ છે અને મારે માટે તો એ પૂરેપૂરું પાકું સૂચન બની રહે છે. એ કોઈ સક્રિય વિચાર કે કોઈ સક્રિય સંકલ્પ જેવી વસ્તુ હોતી નથી—હું જાણે કે આંદોલનો નોંધવા માટેનું એક અત્યંત નાજુક યંત્ર બની રહું છું. એ રીતે મને જ્ઞાન થાય છે કે વસ્તુઓ ક્યાંથી આવે છે. એમાં કોઈ વિચાર નથી હોતો. પેલા સ્વપ્નનું આંદોલન આ રીતે મારી પાસે આવેલું (માતાજી નીચેની બાજુએ, પગની નીચે બતાવે છે), એ અવચેતનના પ્રદેશમાં હતું. એટલે મેં જાણ્યું કે એ નોંધ લેવાની ક્રિયા બનતી હતી.

પેલે દિવસે ज्ञ... પોતાનો લેખ મને વાંચી સંભળાવતો હતો, એ વખતે આ ભાગ (અર્ધી ઊંચાઈ આસપાસ એક ઝાંખો ઈશારો) તટસ્થ હતો, આખોયે વખત તટસ્થ હતો. પછી એકાએક, આનંદનો એક તણખો આવ્યો. એને લીધે પછી મને એમાં રસ પડયો. અને હમણાં આ ક્ષણે, તમે य.નું આ લખાણ વાંચ્યું ત્યારે પ્રકાશનું એક કિરણ પ્રગટયું હતું (ગળાની ઊંચાઈ જેટલો ભાગ બતાવે છે), અને પછી મને સમજણ પડી. એ પ્રકાશનું એક ખુશનુમા કિરણ હતું—આનંદ નહિ, પણ એક ખુશનુમા પ્રકાશ, એટલે મેં જાણ્યું કે એમાં કાંઈક છે.

અને એમાં કક્ષાઓ હોય છે, ખરેખર, ગુણવત્તાઓની લગભગ અનંતતા હોય છે.

વસ્તુઓની સ્થિતિ શોધી લેવા માટેની આ પદ્ધતિ મને આપવામાં આવી છે.

અને એ વિચારની બહારની વસ્તુ છે, સાવ વિચારની બહારની. દાખલા તરીકે, તમે મને એ સ્વપ્ન વિષે પ્રશ્ન કર્યો ત્યારે જ માત્ર મેં કહ્યું કે, 'તર્કની રીતે જોતાં, આ આંદોલન ત્યાં આગળનું છે (નીચેની દિશાએ સૂચન) એટલે એ સ્મૃતિ હોવું જોઈએ'. અને એ એક રીતની નિશ્ચિતતાપૂર્વક કહેવાયું હતું, કારણ કે ... કારણ કે જે દર્શન થયેલું તે તદ્દન અવૈયકિતક હતું.

આ એક ઘણું જ નાજુકતાવાળું યંત્ર છે અને એની ગ્રહણશકિતનું ક્ષેત્ર (કક્ષાઓ બતાવતું સૂચન) લગભગ અનંત સુધીનું છે.

હવે લોકોને ઓળખવાની મારી રીત પણ એવી જ બની છે. પણ ઘણા વખતથી એમ બનતું આવ્યું છે કે, દાખલા તરીકે, હું જયારે કોઈ ફોટોગ્રાફ જોઉં છું ત્યારે ત્યારે તે વિચારમાંથી જરા પણ પસાર થતો નથી, એમાં અનુમાનો કે સહજ સ્ફુરણો જેવું કશું બનતું નથી—એ ફોટોગ્રાફ કોઈ બીજી જગાએ આંદોલન ઊભું કરે છે. અને પછી એમાં રમૂજી વસ્તુઓ પણ બને છે. તે દિવસે મને કોઈએક જણનો ફોટોગ્રાફ આપવામાં આવ્યો હતો. એમાં હવે જે સ્થાન ઉપર સ્પર્શ થતો હોય છે, પ્રત્યુત્તર રૂપે જે આંદોલન ઊભું થતું હોય છે તેને લીધે મને બરાબર સંવેદન થાય છે, મને ખબર પડે છે કે આ માણસને વિચારો સાથે કામ લેવાનો અભ્યાસ છે, કોઈ શીખવવાનું કામ કરતા માણસના જેવી એનામાં નિશ્ચિતતા છે. પછી વસ્તુસ્થિતિ શી છે તે જોવા હું પ્રશ્ન કરું છું, 'આ માણસ શું કરે છે?' મને કહેવામાં આવે છે કે એ વેપાર કરે છે. પછી હું કહું છું, 'પણ એ વેપાર માટેનો માણસ નથી, એમાં એ કશું સમજતો નથી'. અને પછી ત્રણ મિનિટ બાદ

મને કહેવામાં આવે છે: 'આહ, માફ કરજો, એ માણસ પ્રોફેસર છે!' (માતાજી હસે છે.) એવી વસ્તુ છે.

એ આમ સતત બનતું રહે છે, સતત.

અને જગતનું મૂલ્યાંકન, જગતનાં આંદોલનો.

એટલા માટે તો મેં તમને હમણાં તમારા હાથ મને આપવાનું કહેલું— શા માટે? આંદોલનો જોવા માટે. અને, એમાં પછી મને અંગ્રેજીમાં જેને 'એક રીતની મંદતા— a sort of dullness' કહે છે તેનો અનુભવ થયો. મેં મનમાં કહ્યું : એને બરાબર નથી.

અને કશો વિચાર નહિ, કશો જ નહિ, માત્ર આમ (માતાજી ઊર્ધ્વની બાજુએ સ્વ-અર્પણ કરતાં હોય તેવી સ્થિતિમાં સ્થિર રહે છે).

તો પછી કઈ વસ્તુ બરાબર નથી? (માતાજી હસે છે) હા, એ પેલી વસ્તુ છે, એક જાતની 'મંદતા' છે.

મંદતા : શરીરનો બોજ

> હા, હું જડતત્ત્વમાં ખૂબ જ ડૂબી ગયો છું.

એમ જ છે.

> અને એમાં કશી મજા હોતી નથી.

ના, પણ તમે એમાંથી બહાર નીકળી શકતા નથી?

> હું હેરાન થાઉં છું. અને મારું શરીર પણ મને મદદ નથી કરતું.

આહ, નહિ જ, શરીર કદી મદદ નથી કરતું. એની મને હવે ખાતરી થઈ ગઈ છે. તમે અમુક હદ સુધી તમારા શરીરને મદદ કરી શકો છો

(બહુ તો નહિ, છતાં અમુક હદ સુધી), તમારા શરીરને મદદ કરી શકો છો. પણ શરીર તમને મદદ નથી કરતું. એનું આંદોલન જમીન પરનું હોય છે.

હા, એ ભારે હોય છે.

વિના અપવાદે. વિના અપવાદે એ નીચે લઈ જનારું હોય છે, અને સૌથી વિશેષ તો એ એવું જ હોય છે; એ કંઈક એવું છે કે જે તમને મંદ, મંદ બનાવી દે છે—એ રણઝણતું હોતું નથી.

એ ભારે હોય છે.

શ્રી અરવિંદના માર્ગદર્શક ઉદ્દગારો

પણ હું આ જે સાધના કરી રહી છું તે વડે આપણે અમુક માર્ગદર્શક તંતુઓને અનુસરી શકીએ છીએ. મારી પાસે શ્રી અરવિંદના અમુક શબ્દો છે . . . બીજી સાધનાઓ માટે તો મને અભ્યાસ હતો : એ જે કાંઈ કહેતા તે સ્પષ્ટ રહેતું હતું, એમાંથી રસ્તો મળી રહેતો હતો, આપણે શોધ કરવી પડતી ન હતી. પરંતુ આ વિષયમાં એમણે એ વસ્તુ કરી નથી, એમણે વખતે વખતે માત્ર અમુક કહ્યું છે અથવા તો ઉદ્દગારો કરેલા છે અને એ ઉદ્દગારો મને ઉપયોગના બની રહ્યા છે (વળી રાતને વખતે પણ મારે એમને મળવાનું થાય છે, પરંતુ એના ઉપર હું બહુ આધાર રાખવા માગતી નથી, કેમકે . . . એમાં પછી તમે એ સંપર્ક મેળવવા બહુ આતુર બની જાઓ છો અને એથી બધું જ બગડી જાય છે). એવા થોડાક ઉદ્દગારો મેં સ્મરણમાં રાખેલા છે અને એ, હા, માર્ગદર્શક તંતુઓ જેવા છે ખરા; દાખલા તરીકે : 'સહી લો, સહી લો.'

ધારો કે તમને ક્યાંક દરદ થાય છે. એવે સમયે આપણને (શરીરને, કોષોને) સહજ રીતે એમાંથી પાછા હઠી જવાનું મન થાય છે અને તેને બહાર ફેંકી દેવાનો પ્રયત્ન કરીએ છીએ—એ સૌથી ખરાબ વસ્તુ છે, એથી અનિવાર્ય રીતે દરદ વધે છે. એટલે, શરીરને પહેલી વસ્તુ તે શાંત રહેવું, કશો

પ્રત્યાઘાત ન આપવો એ શીખવવાનું રહે છે; સૌથી વિશેષ તો કશો છટપટાટ ન કરવો જોઈએ, દરદને ફેંકી દેવાની ક્રિયા પણ ન કરવી જોઈએ—એક સંપૂર્ણ સ્થિરતા. એ છે શરીરની સમતા.

સંપૂર્ણ સ્થિરતા.

### આંતર અભીપ્સા, સમર્પણ, કોષોનો સાક્ષાત્કાર, આરોહણ, અવતરણ, આરામની ઈચ્છાનો ત્યાગ

આ સંપૂર્ણ સ્થિરતા પછી આવે છે આંતર અભીપ્સાની ક્રિયા, (હું હંમેશાં કોષોની અભીપ્સાની વાત કરું છું—જે વસ્તુ માટે કોઈ શબ્દો નથી તે માટે શબ્દો વાપરું છું, પણ એ સિવાય વાત કરવાનો બીજો કોઈ રસ્તો નથી), સમર્પણ, એટલે કે, પરમાત્માની ઈચ્છાનો (કે જેને આપણે જાણતા નથી) આપોઆપ અને પૂરેપૂરો સ્વીકાર. પ્રભુની આ જે પૂર્ણ-ઈચ્છા છે તે વસ્તુઓને આ બાજુ મોકલવા માગે છે કે પેલી બાજુ, એટલે કે, અમુક તત્ત્વોના વિસર્જન તરફ કે પછી...? અને એમાં પણ અનેક છાયાઓ હોય છે: બે ઊંચાઈઓ વચ્ચે થઈને જતો એક માર્ગ હોય છે (હું કોષોના સાક્ષાત્કારની વાત કરું છું, એ ભૂલશો નહિ), એટલે કે આપણામાં એક આંતરિક સ્વસ્થતા હોય છે, ક્રિયાની સ્વસ્થતા હોય છે, જીવનની સ્વસ્થતા હોય છે અને એ વાત આપણે સમજી લેવાની હોય છે કે આપણે એક ક્રિયામાંથી તેનાથી વધુ ઊંચી ક્રિયામાં પહોંચતા હોઈએ છીએ ત્યારે હંમેશાં એક અવતરણ થતું હોય છે અને પછી એક આરોહણ થતું હોય છે—એ એક સંક્રાંતિ હોય છે. એટલે પછી તમે જે આઘાત અનુભવ્યો હોય છે તે તમે ફરીથી ઉપર આવો તેટલા માટે તમને નીચે ધકેલી દેતો હોય છે કે પછી જે જૂની ક્રિયાઓને તજી દેવાની હોય છે તેને તજી દેવા માટે તમને નીચે ધકેલતો હોય છે? કેમકે કોષોને પણ અમુક રીતના અભ્યાસો પડેલા હોય છે અને બીજી રીતના અભ્યાસો માટે એ અભ્યાસોએ

ચાલ્યા જવાનું હોય છે. અમુક ક્રિયાઓ એવી હોય છે કે જે એક વધુ ઊંચી સંવાદિતતા અને સંગઠન સાધીને ફરીથી ઊંચે ચડવા જતી હોય છે. આ બીજો મુદ્દો છે. અને એમાં આપણે કઈ વસ્તુ બનવી જોઈએ એનો આગળથી કાંઈ વિચાર બાંધ્યા વિના જ રાહ જોવી જોઈએ અને જોતા રહેવું જોઈએ. સૌથી વિશેષ તો, આપણામાં આરામમાં રહેવું, શાંતિમાં રહેવું એવી એવી જે ઈચ્છા હોય છે તે બંધ થવી જોઈએ, પૂરેપૂરી ચાલી જવી જોઈએ. આપણામાં કોઈ પણ રીતનો પ્રત્યાઘાત ન થવો જોઈએ, આમ સ્થિર થઈ જવું જોઈએ (ખુલ્લી હથેળીઓ કરીને ઉપરની બાજુએ સમર્પણની ક્રિયા). અને પછી, આપણે જ્યારે એ પ્રમાણે બની રહીએ છીએ ('આપણે' એટલે કે કોષો), ત્યારે થોડા વખત પછી એ ક્રિયા કઈ કક્ષાની છે તેનું દર્શન થાય છે અને એ પ્રમાણે માત્ર આપણે કરવાનું રહે છે, એ વસ્તુ તદ્દન ચાલી જવી જોઈએ અને તેને બદલે બીજી (કે જેનું જ્ઞાન તે ક્ષણે હોતું નથી) આવવી જોઈએ એ રીતની સ્થિતિ છે કે પછી એ વસ્તુને રૂપાંતર કરી લેવાની છે તેવી સ્થિતિ છે તેની આપણને ખબર પડે છે.

અને એ પ્રમાણે. બધો જ વખત એ પ્રમાણેની સ્થિતિ હોય છે.

### શારીરિક યોગ : વિચાર સ્થિર, માત્ર આંદોલનો

આ બધું તમને એ કહેવા માટે છે કે એમાં વિચાર સંપૂર્ણ રીતે સ્થિર થઈ જતો હોય છે, બધું જ સીધેસીધું બનતું હોય છે; એ આંદોલનનો પ્રશ્ન હોય છે. તો, માત્ર આ રીતે જ આપણે જાણી શકીએ છીએ કે આપણે શું કરવાનું છે. એ વસ્તુ જો મનમાં થઈને પસાર થાય છે, ખાસ કરીને સ્થૂલ રીતે વિચાર કરતા મનમાં થઈને, તો તમને કશી જ ખબર પડતી નથી. એ સ્થૂલ વિચારક મન મૂર્ખ હોય છે, બિલકુલ મૂર્ખ. એ જ્યાં લગી કામ કરતું હોય છે ત્યાં લગી તમારે જે નથી કરવાનું હોતું તે જ કરવા માટે તમે દોરાઈ જતા હો છો, ખાસ કરીને તો તમે ખરાબ પ્રતિક્રિયા કરતા હો

છો—એ પ્રતિક્રિયા અવ્યવસ્થા અને અંધકારનાં બળોનો સામનો કરવાને બદલે એ બળોને મદદ કરતી હોય છે. હું ચિંતાની વાત કરતી નથી, કારણ કે ઘણા ઘણા વખતથી—ઘણા લાંબા વખતથી, ઘણાં વર્ષોથી—મારા શરીરમાં ચિંતાનું તત્ત્વ રહેલું નથી—ચિંતા એ તો ઝેરનો પ્યાલો પીવા જેવું છે.

આને શારીરિક યોગ કહેવામાં આવે છે.

આપણે એ બધું જીતી લેવાનું છે. અને એ કરવાનો એકમાત્ર રસ્તો: દરેકે દરેક સેકન્ડે બધા જ કોષોએ આરાધનામાં, અભીપ્સામાં લીન રહેવું જોઈએ (ઉપરની દિશામાં સમર્પણની ક્રિયા)—આરાધના, અભીપ્સા... બીજું કાંઈ જ નહિ. પછી થોડા વખત બાદ આનંદ પણ આવે છે, અને પછી છેવટે એ એક આનંદભર્યા વિશ્વાસમાં સમાપ્ત બને છે. આ વિશ્વાસ જ્યારે સ્થપાઈ જાય છે ત્યારે બધું સારું થઈ જાય છે. પરંતુ...એ કહેવું સહેલું છે, કરવું ઘણું ઘણું મુશ્કેલ છે. માત્ર અત્યાર પૂરતી તો મને ખાતરી છે કે આ જ એકમાત્ર સાધન છે, બીજું એકે નહિ.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૬૫)

# ૪

૨૧ ઑગસ્ટ, ૧૯૬૫

## શક્તિની ફેરબદલી

૧૫ મી તારીખથી રૂપાંતર માટેની તૈયારીનું એક આખુંય કામ ચાલી રહેલું છે. એને શું નામ આપી શકાય?... શક્તિની ફેરબદલી.

કોષો, આખીયે સ્થૂલ ચેતના વ્યક્તિરૂપ આંતર ચેતનાની આજ્ઞા પ્રમાણે કામ કરવા લાગી—ઘણીખરી વાર તો ચૈત્ય પુરુષની કે મનની આજ્ઞા પ્રમાણે (પણ મન તો ઘણા વખતથી શાંત થઈ ગયું છે). પરંતુ હવે સ્થૂલ મન, પેલી બીજી વસ્તુની માફક અથવા કહો કે એ બીજાં બધાંની માફક, સ્વરૂપની સર્વ અવસ્થાઓમાં રહેતા મનની માફક, પોતાની જાતને વ્યવસ્થિત કરવામાં કામે લાગી ગયું છે.

એ જાણે કે જે સંચાલક સંકલ્પશક્તિ છે તેને તેની જગા પરથી હઠાવી લેવામાં આવી છે. અને આમાં હવે એક સ્થૂલ રીતના, શારીરિક આશ્ચર્ય જેવું કંઈક બની રહ્યું છે. એ નવા માર્ગદર્શન સાથે એકરૂપતા મેળવવાની જરૂર છે—એ જરા મુશ્કેલ છે. આ વસ્તુ સમજાવવી પણ મુશ્કેલ છે... તમને જે વસ્તુ ક્રિયામાં પ્રેરતી હતી—'ક્રિયા', એટલે કે દરેક વસ્તુ, હાલવું, ચાલવું, કંઈ પણ, એ હવે એની એ રહી નથી. જે કેન્દ્ર હતું તેનું તે જ

હવે રહ્યું નથી. અને પછી તમે જો, ટેવને લીધે, જૂના કેન્દ્રને વળગી રહેવાનો પ્રયત્ન કરો છો તો, આ, એમાંથી મોટો ગોટાળો ઊભો થઈ જાય છે અને પેલી ટેવ, જૂની ટેવ પોતાને વ્યકત ન કરી દે, પોતાનો આવિર્ભાવ ન કરે એ માટે તમારે ખૂબ જ સાવધાન રહેવાનું છે.

આ વસ્તુ કહેવી મુશ્કેલ છે. એ હજી મોટા ભાગે એક ક્રિયા તરીકે માત્ર ચાલી રહ્યું છે.

અહીં આ જે ચિત્ત છે, આ મગજમાં, એને પોતાની જાતને અનુકૂળ બનાવવામાં મુશ્કેલી પડે છે.

કારણ કે, બે દિવસ સુધી (એટલે કે સતત બે દિવસ સુધી) આખોય વખત એક અભીપ્સા ચાલુ હતી: 'આ નવું જગત એ જ્યારે સ્થૂલ રૂપ લેશે ત્યારે અહીં તે કેવું હશે? આ નવું જગત કેવું હશે?' અને પછી એ વસ્તુએ મને એટલી બધી 'અંદરમાં' મૂકી દીધી કે હું દૂર દૂર તો નહોતી ચાલી ગઈ, પણ મારી અને આ જેવું છે તેવા જગતની વચ્ચે ધુમ્મસનો જાણે એક જાડો ધાબળો આવી ગયો હોય તેવું બની રહ્યું. એ ધાબળો આજે પણ હતો.

(મૌન)

## કોષોને અનુભૂતિ

દાખલા તરીકે, આજે સવારે કેટલીએક વાર, થોડા સમય સુધી (કેટલી વાર તેની મને ખબર નથી, પણ એ બહુ ટૂંકો ગાળો ન હતો, પા કલાક, અર્ધો કલાક, ખબર નથી), શરીરના કોષોને, એટલે કે, શરીરના આકારને એવી અનુભૂતિ થઈ કે ભેગા બંધાઈ રહેવું કે વિખેરાઈ જવું એનો આધાર અમુક વલણ ઉપર—એક વલણ ઉપર કે સંકલ્પશકિત ઉપર રહેલો છે; સંકલ્પશકિત અને વલણ બંનેમાંની કોઈક વસ્તુ ઉપર. અને તમને કઈ

વસ્તુ હલાવી ચલાવી રહી છે, કામ કરાવી રહી છે, જ્ઞાન આપી રહી છે તેનું દર્શન થતાં (કેટલીક વાર એકી સાથે બેવડું, એમાં એક તે કંઈક સ્મૃતિ જેવું અને બીજું તે કોઈ જિવાઈ રહેલી વસ્તુ); આમાં જૂની પદ્ધતિ તે સ્મૃતિ રૂપે હતી અને નવી પદ્ધતિમાં તો દેખીતી રીતે જ વિખેરાઈ જવાનું કોઈ કારણ હોતું નથી, સિવાય કે તમે એમ કરવું પસંદ કરો—અને એનો કાંઈ અર્થ નથી, એ અર્થહીન વસ્તુ છે: શા માટે વિખેરાઈ જવું?

અને જો, જે ક્ષણે આપણે પાછા જઈ પડતા હોઈએ છીએ.... એ બરાબર એવું જ નથી બનતું; પણ જૂની ચેતના જ્યારે સપાટી ઉપર પાછી આવી જતી હોય છે ત્યારે, આપણે જો સાવધાન ન હોઈએ, તો સ્વાભાવિક રીતે એમાંથી મૂર્છા આવી જાય છે.

એ અનુભૂતિ દરમિયાન, ઓ, એ બહુ લાંબી હતી, પાંચ વાગ્યાથી માંડી પોણા છ સુધી આખોય વખત, એ પ્રમાણે બનતું રહેલું.

### બે અવસ્થાઓમાં
### અમૃતત્વ

અને એ વસ્તુ, **સાથે સાથે જ**, એવી લાગણી ઉત્પન્ન કરે છે કે જીવન અવાસ્તવિક છે તો બીજી એક એવી વાસ્તવિકતા છે કે જેને આપણે શાશ્વત કહી શકીએ: એમાં મૃત્યુની લાગણી હોતી નથી, એનો તો કાંઈ જ અર્થ નથી. એ તો માત્ર એક પસંદગી છે. અને વિસર્જનનો કોઈ અર્થ નથી, એને માટે કશું સ્થાન નથી, એ તો એક તરંગ છે.

અને પછી જોવાની, અનુભવવાની, સમજવાની જે આખીય રીત છે તે ત્યાં પાછળના ભાગમાં બેઠેલી હોય છે એક રીતના ધાબળા જેવી—ધુમ્મસના ધાબળા જેવી, એને લીધે સંપર્ક ઝાંખો થઈ જાય છે, અચોક્કસ થઈ જાય છે.

હવે હું પાછી સામાન્ય ચેતનામાં આવી ગઈ છું એટલે હું એ વસ્તુ વિષે વાત કરી શકું છું; નહિ તો કંઈ કહેવું મુશ્કેલ હોય છે. અને એ બે વચ્ચે જે ઊલટાસુલટીપણું છે કે વિરોધ છે એ એક વેદના રૂપ, દર્દ રૂપ બની રહે છે. બંને અવસ્થાઓ ફરિયાદ કરતી હોય છે, જૂનીને એમ લાગે છે કે પોતે મૂર્છામાં જઈ રહી છે, નવીને એમ લાગે છે કે એને શાંતિમાં રહેવા દેવામાં આવતી નથી. તમે એ બેમાંથી એકમાં હો છો ત્યારે એ બરાબર હોય છે, પણ જ્યારે એ બંને એકી સાથે થઈ જતી હોય છે, ત્યારે એ બહુ આનંદદાયક હોતું નથી. અને એમાં એક અનિશ્ચિતતાની લાગણી રહે છે; તમે ક્યાં છો, અહીં છો કે ત્યાં છો, તેની તમને ઝાઝી ખબર પડતી નથી, તમને કશું ચોક્કસપણે જણાતું નથી.

પરંતુ આ જે પ્રારંભક શકિતનો ફેરફાર બની આવ્યો, અથવા જો એમ કહીએ કે, શકિતની આ જે ફેરબદલી થઈ, એ મારા ઉપર એક અજોડ અનુભૂતિની અસર મૂકી ગઈ, એ વસ્તુ પહેલાં કદી બનેલી હતી નહિ એમ લાગ્યું. પણ દુ:ખની વાત એ છે કે એ સ્થિતિ લાંબો વખત ચાલી નહિ. પણ એ અનુભૂતિ શરીરમાં એક રીતની નિશ્ચિતતાનો ભાવ મૂકી ગઈ છે— શરીર હવે ભવિષ્ય વિષે ઓછું અનિશ્ચિત છે. એ અનુભૂતિ શરીરને જાણે કે એમ કહેવાને આવી ગઈ : 'એ આના જેવું થશે.'

અને આ વસ્તુ જો ટકી રહે છે તો, દેખીતી રીતે એ અમૃતત્વ છે.

## જડતત્ત્વનું મન

આપ આ શારીરિક મનની, શકિતની ફેરબદલીના વિષય રૂપે જે મન હતું તેની વ્યાખ્યા શી કરો છો?

એ મન શારીરિક નથી. શારીરિક મન (physical) તો લાંબા વખતથી બદલાઈ ગયેલું છે... આ મન તે સ્થૂલ (material) મન

છે, અને તે સ્થૂલ મન પણ નહિ; એ **જડતત્ત્વનું મન** છે. જડતત્ત્વની પોતાની જ અંદર, કોષોની અંદર જે મનોમય પદાર્થ રહેલો છે તે એ છે. એક વખતે જેને 'રૂપનો આત્મા' કહેવામાં આવતો હતો તે એ છે. પહેલાં જ્યારે એમ કહેવાતું કે જ્યાં સુધી રૂપનો આત્મા ટકી રહેતો* ત્યાં સુધી મમી પોતાના શરીરને અકબંધ રાખતાં હતાં એ રીતની એ વસ્તુ છે. આ એ મન છે. આ આખુંયે સ્થૂલ મન છે. પેલું બીજું, શારીરિક મન એ તો લાંબા વખત ઉપર વ્યવસ્થિત બની ગયું હતું.

### શારીરિક મન

તો પછી આ સ્થૂલ મન અને શારીરિક મન એ બે વચ્ચે શો ફેર છે?

શારીરિક મન તે શરીર દ્વારા રચાતા શારીરિક વ્યક્તિત્વનું મન છે. એ શરીરની સાથે મોટું થતું રહે છે, પણ એ જડતત્ત્વનું મન નથી: એ શારીરિક સ્વરૂપનું મન છે. દાખલા તરીકે, માણસનું જે વ્યક્તિત્વ હોય છે—શારીરિક વ્યક્તિત્વ, સ્થૂલ વ્યક્તિત્વ—તે શારીરિક મનને લીધે બનતું હોય છે. અને એ મન મોટે ભાગે આનુવંશિકતા અને કેળવણી દ્વારા રચાતું હોય છે. એ બધાને 'શારીરિક મન' કહેવામાં આવે છે. હા, એ આનુવંશિકતાનું,

* પહેલાંના એક વાર્તાલાપમાં (૧૦ માર્ચ, ૧૯૫૧) શ્રી માતાજીએ ઇજિપ્તમાં કબરોને ખોલી નાખવાના સંબંધમાં કહેલું: 'શારીરિક રૂપમાં રૂપનો આત્મા રહેલો હોય છે,' અને રૂપનો આ આત્મા, માણસ મૃત્યુ પામ્યો છે એમ લોકો બાહ્ય રીતે કહેતા હોય છે ત્યારે પણ, થોડો સમય ટકી રહેતો હોય છે. અને જ્યાં સુધી રૂપનો આત્મા ટકી રહેતો હોય છે ત્યાં સુધી શરીરનો નાશ થતો હોતો નથી. પ્રાચીન ઇજિપ્તમાં ત્યાંના લોકોને આ જ્ઞાન હતું; એ લોકો જાણતા હતા કે શરીરને આપણે જો અમુક રીતે તૈયાર કરીએ તો શરીરનો આત્મા બહાર નહિ ચાલ્યો જાય અને વિખેરાઈ નહિ જાય.

કેળવણીનું પરિણામ હોય છે, શરીરની રચનાનું પરિણામ હોય છે; એ શારીરિક વ્યક્તિત્વની રચના કરે છે. દાખલા તરીકે, કેટલાક લોકો ધીરજવાળા હોય છે, બળવાન વગેરે હોય છે, એટલે કે શારીરિક રીતે, તો તે પ્રાણ કે મનનાં કારણોને લીધે નથી હોતું, પણ માત્ર શરીરને લીધે જ હોય છે. આ રીતનું તમારું એક વ્યકિતત્વ હોય છે. એ શારીરિક મન હોય છે. અને એ આખા પૂર્ણયોગનો એક ભાગ છે; એમાં તમારે આ શારીરિક મનની સાધના કરવાની રહે છે. કાંઈ સાઠ વર્ષ ઉપર મેં આ સાધના કરેલી.

### કોષગત મન

> પણ તો પછી, આ જે મન આપોઆપ જ નિરાશાવાદી હોય છે, હરેક રીતના ભયથી, આશંકાઓથી ભરેલું હોય છે, હંમેશાં ખરાબમાં ખરાબ જ જોતું હોય છે, હંમેશાં એની એ જ વસ્તુઓ કરતું રહેતું હોય છે, તે કયું મન છે, શારીરિક કે સ્થૂલ મન?

એ શારીરિક મનનો સૌથી વધુ અચેતન ભાગ છે અને એ શારીરિકને અને આ જડરૂપ પદાર્થતત્ત્વને જોડનારી કડી છે. પણ તમારે સમજવું જોઈએ કે આ મન કયારનુંયે સંગઠિત બનેલું મન છે. મનને સ્પર્શ કરતો એ અત્યંત સ્થૂલ જડરૂપ પદાર્થ છે . . . આ મનને કેવી રીતનું નામ આપીશું? તમે એને શરીરગત મન પણ નહિ કહી શકો—એ કોષોનું મન છે, કોષગત મન છે.

આ કોષગત મન પ્રાણીઓમાં રહેલું છે, અને વનસ્પતિમાં પણ એનો નાનકડો આરંભ થાય છે (પણ તે બહુ નાનો, એક શકયતા રૂપ) અને વનસ્પતિ એક મનોમય પ્રતિક્રિયાની રીતે જવાબ આપતી હોય છે. એ જરૂર જવાબ આપે છે. પ્રાણનો આવિર્ભાવ થાય છે ત્યારે તેમાં મનની, મનોમય ક્રિયાની શકયતા કયારનીયે રચાઈ ગયેલી હોય છે. અને પ્રાણી-

એમાં તો એ મન સ્પષ્ટ રીતે હોય છે જ. પણ શારીરિક મન સાચી રીતે માત્ર માણસમાં જ આરંભ પામે છે. આ મન તદ્દન નાનાં બાળકોમાં પણ પહેલેથી રહેલું હોય છે. બાળકોમાં પહેલેથી જ શારીરિક મન હોય છે, એટલે કે, બે બાળકો એક જ સરખાં હોતાં નથી, એમની પ્રતિક્રિયાઓ એકસરખી હોતી નથી, પહેલેથી જ એમાં ફેરફાર હોય છે. અને સૌથી વિશેષ તો તમારા શરીરના ખાસ રૂપની સાથે જ તમને આ મન આનુવંશિકતા દ્વારા અપવામાં આવેલ હોય છે અને પછી તે કેળવણી દ્વારા પૂરેપૂરું વિકાસ પામે છે.

ના, શારીરિક મનને તો, તમે પૂર્ણયોગ કરવા માંડો કે તરત જ, તમારે હાથમાં લેવાનું રહે છે, પરંતુ સ્થૂલ મન, કોષગત મન, એને વિષે હું તમને ખાતરીથી કહું છું કે, એ તદ્દન નવી, હા, તદ્દન નવી વસ્તુ છે.

## કોષગત મનનું સંગઠન

એ મન એક અવ્યવસ્થિત પદાર્થ જેવું રહેલું હતું, એ સતત સક્રિય તો હતું જ, (માતાજી એક સતત ચાલુ રહેતા કંપની ક્રિયા કરે છે) પણ સંગઠિત બનેલું નહોતું. હવે હમણાં એ મન પોતાને સંગઠિત કરી રહેલું છે. આ વસ્તુ મહત્ત્વની છે. કારણ શ્રી અરવિંદે કહ્યું હતું કે એ મન સંગઠિત થઈ શકે તેમ નથી, અને તેને અસ્તિત્વમાંથી બહાર ફેંકી દેવાનું રહે છે. અને મને પોતાને પણ એમ જ લાગતું હતું. પરંતુ કોષોના ઉપર રૂપાંતર માટેનું કામ જ્યારે સતત રીતે થતું હોય છે ત્યારે આ સ્થૂલ મન સંગઠિત બનવા લાગે છે, એ આશ્ચર્યકારક વાત છે—એ સંગઠિત બનવા લાગે છે. અને એના સંગઠિત બનવાની ક્રિયા ચાલતી હોય છે ત્યારે એ મૂંગા રહેવાનું શીખે છે—એ ખૂબ જ ધ્યાન ખેંચે તેવી બીના છે! કેવી રીતે મૂંગા રહેવું, મૂંગા રહેવું અને પોતે દખલગીરી કર્યા વિના પરમ શકિતને કેવી રીતે કામ કરવા દેવી એ તે શીખે છે.

## જ્ઞાનતંતુઓમાં મુશ્કેલી

સૌથી વધુ મોટી મુશ્કેલી જ્ઞાનતંતુઓમાં રહેલી છે, કારણ કે એ બધા સામાન્ય રીતની સભાન સંકલ્પશકિત સાથે એટલા બધા ટેવાઈ ગયેલા છે કે એ સંકલ્પશકિત જ્યારે અટકી જાય છે અને પેલી તદ્દન ઉપર રહેલી વસ્તુ તરફથી સીધું કાર્ય શરૂ થાય છે, ત્યારે તે ગાંડા થઈ જાય છે. તે દિવસે મને આ અનુભૂતિ થઈ હતી અને તે એક કલાક કરતાં વધુ ચાલેલી અને મુશ્કેલી ભરેલી સ્થિતિ હતી; પણ એ મને ઘણી વસ્તુઓ શીખવી ગઈ છે—ઘણી. અને આ બધાને આપણે 'શકિતની ફેરબદલી'નું નામ આપી શકીએ છીએ; એમાં પહેલાંની શકિત પાછી હઠી જાય છે અને પછી શરીર પોતાને નવી શકિતની સાથે ગોઠવી લે તે પહેલાં જે એક ગાળો આવે છે એ કટોકટી ભરેલો હોય છે. આમાં બધા કોષો એક સતત અભીપ્સાની અવસ્થામાં રહેતા હોય છે એટલે આ વસ્તુ પ્રમાણમાં ઝડપથી બને છે, પણ તેમ છતાં . . . મિનિટો લાંબી લાંબી બની જતી હોય છે.

*

## રૂપાંતરની નિશ્ચિતતા

પણ કોષોમાં હવે વધુ ને વધુ એક રીતની નિશ્ચિતતા આવતી જાય છે કે ભલે ગમે તે બને પણ તે આ રૂપાંતરની દૃષ્ટિએ બનતું હોય છે અને નિયામક શકિતની આ ફેરબદલીની રીતે થતું હોય છે. અને જે વખતે આ વસ્તુ સ્થૂલ રીતે દર્દ કરતી હોય છે (શારીરિક રીતે પણ નહિ, પણ સ્થૂલની રીતે—જડતત્ત્વમાં દર્દ કરતી હોય છે) ત્યારે પણ કોષો આ નિશ્ચિતતાને ટકાવી રાખતા રહે છે. પછી કોષો આ દર્દની સામે ટક્કર લેતા થાય છે, કશા વિષાદ વિના એ દર્દને સહન કરી લે છે, કાંઈ પણ રીતની અસર થવા દીધા વિના, અને તે આ નિશ્ચિતતા સાથે કે આ વસ્તુ રૂપાંતરને માટે, રૂપાંતરની પ્રક્રિયા માટે અને નિયામક શકિતની ફેરબદલીને

માટે થઈ રહેલી છે. હું કહી ગઈ તેમ, આ અનુભૂતિ સૌથી વધુ વેદના જ્ઞાનતંતુઓમાં કરતી હોય છે—અને એ સ્વાભાવિક છે, કારણ કે, એ કોષો ખૂબ જ સંવેદનશીલ હોય છે, એમનામાં અત્યંત તીવ્ર રીતનું સંવેદન હોય છે. પણ એ કોષોમાં પેલા સંવાદમય શારીરિક આંદોલન પ્રત્યે ખૂબ પ્રમાણમાં, ખૂબ સહજ રીતની, સહજ રીતે બળવાન એવી ગ્રહણશીલતા હોય છે—એમણે કશો પ્રયત્ન કરવાનો હોતો નથી, (આ આંદોલન બહુ વિરલ હોય છે, પણ છતાં એ અમુક વ્યકિતઓમાં રહેલું હોય છે), અને આ શારીરિક આંદોલન—એને આપણે એક શારીરિક **શકિત** કહી શકીએ, એ સંવાદમય શારીરિક આંદોલન હોય છે (આપોઆપ સંવાદમય, એને મનોમય આંદોલનની જરૂર પડતી હોતી નથી, દાખલા તરીકે એ ફૂલના આંદોલન જેવું હોય છે; એના જેવાં શારીરિક આંદોલનો હોય છે, અને તેમનામાં એક સંવાદમય શકિત રહેલી હોય છે) અને જ્ઞાનતંતુઓ આ આંદોલન પ્રત્યે અત્યંત સંવેદનશીલ અને ગ્રહણશીલ હોય છે, એ આંદોલન તેમને તત્ક્ષણે જ ઠીક કરી દેતું હોય છે.

આ બહુ જ રસિક વસ્તુ છે. એ ઘણી રીતનો ખુલાસો કરી આપે છે, ઘણી વસ્તુઓ સમજાવે છે. એક દિવસ એવો આવશે કે જ્યારે એ બધું સમજાવવામાં આવશે અને તેને તેના સ્થાનમાં મૂકવામાં આવશે. એ બધું પ્રગટ કરવાનો હજી સમય આવ્યો નથી, પરંતુ એ અત્યંત રસિક વસ્તુ છે.

મને ખરેખર એમ લાગે છે કે આ મન હવે સંગઠિત બની રહ્યું છે, કામ સંગઠિત બનવા લાગ્યું છે.

કુદરતી રીતે જ, આમાં આપણે મનના તંત્રને વચ્ચે પડતાં કાળજીપૂર્વક અટકાવવાનું છે, એટલે હું બહુ વધારે પડતો ખુલાસો કરવાનો પ્રયત્ન કરતી નથી, એમાં પછી મન અંદર આવી જવાનો સંભવ રહે છે અને પછી એ પેલી વસ્તુ રહેવા પામતી નથી.

(બુલેટિન, નવેમ્બર ૧૯૬૫)

# ૫

૨૭ નવેમ્બર, ૧૯૬૫

શ્રી માતાજીએ ૧૯૬૫ ના નવેમ્બર દર્શન
માટે વહેંચેલા સંદેશના પ્રસંગે.

ખેંચવું: અહંકારની ક્રિયા

'પ્રકાશને બળ કરીને નીચે લઈ આવવો—એને નીચે ખેંચવો એ ખરેખર ભૂલ છે. અતિમનસને કંઈ હુમલો કરીને મેળવી શકાતું નથી. જ્યારે સમય પાકશે ત્યારે તે આપોઆપ જ ખુલ્લું બનશે—પણ પહેલાં ઘણી વસ્તુઓ કરવાની છે અને તે ધીરજથી અને ઉતાવળ વિના થવી જોઈએ.'

(શ્રી અરવિંદ)

સમજદાર માણસો માટે આ સારું છે. એઓ કહેશે; 'જુઓ, શ્રી અરવિંદ ચમત્કારોનું વચન આપતા નથી'.

શા માટે? 'નીચે ખેંચવાની' વૃત્તિ શું ઘણા લોકોમાં હોય છે?

લોકોને ઉતાવળ હોય છે. તેઓ એકદમ પરિણામો જોવા માગતા હોય છે.

અને પછી તેઓ એમ માને છે કે પોતે અતિમાનસને નીચે ખેંચી રહ્યા છે—પણ એમાં તો તેઓ કોઈ નાનકડી પ્રાણમય વ્યક્તિને નીચે બોલાવતા હોય છે, એ તેમની સાથે રમત રમતી રહે છે અને આખરે તેમની પાસે કોઈ બેહૂદું ફારસ કરાવે છે. મોટે ભાગે આમ જ બનતું રહે છે—સોમાંથી ૯૯ વાર.

આમાં કોઈ એક નાનકડું વ્યક્તિરૂપ, કોઈ પ્રાણમય સ્વરૂપ મોટો વેશ લઈને આવતું હોય છે અને મોટો દેખાવ કરતું હોય છે, પ્રકાશના ખેલો કરતું હોય છે; પછી જે બિચારાએ ખેંચવાની ક્રિયા કરી હોય છે તે દિંગ થઈ જાય છે. એ કહે છે: ' જોઈ લો, આ અતિમાનસ છે ', અને એ ફંદામાં સપડાઈ જાય છે.

એ તો તમે જ્યારે સાચા પ્રકાશનો સ્પર્શ કર્યો હોય છે, કોઈક રીતે તમે તે જોયો હોય છે અને તેની સાથે સંપર્કમાં આવ્યા હો છો ત્યારે જ તમે પ્રાણને ઓળખી શકો છો અને તમે જુઓ છો કે એ બધું રંગભૂમિ ઉપર થતી પ્રકાશની લીલા જેવું હોય છે, કૃત્રિમ અજવાળું હોય છે. પણ બીજી રીતે તો, બીજાઓ તેથી અંજાઈ જાય છે—એ આંજી નાખે તેવું હોય છે, ' અદ્‌ભુત ' હોય છે, અને પછી લોકો છેતરાય છે. એ તો તમે જ્યારે સત્યને જોયું હોય છે અને તેની સાથે સંપર્કમાં આવ્યા હો છો ત્યારે જ, હા, તમે સ્મિત કરો છો.

આ ઢોંગ છે, પણ ઢોંગને સમજવા માટે તમારે સત્યને જાણવાનું રહે છે.

મૂળમાં જતાં તો દરેક વસ્તુ માટે એમ જ છે. પ્રાણ એ એક બહારની રંગભૂમિ જેવો છે, અને એના ઉપર ખેલ થતા હોય છે—અને એ ખેલ બહુ આકર્ષક હોય છે, આંજી નાખે તેવા હોય છે, છેતરામણા હોય છે. તમને જ્યારે સાચી વસ્તુ જણાઈ આવે છે ત્યારે જ તમને આ સમજ તરત મળી આવે છે, સહજ રીતે મળી આવે છે, કશો તર્ક તમારે કરવો પડતો નથી

અને તમે કહી દો છો કે : 'ના, મારે એ નથી જોઈતું'

અને દરેક વસ્તુ માટે એ પ્રમાણે જ છે. અને માનવ જીવનમાં એ વસ્તુ જ્યાં બહુ જ મહત્ત્વની બની ગઈ છે તે પ્રેમની બાબતમાં છે. પ્રાણના આવેગો, પ્રાણનાં આકર્ષણોએ લગભગ હરેક સ્થળે સાચી લાગણીનું સ્થાન લઈ લીધું છે. આ સાચી લાગણી તો શાંત હોય છે, જ્યારે પેલો પ્રેમ તો તમને ફીણના ઊભરા જેવી સ્થિતિમાં મૂકે છે, તે કોઈક 'જીવતી' વસ્તુ છે એવો તમને અનુભવ કરાવે છે. એ બહુ જ છેતરામણી વસ્તુ હોય છે. અને જ્યાં સુધી તમે સાચી વસ્તુને જાણતા થતા નથી ત્યાં સુધી તમને આ વાત સ્પષ્ટ રીતે ઓળખાતી નથી, અનુભવાતી નથી, દેખાતી નથી. તમે જો ચૈત્ય પુરુષ દ્વારા તેમ જ પ્રભુ સાથેના દિવ્ય મિલન દ્વારા સાચા પ્રેમનો સ્પર્શ પામ્યા હશો તો પછી પેલી બીજી વસ્તુ પોલી, પાતળી, ખાલી દેખાય છે—એક આભાસ રૂપ અને હાસ્ય નાટક જેવી, હાસ્ય નાટક કરતાંયે વધુ વાર તો કરુણ નાટક જેવી દેખાય છે.

આ વિષે આપણે ભલે ગમે તેટલું કહીએ, એના ગમે તેટલા ખુલાસા આપીએ પણ તે કશા કામમાં આવતા નથી, કારણ કે આમાં જે કોઈ સ્ત્રી કે પુરુષ સપડાયેલું હોય છે તે તરત જ બોલી ઊઠે છે : 'ઓ, આ કાંઈ બીજાઓના જેવું નથી'—તમને જે થતું હોય છે તે બીજાઓને થતું હોય છે તેના જેવું કદી હોતું નથી! માણસને સાચી અનુભૂતિ થવી જોઈએ, અને પછી આખોયે પ્રાણ એક ખોટા તમાશા જેવો લાગે છે—એ આકર્ષક રહેતો નથી.

અને તમે જ્યારે ખેંચવાની વસ્તુ કરતા હો છો ત્યારે તો સોમાંથી ૯૯ કરતાં પણ વધુ વાર... એક લાખમાંથી એકાદ દાખલામાં જ માણસ સાચી વસ્તુને ખેંચતો હોય છે—અને એવું બને તેમાંથી એ સાબિત થાય છે કે એ માણસ તૈયાર હતો. નહિ તો તમે હંમેશાં પ્રાણને જ ખેંચતા હો

છો, આભાસને, વસ્તુના નાટકીય દેખાવને ખેંચતા હો છો, વસ્તુને પોતાને નહિ.

ખેંચવું એ હંમેશાં અહંકારની ક્રિયા હોય છે. અભીપ્સાની એ વિકૃતિ હોય છે. સાચી અભીપ્સામાં આપવાની, સ્વ-અર્પણની વાત હોય છે, જ્યારે ખેંચવું એટલે તો પોતાને માટે ઇચ્છા કરવાની હોય છે. મનની અંદર પણ તમને જો એક વધુ વિશાળ મહત્ત્વાકાંક્ષા હોય—પૃથ્વી જેટલી, વિશ્વ જેટલી—તોપણ તેથી કાંઈ ફેર પડતો નથી. એ બધી મનોમય પ્રવૃત્તિઓ હોય છે.

(લાંબું મૌન)

દર્શનના દિવસે : માનવજાતિનું જીવંત દર્શન

દર્શનના દિવસે તમને શું કાંઈ ખાસ અનુભવ થયેલો કે નહિ?

ના.

તે દિવસે શ્રી અરવિંદ સવારથી માંડી સાંજ સુધી હાજર હતા.

હા, એમણે મને એક કલાક કરતાં વધુ સમય લગી એવો અનુભવ કરાવેલો કે એમાં હું માનવજાતિની જે પરિસ્થિતિ છે અને નવીન કિંવા અતિમાનસ સૃષ્ટિની સાથેના સંબંધની રીતે તેના જે જુદા જુદા સ્તરો છે તેના એક નક્કર અને જીવંત દર્શન રૂપે હું જીવી રહી હતી. અને એ વસ્તુ અદ્ભુત રીતે સ્પષ્ટ હતી અને નક્કર અને જીવતી હતી. પ્રથમ તો મને સાવ પશુ અવસ્થામાંથી બહાર નીકળી આવેલી આખીયે માનવજાતિનું દર્શન થયું. આ માનવજાતિએ માનસિક વિકાસ દ્વારા લાભ મેળવેલો છે, અને પોતાના જીવનમાં તેણે એક રીતનો સંવાદ ઉત્પન્ન કરેલો છે—એ એક પ્રાણનો અને કળા અને સાહિત્યની રીતનો સંવાદ છે—અને એ રીતે જીવન જીવવામાં મોટા ભાગની માનવજાતિ સંતોષ પામી રહી છે. આ માણસોએ

એક રીતનો સંવાદ મેળવી લીધો છે અને એ રીતના સંવાદમાં તેઓ સંસ્કૃતિની અવસ્થામાં હોય તેવું જીવન ગાળી રહેલા છે. એટલે કે એ લોકો કાંઈક સંસ્કારી જીવન ગાળતા હોય છે, તેમના રસો અને ટેવો સૂક્ષ્મ અને સંસ્કારી બનેલાં હોય છે. અને એ આખાયે જીવનમાં અમુક સૌન્દર્ય રહેલું છે અને એમાં લોકો આરામથી રહેતા હોય છે, અને તેમના ઉપર કોઈ આપત્તિ ન આવી પડે તો તેઓ સુખી અને સંતુષ્ટ રીતે જીવતા હોય છે, તેમને જીવનથી સંતોષ હોય છે. આ લોકો નવી શકિતઓ પ્રત્યે, નવી વસ્તુઓ પ્રત્યે, ભાવિ જીવન પ્રત્યે આકર્ષાઈ શકે છે ( કારણ કે એમનામાં રસવૃત્તિ હોય છે, તેઓ બૌદ્ધિક રીતે વિકાસ પામેલા હોય છે ), જેમકે, એ લોકો માનસિક રીતે, બૌદ્ધિક રીતે શ્રી અરવિંદના શિષ્યો બની શકે છે. પરંતુ તેમને તેમના બાહ્ય સ્થૂલ જીવનમાં કશો ફેરફાર કરવાની જરૂર અનુભવાતી નથી, અને જો એમને એવો ફેરફાર કરવાની ફરજ પાડવામાં આવે તો એ વસ્તુ પહેલું તો કાચા સમયે બનતી ઘટના બનશે, એમાં અન્યાય હશે અને એમાંથી તેમના જીવનમાં માત્ર એક મોટી અવ્યવસ્થા' ઊભી થશે અને તેમનું જીવન સાવ નિરર્થક રીતે ડહોળાઈ જશે.

આ વાત તદ્દન સ્પષ્ટ છે.

આ પછી એક નાનકડો—વિરલ વ્યકિતઓનો—વર્ગ આવે છે. એ લોકો રૂપાંતર માટે તૈયાર થવાને માટે જોઈતો પુરુષાર્થ કરવાને માટે તૈયાર હોય છે, નવી શકિતઓને ખેંચવા માટે, જડતત્ત્વને અનુકૂળ કરવાનો પ્રયત્ન કરવા માટે, અભિવ્યકિત ઈ. નાં સાધનો ખોજવા માટે તૈયાર હોય છે. આ લોકો શ્રી અરવિંદના યોગને માટે તૈયાર હોય છે. એમની સંખ્યા ઘણી નાની હોય છે. વળી કેટલાકમાં બલિદાનની ભાવના પૂરેપૂરી હોય છે અને કઠોર કષ્ટમય જીવન ગાળવાથી જો ભાવિના રૂપાંતર પ્રત્યે જવાતું હોય યા તો તેમાં મદદ મળતી હોય તો તેવું જીવન ગાળવા માટે

પણ તે તૈયાર હોય છે. પરંતુ આ લોકોએ બીજા માણસો ઉપર પ્રભાવ પાડવાનો અને તેમની પોતાની સાધનામાં તેમને ભાગ લેતા કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, કોઈ પણ રીતે પ્રયત્ન ન કરવો જોઈએ. એમ કરવું બિલકુલ યોગ્ય નહિ ગણાય—એમ કરવું માત્ર અયોગ્ય જ નહિ હોય, પરંતુ એ અત્યંત કઢંગી વસ્તુ બની જશે, કેમકે એમ કરવા જતાં વિશ્વનો લય અને ગતિ બદલાઈ જશે અથવા કાંઈ નહિ તો પૃથ્વીની ગતિ તો બદલાશે જ અને પૃથ્વીની એ ગતિને મદદ રૂપ થવાને બદલે ઊલટું સંઘર્ષો ઊભા થશે અને અંતે અંધાધૂંધી થઈને રહેશે.

પરંતુ આ અનુભૂતિ એટલી બધી તો જીવંત હતી, વાસ્તવિક હતી કે તેથી મારું આખુંયે વલણ (આ કેવી રીતે સમજાવું? એ એક શાંત વલણ હતું, એક સક્રિય સંકલ્પને પરિણામે તે બનેલું ન હતું), કામને અંગે મેં ધારણ કરેલી આખીયે સ્થિતિ બદલાઈ ગઈ છે. અને એમાંથી એક શાંતિ આવી છે—શાંતિ અને સ્વસ્થતા અને વિશ્વાસ એકદમ નિશ્ચયાત્મક રીતનાં આવ્યાં છે, એક નિશ્ચયાત્મક ફેરફાર બની આવ્યો છે. અને પહેલાંની સ્થિતિમાં જે જે કંઈ જિદ્દ તરીકે, અણઘડતા તરીકે દેખાતું હતું, અચિત્ અને હરેક રીતની દયાજનક ચીજો રૂપે દેખાતું હતું તે બધું પણ અદૃશ્ય થઈ ગયું છે. એ જાણે કે એક મહાન વિશ્વરૂપ લયનું દર્શન હતું, એમાં દરેક વસ્તુ પોતાને સ્થાને રહેલી હોય છે અને બધું જ બરાબર હોય છે. અને રૂપાંતર માટેની સાધના પછી એક નાનકડી સંખ્યાના માણસો પૂરતી જ બની રહેતાં એ ઘણી જ વધારે મૂલ્યવાન બની રહે છે અને સાક્ષાત્કાર માટે ઘણી જ વધારે શક્તિશાળી બની રહે છે. એ જાણે કે જે લોકો નવી સૃષ્ટિના આદ્ય સ્થાપકો બનવાના છે તેમની પસંદગી થઈ ગઈ હોય એના જેવું બની ગયું છે. 'વિસ્તાર કરવો' 'તૈયાર કરવા' કે પછી જડ-તત્ત્વનું મંથન કરવું એ અંગેના તમામ વિચારો બાલિશતા છે. એ માનવની

બેચેની છે.

આ દર્શન એક એવું તો ભવ્ય સૌન્દર્ય હતું, એવું તો સ્વસ્થતાથી, સ્મિતથી ભરેલું સૌન્દર્ય હતું... ઓહ! એ દર્શન દિવ્ય પ્રેમથી સભર હતું, સાચેસાચ સભર હતું. અને એ દિવ્ય પ્રેમ તે 'ક્ષમા દેનારો' પ્રેમ ન હતો—આ પ્રેમ એવો નથી, જરા પણ એવો નથી! દરેક વસ્તુ એના પોતાના સ્થાનમાં છે, અને પોતાના આંતરિક લયને પોતાથી કરી શકાય તેટલી સંપૂર્ણ રીતે સિદ્ધ કરી રહી છે.

એ એક અતિશય સુંદર ભેટ હતી.

તો વારુ, આ બધી વસ્તુઓને લોકો થોડીક તો જાણે છે, બૌદ્ધિક રીતે, એ પ્રમાણે, વિચારમાં તો લોકો એ બધું જાણે છે, પણ એ તદ્દન નકામું છે. રોજના વ્યવહારમાં તો તમે જુદી રીતે જ જીવન ગાળતા હો છો, એમાં એક વધારે સાચી સમજણ હોય છે. અને આ દર્શન તે જાણે કે તમે વસ્તુઓને તેમની ઊર્ધ્વ સ્થિતિમાં જોતા હો, એ રીતે તેમનો સ્પર્શ કર્યો હોય તેના જેવું હતું.

## વનસ્પતિ સૃષ્ટિ : મનોમય માનવ

આ દર્શન થયું તે પહેલાં વનસ્પતિ સૃષ્ટિનું અને વનસ્પતિના સહજ સૌન્દર્યનું દર્શન થયું હતું (એ કોક એવી તો અદ્ભુત વસ્તુ છે), એ પછી પશુ જગતનું દર્શન થયું. એ પશુઓનું જીવન એવું તો સંવાદથી ભરેલું હતું (એમાં માણસો દાખલ થયા ન હતા ત્યાં સુધી) અને એ બધું તેના પોતાના યોગ્ય સ્થાનમાં હતું. એ પછી સાચી માનવજાતિ આવી, માનવજાતિ તરીકે, એટલે કે મનોમય અવસ્થા પ્રાપ્ત થતાં જે જે કાંઈ સૌન્દર્ય તરીકે, સંવાદ તરીકે, મોહકતા, જીવનની ઊર્જસ્વિતા તરીકે, જીવનની રસિકતા તરીકે —સૌન્દર્યમાં રહેવાના રસ તરીકે—સર્જન થઈ શકે તે બધું તેમાં હતું, અને

જગતમાં જે કાંઈ કદરૂપું, અને હીન અને ગ્રામ્ય હતું તે બધું સ્વાભાવિક રીતે જ દાબી દેવાયેલું હતું. એ એક સરસ માનવજાતિ હતી. એ એની ઊંચામાં ઊંચી ટોચે પહોંચેલી માનવજાતિ હતી, પણ તે સરસ હતી, પોતે માનવજાતિ છે એટલાથી જ તે પૂર્ણ સંતુષ્ટ હતી, કેમકે એ સંવાદથી ભરેલું જીવન જીવતી હતી. અને આ સ્થિતિ તે કદાચ લગભગ આખીયે માનવજાતિ નવી સૃષ્ટિના પ્રભાવ હેઠળ કેવી બનશે તેના દૃષ્ટાંત જેવી હતી. મને લાગ્યું કે અતિમાનસ ચેતના માનવજાતિનું જે રૂપ બનાવી શકે તેમ છે તે આ છે. માનવજાતિએ પ્રાણી સૃષ્ટિની જે રચના કરી છે તેની સાથે મારાથી તુલના પણ થઈ ગઈ (આ પ્રાણી સૃષ્ટિ, કુદરતી રીતે જ, અતિશય મિશ્ર વસ્તુ બની ગયેલી છે, પણ એમાં વસ્તુઓને પૂર્ણ બનાવવામાં આવેલી છે, વધારે સારી બનાવવામાં આવેલી છે, તેમનો વધારે સંપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં આવેલો છે). મનના પ્રભાવ હેઠળ પ્રાણીતત્ત્વ એ જુદી જ વસ્તુ બન્યું છે, એટલે કે એ કુદરતી રીતે જ એક મિશ્ર વસ્તુ બની ગઈ છે, કેમકે મન પોતે અપૂર્ણ રહેલું છે. એ જ રીતે સરસ સમતુલાવાળા લોકોમાં સંવાદમય માનવજાતિના દાખલા પણ આવી રહેલા છે, અને અતિમાનસના પ્રભાવ હેઠળ માનવજાતિ કેવી બનશે તેનું એમાં દર્શન થાય છે.

માત્ર એટલું જ કે આ વસ્તુ હજી બહુ દૂર દૂરની છે. આ તરત જ બની આવશે એવી તમારે આશા ન રાખવી જોઈએ—એ ઘણું દૂર દૂર છે.

આ સંક્રાંતિનો ગાળો ચાલી રહેલો છે, અત્યારે પણ, એ વાત તો સ્પષ્ટ જ છે. અને એ ગાળો ખૂબ લાંબો ચાલે એ બનવા જોગ છે, અને એ જરા કષ્ટમય પણ છે. આમાં માત્ર એટલું જ કે આ અંગે જે પુરુષાર્થ કરવો પડે છે, તે કોઈક વાર કષ્ટમય હોય છે (ઘણી વાર કષ્ટમય હોય છે), પણ તેના બદલામાં, આપણે જે ધ્યેય પ્રાપ્ત કરવાનું છે, જે ધ્યેય સિદ્ધ થવાનું છે તેનું એક ઘણું સ્પષ્ટ દર્શન મળી આવે છે: આપણને એક ખાતરી, હા, એક

નિશ્ચિતતા આપવામાં આવે છે. પરંતુ એ વસ્તુ કોઈક એવી હશે કે તેનામાં મનોમય જીવનની ભૂલ માત્રને, સર્વ વિકૃતિઓને, તમામ કદરૂપતાને નિર્મૂળ કરી નાખવાની શકિત હશે અને પછીથી એક એવી માનવજાતિ બનશે કે જે ઘણી ઘણી સુખી હશે, પોતે માનવ છે એટલા માત્રથી તે ઘણી ઘણી તૃપ્ત હશે, માનવ કરતાં બીજું કાંઈ હોવાની તેને જરૂર લાગશે નહિ, પણ એનામાં એક માનવ સૌન્દર્ય, માનવ સંવાદિતા આવી રહેલાં હશે.

એ બહુ જ મનમોહક હતું, જાણે કે હું પોતે જ એમાં જીવી રહી હતી. વિરોધો અદૃશ્ય થઈ ગયા હતા. જાણે કે હું પોતે આ પૂર્ણતામાં રહેતી હતી. એ જાણે કે અતિમાનસ ચેતનાએ માનવજાતિ વધુમાં વધુ કેટલી સંપૂર્ણ થઈ શકે તેનો આદર્શ કલ્પ્યો હોય તેના જેવું લગભગ હતું. અને એ બધું તદ્દન બરાબર હતું.

અને એમાંથી પછી મોટી વિશ્રાંતિ મળી આવે છે. તંગાશ, સંઘર્ષ, એ બધું અદૃશ્ય થઈ જાય છે, અધીરાઈ પણ. એ બધું સંપૂર્પ ચાલ્યું ગયું છે.

એટલે કે આપ કાર્યને સર્વત્ર ફેલાવવાને બદલે તેને શું એકાગ્ર કરી રહ્યાં છો?

ના, સ્થૂલ રીતે તો કાર્ય ફેલાયેલું રહી શકે છે, કારણ કે આમાં બધી વ્યકિતઓને ફરજિયાત રીતે ભેગી કરવાની છે નહિ. પરંતુ આ વ્યકિતઓની સંખ્યા ઓછી છે.

પણ નવી સૃષ્ટિના સર્જન માટે માનવજાતિને 'તૈયાર કરવાની' ખૂબ જરૂર છે એ રીતનો જે વિચાર છે, એમાં જે અધીરાઈ છે તે ચાલ્યાં ગયાં છે.

## ઉચ્ચ માનવજાતિનું સર્જન

આ વસ્તુ પ્રથમ તો થોડાક લોકોમાં સિદ્ધ થવી જોઈએ.

હા, એમ જ.

હું એ વસ્તુને ખૂબ જ સઘન રીતે જોતી હતી, મેં એને ખૂબ જ સઘન રીતે જોઈ. અત્યારે જે લોકો રૂપાંતર માટે અને અતિમાનસ સાક્ષાત્કાર માટે તૈયાર થવાની યોગ્યતા ધરાવે છે અને એમની સંખ્યા સ્વાભાવિક રીતે જ ઘણી ઓછી છે. એ ઉપરાંત સામાન્ય માનવજાતિના સમૂહની વચ્ચે એક વધુ ઉચ્ચ કોટિની માનવજાતિ વધુ ને વધુ વિકાસ પામવી જોઈશે. એ માનવજાતિને ભાવિના અતિમાનસ માનવ માટે અથવા તો તૈયાર થઈ રહેલા અતિમાનસ માનવ માટે, પ્રાણીઓને જેમકે માણસ પ્રતિ જેવું વલણ રહે છે તેવું જ વલણ રહેશે. વળી જે લોકો રૂપાંતર માટે કામ કરી રહેલા છે અને તેને માટે તૈયાર છે, એમના ઉપરાંત એક ઉચ્ચ પ્રકારની, મધ્યમાવસ્થાની માનવજાતિ પણ બનવી જોઈશે. એ માનવજાતિ એવી હશે કે તેણે પોતાની અંદર અથવા તો જીવનમાં જીવન સાથે આ સંવાદિતા—આ માનવ કોટિની સંવાદિતા—મેળવી લીધી હશે અને તેને ‘ કોઈક ’ વસ્તુ પ્રત્યે પેલી ઉચ્ચ માનવજાતિને હોય છે તેવો જ અહો-ભાવનો, ભક્તિનો, શ્રદ્ધાભર્યા સમર્પણનો ભાવ રહેલો હશે. એ ‘ કોઈક વસ્તુ ’ એને એટલી તો ઉચ્ચ દેખાતી હોય છે કે તેને સિદ્ધ કરવા માટે તે પ્રયત્ન પણ કરતી નથી, પણ એ તેની પૂજા તો કરતી રહે છે, તેના પ્રભાવની, રક્ષણની જરૂર, તેના પ્રભાવ હેઠળ રહેવાની જરૂર, આ રક્ષણ હેઠળ રહેવાનો આનંદ મેળવવાની જરૂર તો અનુભવે છે. એ વસ્તુ આટલી બધી સ્પષ્ટ હતી. પણ એમાં તમારા હાથમાંથી છટકી જતી કોઈ વસ્તુને મેળવવાની ઈચ્છા થતાં જે આ વેદના થાય છે, આ યંત્રણાઓ અનુભવાય છે એવું એ માનવજાતિને ન હતું—કારણ કે એ વસ્તુ મેળવવાનું હજી તમારા ભાગ્યમાં લખાયેલું નથી, એ માટે જે બધી ઘણી ઘણી તૈયારી કરવી પડે છે એ માટે તમારું જીવન હજી પકવ બનેલું નથી અને આ વસ્તુ જ પછી અવ્યવસ્થા અને વેદના ઊભી કરે છે.

## વિકાસની રીત—કામવૃત્તિ, ખોરાક

દાખલા તરીકે, આ પ્રશ્નને બરાબર રજૂ કરી આપે તેવી એક ઘણી નક્કર વસ્તુ લઈએ: એ છે માનવજાતિમાં રહેલી કામવૃત્તિ. એ વૃત્તિ તદ્દન સ્વાભાવિક છે, સહજ છે, અને હું એમ પણ કહું કે તે સાચી પણ છે. આ વૃત્તિ, માણસમાંથી પશુપણું ચાલ્યું જશે તેની સાથે સાથે સ્વાભાવિક રીતે અને સહજપણે ચાલી જવાની છે (બીજી ઘણી વસ્તુઓ પણ ચાલી જશે, જેમકે, ખાવાની જરૂર અને કદાચ આપણે અત્યારે ઊંઘીએ છીએ તે રીતે ઊંઘવાની જરૂર પણ ચાલી જશે); પણ આ કામવૃત્તિ અંગેની પ્રવૃત્તિ તે ઉચ્ચ માનવજાતિમાં એક અત્યંત સભાન વૃત્તિ તરીકે તો રહેલી જ છે, અને તે આનંદના, પ્રમોદના, એને માટે પરમાનંદ શબ્દ તો જરા મોટો પડે, મૂળ તરીકે તો ચાલુ જ રહેલી છે. પરંતુ એ કામવૃત્તિની રીતે સર્જન કરવાની જરૂર જ્યારે રહેશે નહિ ત્યારે પછી કુદરતની ક્રિયાઓમાં તેણે ટકી રહેવા માટે કોઈ પણ કારણ રહેવાનું નથી. અને તેના પરિણામે, જીવનના આનંદ સાથે સંબંધમાં આવવાની જે શકિત છે તે એક પગથિયું ઊંચે ચડેલી બનશે અથવા તો જુદી દિશામાં ગતિ કરવા લાગશે. પણ પહેલાંના આધ્યાત્મિક સાધકો જે વસ્તુ સિદ્ધાંત તરીકે કરવા માગતા હતા—કામવૃત્તિનો પૂર્ણ ઇનકાર—એ તો એક અર્થહીન વસ્તુ જ છે. કેમકે આ વસ્તુ તો જે લોકો પશુ અવસ્થાથી ઉપર ચાલ્યા ગયેલા છે અને તેમનામાં હવે કશું પશુતત્ત્વ રહેવા પામ્યું નથી એમના જ માટે બનવાની છે. અને એ કામવૃત્તિ કશા પ્રયત્ન વિના અને કશી ખેંચતાણ વિના કુદરતી રીતે જ ખરી જાય એમ બનવાનું છે. એને એક સંઘર્ષનું અને ખેંચતાણનું મધ્યબિંદુ બનાવી દેવું એ તો હાસ્યાસ્પદ છે. ચેતના જ્યારે માનવ કક્ષાની રહેતી નથી ત્યારે એ વૃત્તિ કુદરતી રીતે જ ખરી જાય છે. આ બાબતમાં પણ સંક્રાંતિનો એક ગાળો આવે છે ખરો અને તે થોડોઘણો મુશ્કેલ પણ બની શકે છે. કારણ કે

સંક્રાંતિની અવસ્થામાં રહેતાં માણસોની સમતુલા હંમેશાં અસ્થિર રહેતી હોય છે; પરંતુ તેમની ભીતરમાં એક રીતની જ્વાલા જલતી હોય છે, તેમને એક ક્ષુધા લાગેલી હોય છે અને તેને લીધે આ વસ્તુ કંઈ વેદના રૂપ બનતી નથી—એ પ્રયત્ન વેદનામય બનતો નથી, એને આપણે હસતાં હસતાં કરી શકીએ છીએ. પણ જે લોકો આ સંક્રાંતિ માટે તૈયાર નથી તેમના ઉપર એ લાદવાનો પ્રયત્ન કરવો એ તો અર્થહીન જ છે.

આ સામાન્ય બુદ્ધિની વસ્તુ છે. આ બધાં મનુષ્યો છે, પણ એ લોકોએ પોતે મનુષ્ય નથી એવો કોઈ દંભ કરવાનો નથી.

આ કામવૃત્તિ તમારે માટે જ્યારે આપોઆપ જ અશક્ય બની જાય, તમને એમ લાગે કે આ કોઈ દુ:ખદાયક વસ્તુ છે, તમારી જે ઊંડી ક્ષુધા છે તેથી ઊલટી છે, ત્યારે પછી વસ્તુ સહેલી બને છે; એમ થાય પછી, તમે આ બંધનો બાહ્ય રીતે કાપી નાખો છો અને વાત પૂરી થઈ જાય છે.

આ એક ખૂબ જ પ્રતીતિ કરાવી આપે તેવું દૃષ્ટાંત છે.

ખોરાક વિષે પણ એવી જ સ્થિતિ છે. એમાં પણ એ રીતે જ બનશે. પશુતત્ત્વ જ્યારે ખરી પડશે ત્યારે ખોરાક માટેની અનિવાર્ય આવશ્યકતા પણ ખરી પડશે. અને સંક્રાંતિનો એક એવો ગાળો પણ આવી શકે તેમ છે કે જેમાં તમે માત્ર સ્થૂલ ખોરાક ઓછો ને ઓછો લેતા થશો. દાખલા તરીકે, તમે ફૂલ સૂંઘતા હો છો તો તે પણ એક પોષણ આપનારી વસ્તુ હોય છે. મેં એ જોયું છે, તમે પોતાને એક વધુ સૂક્ષ્મ રીતે પોષણ આપતા હો છો.

આમાં માત્ર એટલું જ કે, શરીર તૈયાર નથી હોતું. શરીર તૈયાર નથી હોતું અને તે ક્ષીણ થવા લાગે છે, એટલે કે, એ પોતાને જ ખાવા લાગે છે. એમાંથી એ સાબિત થાય છે કે હજી સમય આવ્યો નથી, હજી માત્ર પ્રયોગ જ ચાલી રહ્યો છે—એ પ્રયોગ તમને કાંઈક શીખવી જતો હોય છે, એ તમને

એમ શીખવે છે કે તમે બીજા મળતા આવતા જડતત્ત્વ સાથે સંબંધમાં આવો તો એ કાંઈ કઠોર ઈનકાર જેવું બનતું નથી, એ એક વિચ્છેદ જેવું બનતું નથી (અને તમે તમારી જાતને બીજાઓથી અલગ પાડી દઈ શકતા નથી, એ અશકય છે), પણ એ એક વધુ ઊંચી અને વધુ ગહન ભૂમિકા ઉપરનો સંબંધ બને છે.

(મૌન)

### દિવ્ય કરુણા

જે લોકો બુદ્ધિના ઉચ્ચ પ્રદેશોમાં તો પહોંચ્યા હોય છે, પણ તેમને પોતાની માનસિક શકિતઓ ઉપર પ્રભુત્વ મળેલું નથી હોતું તેમનામાં એક એવી નિર્દોષ ઈચ્છા કામ કરતી હોય છે કે જગતમાં દરેક જણ તેમની માફક જ વિચાર કરતું થાય, અને પોતે સમજે છે તે રીતે જ સમજતા થઈ શકે અને એમને જ્યારે જોવા મળે છે કે બીજા લોકો એમની માફક સમજતા નથી હોતા, સમજી શકતા નથી હોતા ત્યારે તેમને ખૂબ જ આઘાત લાગે છે અને બોલી ઊઠે છે, ‘કેવો તો જડસો છે!’ પણ બીજા માણસો જડસા નથી હોતા, જુદી રીતના હોય છે, એ બીજા પ્રદેશમાં રહેતા હોય છે. કોઈ જાનવરને તમે જઈને એમ નથી કહેતા કે: ‘તું જડસું છે’, તમે એમ કહો છો કે, ‘એ જાનવર છે’. તો, આમાં પણ તમે કહો છો કે, ‘એ માણસ છે’. એ માણસ છે. પણ માત્ર એટલું કે, કેટલાક લોકો એવા છે કે તે હવે માણસ રહ્યા નથી અને હજી દેવો બન્યા નથી, એ લોકો એક એવી સ્થિતિમાં... જરા કઢંગી સ્થિતિમાં હોય છે. પણ આ દર્શન એટલું બધું તો આશ્વાસન દેનારું હતું, એટલું તો મધુર, એવું તો અદ્દભુત હતું—દરેક વસ્તુ પોતાના તત્ત્વને પ્રગટ કરી રહી હતી, સાવ સ્વાભાવિક રીતે.

અને એ વાત તો સાવ દેખીતી છે કે આપણને આવું દર્શન થાય, એના સંપૂર્ણ સભર રૂપમાં અને સમગ્ર રૂપમાં, તે પછી આપણને એક

કરુણાના જેવી કાંઈક વસ્તુ મળી આવે છે, અને એ કરુણા બધું સમજી શકતી હોય છે—ઉચ્ચ લોકોને નીચલા લોકો તરફ દયા થતી હોય છે તેવું નહિ: એ સાચી દિવ્ય કરુણા હોય છે અને તે એક એવા પૂર્ણ જ્ઞાન રૂપે હોય છે કે દરેક વસ્તુ તે જેવી હોવી જોઈએ તે જ પ્રમાણેની છે.

(બુલેટિન ફેબ્રુઆરી, ૧૯૬૬)

# ૬

૨૨ જાન્યુઆરી, ૧૯૬૬

## પસંદગીનું તત્ત્વ

આજે સવારે, બે કલાક સુધી, હું એક રીતની આનંદમય અવસ્થામાં રહી હતી. એમાં એવી તો સ્પષ્ટ સભાનતા હતી કે જીવનનાં બધાં રૂપો, બધાં જ જગતોમાં અને હરેક ક્ષણે એક પસંદગીની અભિવ્યકિત રૂપે હોય છે—આપણે એ પ્રમાણે બનવાનું પસંદ કરતા હોઈએ છીએ.

આ વાત શબ્દોથી કહેવી બહુ જ મુશ્કેલ છે . . . આપણે એમ માનતા હોઈએ છીએ કે આપણને એક ફરજિયાત પરિસ્થિતિ હેઠળ રહેવું પડે છે, તેને આધીન રહેવું પડે છે, એ રીતનું ફરજિયાતપણાનું તત્ત્વ પૂરેપૂરું ચાલ્યું ગયું હતું અને એક તદ્દન સહજ અને સ્વાભાવિક રીતે એમ દેખાતું હતું કે પૃથ્વી ઉપરનું જે જીવન છે, બીજાં જગતોમાંનું જે જીવન છે તેમ જ પૃથ્વી ઉપર જીવનના જે સર્વ પ્રકારો છે તથા બીજાં જગતોમાં જીવનના જે સર્વ પ્રકારો છે એમાં માત્ર પસંદગીનો જ પ્રશ્ન રહેલો છે: તમે તે પ્રમાણે બનવાનું પસંદ કરેલું હોય છે અને તમારે આ રીતના બનવું છે કે તે રીતના, અથવા તો એ વસ્તુ આ રીતની બને છે કે તે રીતની એ બધું તમે સતત રીતે પસંદ કરતા હો છો; અને તમે ભાગ્યને આધીન પડેલા છો, તમને ફરજ

પાડતી કોઈ આવશ્યકતા કે નિયમને આધીન છો એમ માનવાનું પણ તમે જ પસંદ કરતા હો છો—દરેક વસ્તુ પસંદગીનો પ્રશ્ન છે. અને એમાં એક હળવાશની, મુકિતની લાગણી બની રહી અને પછી દરેક વસ્તુ માટે એક સ્મિત પ્રગટ્યું, અને સાથે સાથે આ વસ્તુ તમને એક પ્રચંડ બળ આપે છે. ફરજિયાતપણાની, આવશ્યકતાની—એથીયે વધુ તો ભાગ્યાધીનતાની—તમામ લાગણી સંપૂર્ણપણે ચાલી ગઈ હતી. બધી જ બીમારીઓ, બધી જ ઘટનાઓ, બધાં જ નાટકો, એ તમામ: અદૃશ્ય થઈ ગયું હતું. અને સ્થૂલ જીવનની આ સઘન અને નિષ્ઠુર વાસ્તવિકતા: સંપૂર્ણ ચાલી ગઈ હતી.

આ અવસ્થામાં આજે સવારે હું દોઢ કલાક કરતાં વધુ સમય સુધી રહી હતી. એ પછી, મારે . . . જે અવસ્થામાં પાછા ફરવું પડયું તે અવસ્થા મને કૃત્રિમ લાગે છે, પરંતુ બીજાઓને કારણે, વસ્તુઓ સાથેના સંપર્કને કારણે, તથા જે અનેક અનેક વસ્તુઓ કરવાની હોય છે તે બધાને લીધે એ અવસ્થા ફરજિયાત જેવી લાગે છે. પણ આમ છતાં, પાછળની ભૂમિકામાં પેલી અનુભૂતિ ટકી રહે છે. જીવનની સર્વ સંકુલતાઓ માટે એક રીતનું આનંદ—રમૂજભર્યું સ્મિત બની રહે છે—માણસ જે સ્થિતિમાં હોય છે તે એક પસંદગીની હકીકત છે, અને વ્યકિતને માટે પસંદગીની સ્વતંત્રતા રહેલી છે અને લોકો એ વાત ભૂલી ગયા છે. આ બાબત જ ખૂબ રસપ્રદ છે.

એ જ વખતે માનવ જ્ઞાનનો સારોયે ચિત્રપટ મારી નજરમાં આવ્યો (કારણ કે એ રીતની અવસ્થાઓમાં સર્વ રીતનો માનવ સાક્ષાત્કાર, સર્વ રીતનું માનવ જ્ઞાન એક દૃશ્યપટની માફક એ નવી અવસ્થા સમક્ષ આવીને ઊભાં રહે છે અને બધું પોતપોતાના સ્થાને ગોઠવાઈ જાય છે— જ્યારે કોઈ અનુભૂતિ થાય છે ત્યારે હંમેશાં, હંમેશાં એ જાણે કે એક ભૂતકાળ તરફ દૃષ્ટિપાત જેવું હોય છે) અને મેં જોયું કે બધા સિદ્ધાંતો, માન્યતાઓ, તત્ત્વજ્ઞાનો જે રીતે પેલી નવી અવસ્થા સાથે પોતાને જોડતાં હોય છે તે બહુ રમૂજ પમાડે તેવું હોય છે.

અને એમાં આરામની જરૂર રહેતી નથી. એ અનુભૂતિઓ એટલી બધી સઘન હોય છે, સાહજિક અને વાસ્તવિક હોય છે (એ કોઈ સંકલ્પના પરિણામે આવતી હોતી નથી, એમાં પ્રયત્ન તો એથી પણ ઓછો હોય છે) કે તેમાં પછી આરામ લેવાની જરૂર રહેતી નથી.

પણ જે લોકોને આ અનુભૂતિ કોઈ ને કોઈ કારણસર થયેલી છે, અને જેમની પાસે તત્ત્વજ્ઞાનની કે માનસિક રીતની સંપૂર્ણ તૈયારી હોતી નથી (સંતો અથવા તો આધ્યાત્મિક જીવન ગાળતા રહેલા બધા લોકો આવા હોય છે) તેમને પછી એક એવી તીવ્ર છાપ પડે છે કે જીવન તો અવાસ્તવિક જ છે, ભ્રાંતિ રૂપ જ છે. પરંતુ એ માત્ર એક સંકુચિત દૃષ્ટિ જ છે. વિસ્તુ એવી નથી, એવી નથી, દરેક ચીજ એક પસંદગી રૂપે બનેલી છે, દરેક ચીજ, દરેક ચીજ, પ્રભુએ કરેલી પસંદગી, પણ તે **આપણી અંદર** કરેલી : ત્યાં ઉપર નહિ (ઉપરની દિશામાં સૂચન) : અહીં. અને આપણે એ જાણતા હોતા નથી, એ બધું આપણી પોતાની ભીતરમાં જ છે. અને આપણે એ જ્યારે જાણીએ છીએ, ત્યારે આપણે પસંદગી કરી શકીએ છીએ— આપણે આપણી પોતાની પસંદગી પસંદ કરી શકીએ છીએ, એ અદ્‌ભુત હોય છે.

**અને જીવનની આ રીતની ભાગ્યાધીનતા, અને બંધન અને કઠોરતા :** બધું અદૃશ્ય થઈ ગયું છે. બધું અદૃશ્ય થઈ ગયું હતું. ત્યાં એક પારદર્શક વાદળી રંગ હતો, પારદર્શક ગુલાબી રંગ, એકદમ તેજોમય અને પારદર્શક અને હળવો.

આ વાત તો હું બહુ સારી રીતે કલ્પી શકું છું કે આ કાંઈ છેવટની વસ્તુ નથી; એ માત્ર અસ્તિત્વની એક રીતિ છે... સામાન્ય રીતે જે લોકોમાં પૂરતી બૌદ્ધિક તૈયારી હોતી નથી, તેમને આ પ્રકારનો અનુભવ જ્યારે થાય છે ત્યારે તેઓ એમ માની લે છે કે તેમના હાથમાં આખું સત્ય આવી ગયું છે. અને એ લઈને પછી તેઓ જડ સિદ્ધાંતો ઊભા કરે છે. પણ મેં

તદ્દન બરાબર જોયું છે કે વસ્તુ એવી નથી, એ માત્ર અસ્તિત્વની એક રીતિ છે, જોકે એ એક સરસ રીતિ છે, નહિ? આપણી અહીં જે રીતિ છે તેના કરતાં અનેક ગણી વધારે સારી. અને એ આપણે અહીં પણ મેળવી શકીએ છીએ, મને એ મળેલી છે. અને એ પૂરેપૂરી સઘન રીતે થઈ આવી હતી. અને આમ તો અહીં હંમેશાં કશું ને કશું તો બરાબર હોતું નથી, અહીં કે ત્યાં કશુંક ખોટું હોય છે, આ કે પેલું ખોટું હોય છે અને પછી સંયોગો પણ બરાબર નથી હોતા, હંમેશાં મુશ્કેલીઓ હોય છે, એ બધું ... એ રંગ બદલી નાખે છે. એ હળવું, હળવું, હળવું સૂક્ષ્મ બની જાય છે. બધી કઠોરતા અને અક્કડતા: ચાલી ગઈ હતી.

અને એવી લાગણી પણ રહે છે કે તમે જો એ પ્રમાણે રહેવાનું પસંદ કરો તો તમે એ રીતની સ્થિતિમાં ચાલુ રહી શકો છો. અને એ સાચું છે. એ તો આપણને જે ખોટી ટેવો પડી ગયેલી છે—દેખીતી રીતે જ પૃથ્વી ઉપરની જે હજારો ટેવો છે—એ બધી ખોટી ટેવો તમને અટકાવી રાખે છે. પરંતુ એ અવસ્થા એક કાયમની કેમ ન રહે તે માટે કોઈ કારણ છે નહિ. કેમકે આ વસ્તુ તો બધું જ બદલી નાખે છે. બધું જ બદલાઈ જાય છે!... એ તો દેખીતું છે કે આપણે જો એ અવસ્થાના સ્વામી થઈ શકીએ તો આપણે આપણી આસપાસના બધા સંજોગોને બદલી શકીએ છીએ.

હમણાં થોડા વખત ઉપર (ઠીક ઠીક લાંબા સમય સુધી) શરીર અંગે એ જ મુશ્કેલી ઊભી થઈ હતી, અને શરીર એ, સામાન્ય રીતે હોય છે તે મુજબ કોઈ મર્યાદિત વસ્તુ રહેલું નથી, તેમ જ છીપલીમાં પુરાઈ ગયેલું હોય તેવું રહ્યું નથી, અને એ આપોઆપ વસ્તુઓને ઝીલતું રહે છે, એમાં 'ઝીલવાની' લાગણી પણ હોતી નથી, એની આસપાસ જે જે કાંઈ આવેલું હોય છે તે બધાનાં આંદોલનો તેને **મળતાં રહેતાં** હોય છે, અને પછી, એની આસપાસ આવેલી બધી વસ્તુઓ, માનસિક અને નૈતિક દૃષ્ટિબિંદુથી જોતાં

બંધ રીતની હોય છે, સમજો નહિ એવી હોય છે, ત્યારે વાત જરા થોડી મુશ્કેલ બને છે, એટલે કે એ બધાં તત્ત્વો આવતાં હોય છે અને આપણે તેમનું રૂપાંતર જ કરવાનું રહે છે. એ એક રીતની સમગ્રતા છે, સમગ્રતા, ખૂબ જ બહુવિધતાવાળી અને ખૂબ જ અસ્થિર—એ સમગ્રતા ચેતનાના અને કર્મના તમારા ક્ષેત્રના પ્રતિનિધિ જેવી હોય છે અને તમારે એક સંવાદિતા, એક ઓછામાં ઓછી સંવાદિતા ફરીને પાછી સ્થાપવાને માટે આખોયે વખત કામ કરવાનું રહે છે; અને પછી જ્યારે કોઈ વસ્તુ સામાન્ય વિચાર પ્રમાણે 'ખોટી' રીતે થતી હોય છે ત્યારે એથી કામ કરવું જરા મુશ્કેલ બને છે. વળી એ કામ સાથે સાથે નાજાક હોય છે અને સતત ચાલુ રહેનારું અને જિદ્દી હોય છે. મને યાદ આવે છે, આ અનુભૂતિ થઈ તે પહેલાં થોડા જ વખત ઉપર શરીરમાં સંવાદિતા માટે, પ્રકાશ માટે, એક રીતની સુખભરી શાંતિ માટે અભીપ્સા થતી હતી; શરીર સૌથી વિશેષ તો એક સંવાદિતા માટે અભીપ્સા કરતું હતું કેમકે આ બધી વસ્તુઓ કર્કશ અને કઠોર રીતની હોય છે. અને સંભવ છે કે આ અભીપ્સાના પરિણામ રૂપે એ અનુભૂતિ બની આવી હતી.

## સતત કૂચ—રૂપાંતરની ક્રિયા

મેં એટલું માત્ર નોંધ્યું છે કે આ શરીરના જીવનમાં મને કોઈ પણ અનુભૂતિ બે વાર થયેલી નથી—એ જ રીતની અનુભૂતિ મને વધારે ઊંચી કક્ષા ઉપર કે ઘણી વિશાળ કક્ષામાં થઈ હશે ખરી, પરંતુ તે એની એ જ ફરીથી થયેલી હોતી નથી અને અનુભૂતિને હું જાળવી રાખતી નથી, હું આખોયે વખત, બધો જ વખત, બધો જ વખત (આગળ જવાનું સૂચન) કૂચ કરતી હોઉં છું. હા, ચેતનાના રૂપાંતરનું કામ એટલું બધું ઝડપથી ચાલતું હોય છે કે, એટલું બધું ઝડપથી કરાવું જોઈએ કે એક અનુભૂતિનો આનંદ લેવા માટે કે તેના ઉપર ચિંતન કરવા માટે કે પછી તેમાં ખૂબ ખૂબ

લાંબા વખત સુધી સંતોષ મેળવવા માટે વખત જ રહેતો નથી. એ અશક્ય છે. રૂપાંતરની ક્રિયા જોરબંધ આવતી હોય છે, ખૂબ જ જોરપૂર્વક, એટલે કે એ દરેક વસ્તુને બદલી નાખે છે અને પછી બીજું કાંઈક આવે છે. કોષોના રૂપાંતર વિષે પણ આવું જ હોય છે: હરેક રીતની નાની નાની અવ્યવસ્થાઓ ઊભી થાય છે, પણ તે ચેતનાને માટે તો દેખી શકાય તેવી રૂપાંતરની અવ્યવસ્થાઓ હોય છે. અને પછી આપણે એ મુદ્દા ઉપર કામ કરવા લાગીએ છીએ, આપણે ફરી પાછી વ્યવસ્થા સ્થાપવા માગીએ છીએ. અને એ જ વખતે કોઈ એક વસ્તુ ખાસ જાણતી હોય છે કે આ જે અવ્યવસ્થા આવી ગઈ તે સામાન્ય રીતની આપોઆપ થતી રહેતી ક્રિયાને બદલે પરમાત્માની સીધી દોરવણી હેઠળ અને સીધી અસર હેઠળ સભાન રીતે થતી રહેવાની ક્રિયાને માટે જગા કરી આપવાને આવી હતી. અને શરીર પોતે જ એ વસ્તુ જાણતું હોય છે (હજી શરીરમાં અહીં તહીં દર્દ થાય અથવા તો આ કે પેલી વસ્તુ ગરબડમાં પડી જાય તો તે આનંદદાયક હોતું નથી, પણ શરીર **જાણતું** તો હોય જ છે). અને એ બિંદુ જ્યારે રૂપાંતરની અમુક કક્ષાએ પહોંચે છે ત્યારે પછી આપણે બીજા બિંદુ ઉપર જઈએ છીએ, પછી વળી બીજા બિંદુ ઉપર, અને વળી બીજા બિંદુ ઉપર, પરંતુ જ્યાં સુધી... એકેએક વસ્તુ તૈયાર થઈ હોતી નથી ત્યાં સુધી કશું પણ થયેલું હોતું નથી, કશું કામ નિશ્ચયાત્મક રીતે થયેલું હોતું નથી. પછી એ જ કામ તમારે વધારે ઊંચી કે વધારે વિશાળ ભૂમિકા ઉપર ફરીથી કરવાનું રહે છે અથવા તો વધારે તીવ્રતાથી કે વધારે વિગતમાં કરવાનું રહે છે, એનો આધાર એ ખાસ વસ્તુ ઉપર રહેતો હોય છે, અને છેવટે જતાં આખીયે વસ્તુને એક સંવાદમય બિંદુ ઉપર લઈ જવામાં આવે છે અને તે એક સમાંતર રીતે તૈયાર બની રહે છે.

હું જોઉં છું તે મુજબ, આ વસ્તુ જેટલી ઝડપથી થઈ શકે તેટલી ઝડપે ગતિ કરી રહી છે, પરંતુ એ લાંબો વખત લે છે. આખોયે પ્રશ્ન તે

ટેવને બદલવાનો છે. હજારો વર્ષોથી આપોઆપ થતી રહેતી આખીયે ટેવને પરમ ચેતના દ્વારા સીધેસીધી રીતે દોરતી એક સભાન ક્રિયામાં ફેરવી નાખવાની છે.

## લોકોની વચ્ચે

આપણને એમ કહેવાનું મન થાય છે કે આપણે લોકોથી ઘેરાયેલા રહીએ છીએ અને આપણે જગતમાં કામ કરીએ છીએ તેથી આ કામ ઘણો વધુ લાંબો વખત લે છે અને ઘણું વધારે મુશ્કેલ બને છે, પણ આપણે જો આવી પરિસ્થિતિઓમાં રહેતા નહોત તો ઘણી ઘણી વસ્તુઓ સ્મરણ બહાર રહી જાત, ઘણી ઘણી. ઘણી વસ્તુઓ થાત નહિ. અનેક રીતનાં આંદોલનો એવાં છે કે જેને આ પુદ્ગલ (માતાજીના કોષમય પુદ્ગલ) સાથે કશો સંબંધ નથી અને હું જો આ બધા લોકો સાથે સંબંધમાં રહેતી નહોત તો તે આંદોલનોને રૂપાંતરકારક મહા શકિતના સ્પર્શમાં આવવાની તક જ મળી ન હોત.

એ વાત તો દેખીતી છે, ખૂબ જ દેખીતી છે કે આપણે સારામાં સારી પરિસ્થિતિમાં મુકાયેલા છીએ અને કાર્ય માટેની વધુમાં વધુ શકયતાઓ આપણને મળેલી છે . . . આપણે એ સાચા દિલથી માગીએ છીએ ત્યારે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૬૬)

૭

મે ૧૮, ૧૯૬૬

## 'એલ એસ ડી' દવાઓ : અવચેતન પ્રાણની દૃષ્ટિ

તમે આ દવાઓ વિષે સાંભળ્યું છે?* ... તમે કોઈ ચિત્રો જોયાં છે? મેં જોયાં છે. એમાં માણસો, જરા પણ બચાવ વિના, નીચેમાં નીચેના પ્રાણમાં ધકેલાઈ જાય છે અને તેમને પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે ભયાનક કે પછી અદ્ભુત અનુભવો થાય છે. દાખલા તરીકે, એક તકિયો કે ખુરસી એકદમ અદ્ભુત રીતે સુંદર બની જાય છે. આ સ્થિતિ બેથી ત્રણ કલાક સુધી ચાલે છે. સ્વાભાવિક રીતે જ, એ બધો વખત માણસો પોતાનું ભાન પૂરેપૂરું ગુમાવી દેતા હોય છે. અને એમાં દયાજનક વસ્તુ એ છે કે લોકો આને 'આધ્યાત્મિક અનુભૂતિઓ' કહે છે અને એમને કોઈ કહેનાર મળતું નથી કે આ વસ્તુઓને આધ્યાત્મિક અનુભૂતિ સાથે કાંઈ જ સંબંધ નથી.

થોડા વખત ઉપર મને એક જણ તરફથી પત્ર મળ્યો હતો અને તેણે લખેલું કે તેણે આ દવાઓ લીધી હતી, અને તેને ભયંકર વસ્તુઓ જોવામાં આવી હતી, એના ઓરડાની દીવાલો 'હજારો દુષ્ટ અને ખૂનખાર

* માતાજી 'એલ એસ ડી' નામની, લાયસર્જિક ઍસિડમાંથી બનાવેલી ભ્રાંતિ ઉત્પાદક દવા વિષે વાત કરતાં હતાં.

ચહેરાઓથી જીવતી બની ગઈ હતી અને રાત પડી ત્યાં સુધી તેને સતાવતી રહી હતી.' લો, આમ વસ્તુ છે.

અને આમ મને વળી એક બીજી સાબિતી મળી આવી.. મેં 'લાઈફ'માં ચિત્રો જોયાં હતાં (કેટલાક ફોટોગ્રાફ હતા); તમે જાણે કે ગાંડા લોકોના ઘરમાં દાખલ થઈ ગયા હતા. કેમકે આ છબીઓ અવચેતનમાં નોંધાયેલી હોય છે—વિચારોની છબીઓ, સંવેદનોની છબીઓ, લાગણીઓની છબીઓ, અવચેતનમાં નોંધાયેલી—એ બધી ત્યાં અલગ વસ્તુ રૂપે બની રહે છે, એ સપાટી ઉપર નીકળી આવે છે અને અલગ વસ્તુ રૂપે બની રહે છે. આ રીતે એ અંદરમાં જે હોય છે તેનું એક ચોક્કસ ચિત્ર મેળવી આપે છે.

દાખલા તરીકે, તમને જો એવી લાગણી કે વિચાર હશે કે કોઈ માણસ દુષ્ટ કે હાસ્યાસ્પદ છે, અથવા તો તમે તેને ગમતા નથી તો, ટૂંકામાં, આ રીતના વિચારો, સામાન્ય રીતે આ બધું સ્વપ્નમાં ઉપર આવે છે; પરંતુ અહીં તમે ઊંઘતા નથી હોતા અને તમને સ્વપ્ન આવે છે! તમે વિચારી રાખેલી રમત રમવાને એ આવી જાય છે; એ વસ્તુઓ વિષે તમે જે વિચારેલું હોય છે તે તેમનાં પોતાનાં રૂપોમાં તમારી પાસે આવે છે. તો આમ આ એક ઈશારો છે: જે લોકોને આનંદભરી, અનુકૂળ, સુંદર છબીઓ દેખાતી હોય છે, તેમને માટે એનો એ અર્થ થાય છે કે તેમની અંદર (પ્રાણની રીતે) બધું તદ્દન સારી રીતે ચાલી રહ્યું હોય છે, પણ જે લોકોને ભયાનક કે દુષ્ટ કે આવી આવી ચીજો જોવા મળે છે, તેનો અર્થ એ થાય છે કે પ્રાણ બહુ આનંદમય નથી.

### પ્રાણમય સૃષ્ટિઓ: સભાન પ્રવેશ

> હા, પરંતુ એક સ્વતંત્ર એવો પ્રાણ શું નથી હોતો કે જ્યાં આગળ આ દર્શનોને આપણા પોતાના અવચેતનની સાથે કાંઈ સંબંધ ન હોય?

હા, છે, પણ એનાં લક્ષણો એ જ પ્રમાણેનાં નથી હોતાં.

એ જ લક્ષણો નહિ?

આપણે પ્રાણના પ્રદેશમાં પૂરેપૂરા સભાન રહીને—આપણા પોતાના પ્રાણ વિષે સભાન બનીને તેમ જ, આપણે સ્થૂલ જગતમાં સભાન હોઈએ છીએ તેની માફક પ્રાણમય જગતમાં સભાન બનીને જઈએ નહિ તો આપણે એ લક્ષણો જાણી શકતા નથી. આપણે ત્યાં સભાન રહીને જતા હોઈએ છીએ. એ સ્વપ્ન નથી હોતું, એનું સ્વરૂપ સ્વપ્નના જેવું નથી હોતું. એ એક પ્રવૃત્તિ જેવું હોય છે, એક અનુભૂતિ હોય છે, અને એ વસ્તુ તદ્દન જુદી હોય છે.

પણ આ પ્રાણમય સૃષ્ટિઓ પણ હોય છે તો ખરી ને? એમાં આપણા ઉપર ત્રાસ ગુજારવામાં આવતો હોય છે, એ ભયંકર દુનિયાઓ હોય છે, યંત્રણા અને ત્રાસની દુનિયાઓ હોય છે.

૯૦ ટકા આત્મગત હોય છે.

૯૦ ટકા આત્મગત. હું એક વરસથી વધુ વખત સુધી, નિયમિત રીતે, રોજ રાતે, એક જ કલાકે અને એક જ રીતે, પ્રાણમાં જતી હતી, ત્યાં કોઈ એક ખાસ કામ કરવાને. અને આ મારી પોતાની મરજીથી હું નહોતી કરતી : એ કામ કરવાનું મારે માટે નિર્માણ થયેલું હતું. એ કોઈક વસ્તુ મારે કરવાની હતી. હવે, દાખલા તરીકે, પ્રાણમાંના આ પ્રવેશનું વર્ણન ઘણી વાર કરવામાં આવેલું છે. એમાં એક એવો રસ્તો આવે છે કે જ્યાં આગળ તમને અંદર દાખલ થતાં રોકવા માટે પહેરેગીર સત્ત્વો મૂકવામાં આવેલાં હોય છે (ગુહ્ય વિદ્યાનાં પુસ્તકોમાં આ વસ્તુઓ વિષે ઘણું કહેવામાં આવેલું છે). તો, હું અનુભવથી જાણું છું (આકસ્મિક રીતે થતા નહિ), ફરી ફરીને થતા રહેલા અનુભવથી, અને મને સમજાયું છે કે આ વિરોધ

અથવા તો આ દુરિચ્છા એ ૯૦ ટકા માનસિક રીતની હોય છે, અને તે એ અર્થમાં કે તમે જો એને વિષે એ થવાનું છે એવી કલ્પના કરો નહિ કે તેને વિષે તમને કશો ભય થાય નહિ, અથવા તો અજ્ઞાત વસ્તુથી ડરતું હોય તેવું તમારામાં જો કશું હોય નહિ, ભય ઈત્યાદિની તમારામાં જો આ બધી ક્રિયાઓ હોય નહિ તો એ વસ્તુ ચિત્ર ઉપર પડતા એક પડછાયા જેવી હોય છે અથવા તો એક છબી ફેંકવામાં આવી હોય તેના જેવું હોય છે, તેમાં કોઈ નક્કર વાસ્તવિકતા હોતી નથી.

## હુમલાઓ : સ્વીકારેલી સંભાવના : સ્વરૂપાવસ્થા

હા, એ સાચું છે કે મારે કોઈ એક જણ આડે માર્ગે ચાલ્યું ગયું હતું તેને બચાવવા જતાં સાચેસાચી બે લડાઈઓ પ્રાણના પ્રદેશમાં લડવી પડી હતી. અને બે વાર મને ફટકાઓ પડયા હતા, અને એ પછીની સવારે હું જ્યારે જાગેલી ત્યારે તેનું નિશાન જોવા મળેલું (માતાજી પોતાની જમણી આંખને અડે છે). તો, આ બે દાખલાઓમાં, હું જાણું છું કે મારા પોતામાં કાંઈ હતું,—કોઈ ભય તો નહિ, કેમકે એ પ્રદેશમાં મને કદી ભય લાગેલો નથી, પણ એ વસ્તુ બનવાની સંભાવના મેં કલ્પેલી એટલે એ બન્યું હતું. 'આ વસ્તુ ખરેખર બની શકે છે' એવો વિચાર આવવો એને લીધે અને એ બનવાની સંભાવના હું જોતી હતી એ હકીકતને લીધે એ ફટકો આવેલો. એ થવાનું જ છે એમ હું જાણતી હતી. અને હું જો, જેને મારી 'સ્વાભાવિક સ્થિતિ' કહી શકાય, આંતરિક નિશ્ચિતતાની, તેમાં જો રહેલી હોત તો આ વસ્તુ મને અડી શકી ન હોત, એ એમ કરી શકત નહિ. અને આ સંભાવના મને એટલા માટે દેખાતી હતી કે ગુહ્ય વિદ્યાની એક જાણકારને, કે જેને હું ઓળખતી હતી, પ્રાણની એક લડાઈમાં આંખ ગુમાવવી પડી હતી અને તેણે એ વિષે મને કહેલું હતું, અને એટલે (હસતાં હસતાં) એમાંથી મને વિચાર આવ્યો કે આ વસ્તુ બનવાનો સંભવ છે, કેમકે એ બાઈને

એવું થયું હતું! પરંતુ હું જ્યારે મારી પોતાની અવસ્થામાં હોઉં છું—હું એમ પણ કહી શકતી નથી, એ કોઈ 'અંગત' વસ્તુ નથી હોતી, એ એક સ્વરૂપાવસ્થા છે—એટલે કે આપણે જ્યારે સાચી અવસ્થામાં હોઈએ છીએ, આપણે જ્યારે સચેતન સ્વરૂપ હોઈએ છીએ અને આપણું સ્વરૂપ સાચી અવસ્થામાં હોય છે ત્યારે આ વસ્તુ આપણને અડી શકતી નથી.

એ આપણે એક શત્રુને મળતા હોઈએ અને તેને મારવાની આપણને ઈચ્છા થાય અને પછી આપણા પ્રહારો ધાર્યા પ્રમાણે વાગે નહિ, તમે જે કાંઈ કરો તેની અસર થાય નહિ એના જેવો એ અનુભવ છે—એ હંમેશાં આત્મગત હોય છે. એની મને પૂરેપૂરી સાબિતી મળેલી છે, પૂરેપૂરી સાબિતી.

અન્ય જગતો, દેવો, ઈ. સાથે સંબંધ

પણ તો, વસ્તુગત તત્ત્વ એટલે શું?

એ રીતે તો જગતો આવેલાં છે, સત્ત્વો આવેલાં છે, શક્તિઓ છે, તેમને તેમનું પોતાનું અસ્તિત્વ હોય છે, પણ મારે એ કહેવાનું છે કે તેમનો માનવ ચેતના સાથે જે સંબંધ છે તેમાં તેઓ જે રૂપો લે છે તેનો આધાર આ માનવ ચેતના ઉપર રહે છે.

દેવોની બાબતમાં જેવું હોય છે તેવું જ, બેટા, આ છે, એના જેવી જ આ વસ્તુ છે. અધિમનસનાં આ બધાં સત્ત્વો, આ બધા દેવો, તેમની સાથેનો સંબંધ, આ સંબંધોનું રૂપ, માનવ ચેતના ઉપર આધાર રાખે છે. તમે . . . હોઈ શકો છો. એમ કહેવાયું છે કે: 'મનુષ્યો દેવો માટે પશુ જેવાં છે', પણ તે માણસ પશુ બનવાનું સ્વીકારે તો. માનવની પ્રકૃતિના મૂળ તત્ત્વમાં તો સર્વ વસ્તુઓ ઉપર એક ચક્રવર્તી સત્તા રહેલી છે અને એ જ્યારે અમુક સંખ્યાના વિચારો અને કહેવાતા જ્ઞાનથી જૂઠી બની ગયેલી હોતી નથી ત્યારે આ સત્તા તેને માટે સહજ અને સ્વાભાવિક હોય છે.

આપણે કહી શકીએ છીએ કે માણસ તેની પ્રકૃતિના સ્વરૂપની સર્વ અવસ્થાઓનો સર્વશકિતમાન સ્વામી છે, પરંતુ આ બનવાનું તે ભૂલી ગયો છે.

એની સ્વાભાવિક અવસ્થા તે સર્વ-શકિતમાન બની રહેવાની છે—આ બનવાનું તે ભૂલી ગયો છે.

વિસ્મૃતિની આ અવસ્થામાં, દરેક વસ્તુ ઘન રૂપ લે છે, હા, એ અર્થમાં કે આપણી આંખ ઉપર નિશાની રહી જાય, એ વસ્તુ આ રીતે પલટાઈ જાય, પણ તેનું કારણ... કારણ એ કે આપણે તે થવા દીધેલું હોય છે.

દેવો વિષે પણ એવી જ વસ્તુ છે. તેઓ તમારા જીવનનું નિયંત્રણ કરી શકે છે અને તમને ખૂબ ખૂબ ત્રાસ આપી શકે છે (તેઓ તમને ખૂબ ખૂબ મદદ પણ કરી શકે છે), પરંતુ તેમની શકિત, તમારી સાથેના સંબંધમાં, માનવ સાથેના સંબંધમાં, તમે તેમને જે સત્તા આપો તે જ હોય છે.

આ વસ્તુ મને ધીરે ધીરે કેટલાંક વરસો પછી સમજાયેલી. પણ હવે મને એની પૂરી ખાતરી છે.

## મનુષ્યની સર્વશકિતમત્તા, દેવત્વ

કુદરતી રીતે જ, વિકાસક્રમના વળાંકમાં, માણસ પોતાની સર્વ-શકિતમત્તાને વીસરી જાય એ જરૂરનું હતું. કેમકે એ સર્વશકિતમત્તાને લીધે એ ગર્વ અને મિથ્યાભિમાનથી કેવળ ફુલાઈ ગયો હતો અને એમાંથી તે પૂરેપૂરો વિકૃત થઈ ગયો હતો અને એને એ વસ્તુનો અનુભવ કરાવવાની જરૂર હતી કે તેના કરતાં ઘણી વસ્તુઓ વધારે બળવાન અને વધારે શકિત-વાળી છે. પણ મૂળમાં આ વસ્તુ સાચી નથી. વિકાસક્રમના વળાંકમાં આ એક જરૂરની વસ્તુ છે, એટલું જ.

મનુષ્યમાં દેવ બનવાની શકયતા રહેલી છે. એણે આમ તો પોતાને

ખરેખરો દેવ માની લીધો હતો. પણ એણે એ શીખવાની જરૂર હતી કે એ પૃથ્વી ઉપર પેટે ચાલતા એક નાનકડા જંતુ કરતાં કંઈ જ વિશેષ નથી અને તેથી પૃથ્વી પરનું જીવન તેની હરેક રીતે ખબર લેવા માંડયું, એને છોલવા માંડયો, છોલવા માંડયો અને આખરે જતાં...એ સમજતો થયો એમ તો નહિ, પણ કાંઈ નહિ તો એને થોડું અનુભવાવા લાગ્યું તો ખરું જ. પરંતુ જ્યારે એ સાચી દૃષ્ટિમાં પહોંચે છે ત્યારે એને તરત જ ખબર પડે છે કે પોતે ગૂઢ રૂપે તો એક દેવ છે. માત્ર, એણે એ બનવાનું રહે છે, એટલે કે જે જે વસ્તુ દેવરૂપ નથી તે તે બધું તેણે જીતી લેવાનું રહે છે.

દેવોની સાથેનો આ સંબંધ એક અતિશય રસિક વિષય છે...જ્યાં સુધી મનુષ્ય આ દિવ્ય સત્ત્વોની શકિત, સુંદરતા, સિદ્ધિઓથી આશ્ચર્ય પામતો રહે છે અને એ બધા પ્રત્યે અહોભાવથી જોતો રહે છે ત્યાં સુધી એ તેમનો દાસ બની રહે છે. પરંતુ એને જ્યારે સમજણ પડે છે કે આ બધી વસ્તુઓ પરમાત્માના સ્વરૂપની જુદી જુદી અવસ્થાઓ છે, વિશેષ કાંઈ જ નહિ, અને તે પોતે પણ પરમાત્માના સ્વરૂપની એક બીજી રીતની અવસ્થા છે, કે જે તેણે બનવાનું છે ત્યારે દેવો સાથેનો સંબંધ બદલાઈ જાય છે અને એ તેમનો દાસ રહેતો નથી—એ તેમનો દાસ નથી.

ત્યારે એકમાત્ર વસ્તુગત તત્ત્વ તે પરમાત્મા જ છે.

બરાબર, તેં વાત કહી દીધી, બેટા. એ એમ જ છે.

વસ્તુરૂપતા એ શબ્દનો અર્થ 'સાચું સ્વતંત્ર અસ્તિત્વ'—સ્વયંભૂતા, સ્વાધીન અને વાસ્તવિક—એમ લેવામાં આવે તો પછી પરમાત્મા સિવાય બીજું કાંઈ રહેતું જ નથી.

છતાં આ લગભગ સંપૂર્ણ એવી આંતરિકતા વિષે કાંઈક બેચેની કરે તેવું રહેલું છે.

આહ, શા માટે?

## પરમાત્મા, એ જ એકમાત્ર વસ્તુ

આપણને આશ્ચર્ય થાય છે કે વાસ્તવિક વસ્તુ તે શી છે? આપણને જે જે વસ્તુનો ખરેખરો ભેટો થાય છે તે શું છે? એકેએક વસ્તુ શું કલ્પનાનું જ જાળું નથી? આ જરા બેચેન કરી મૂકે તેવું છે.

પરંતુ આપણને જ્યારે એવો નક્કર અનુભવ થાય છે કે પરમાત્મા એ જ એકમાત્ર અને અનન્ય વસ્તુ અસ્તિત્વમાં છે અને આ બધી જે વસ્તુઓ છે તે પરમાત્મા પોતાની સાથે જ રમત રમી રહ્યા છે ત્યારે એ વસ્તુ કોઈ બેચેની કરનારી કે અરુચિકર કે કષ્ટદાયક વસ્તુ રહેતી નથી, ઊલટું એ એક રીતની સંપૂર્ણ સુરક્ષિતતા બની રહે છે.

પરમાત્મા એ જ એકમાત્ર વાસ્તવિકતા છે, અને આ બધું જે છે એ તો તેઓ પોતાને ખાતર જે રમત રમી રહેલા છે તે છે. આ દૃષ્ટિ, એનાથી ઊલટી દૃષ્ટિ કરતાં ઘણું વધારે આશ્વાસન આપનારી બને છે.

અને આખરે તો, આ જ એક ખાતરીભરી વસ્તુ છે કે આ બધું કોઈ અદ્‌ભુત વસ્તુ રૂપે બની શકે તેમ છે, નહિ તો . . .

અને આનો આધાર પણ આપણે કયું દૃષ્ટિબિંદુ લઈએ છીએ તેના ઉપર રહે છે. આ વિશ્વરૂપી રમત આપણે સારી રીતે રમવી હોય તો આરંભમાં એ કદાચ જરૂરનું રહે છે કે એ રમત સાથે રમત તરીકે જ આપણે એકરૂપ થઈ જવાનું છે, એ એક સ્વયંભૂ અને સ્વતંત્ર વસ્તુ છે એમ સમજવાનું છે. પરંતુ એક ક્ષણ એવી આવે છે કે આપણે આ રીતની અનાસકિતમાં પહોંચી જઈએ છીએ, અને જીવનના તમામ જૂઠાણા પ્રત્યે આપણને એક સંપૂર્ણ ઘૃણા થઈ આવે છે અને પછી એ જીવનને આપણે જરા પણ સહન કરી શકતા નથી, સિવાય કે આપણે એમ જોઈ શકીએ કે આ બધું તો પ્રભુની પોતાની આંતરિક લીલા છે, પ્રભુની પોતાની અંદર થઈ

રહેલી, અને પોતાને ખાતર થઈ રહેલી.

અને પછી આપણને પેલી પરમ અને સંપૂર્ણ સ્વતંત્રતાનો અનુભવ થાય છે અને તેમાંથી પછી અત્યંત અદ્‌ભુત શકયતાઓ વાસ્તવિક બની રહે છે, અને આપણે કલ્પી શકીએ તેવી અત્યંત ભવ્ય વસ્તુઓ સિદ્ધ કરી શકાય છે.

(માતાજી ધ્યાનમાં ઊતરે છે)

તમને જણાશે કે એક ક્ષણ એવી આવે છે કે આપણે જો એવું વલણ લઈ શકીએ કે પ્રભુ એ જ બધી વસ્તુઓ રૂપે છે તો જ આપણે આપણી જાતને કે જીવનને સહન કરી શકીએ છીએ. જુઓ, આ આપણા પ્રભુ, એમની પાસે કેટલી બધી વસ્તુઓ છે, એ આ બધા સાથે રમે છે—એ રમે છે, એ અવસ્થાઓ બદલવાની રમત રમે છે. અને પછી આપણને જ્યારે આ દેખાય છે, આ બધું જ, ત્યારે આપણે પેલું અસીમ આશ્ચર્ય અનુભવતા થઈએ છીએ, અને આપણને એમ થાય છે કે આપણી સર્વ પરમ અદ્‌ભુત અભીપ્સાઓ, આ બધું જ તદ્દન બની શકે તેવું છે, અને એના કરતાં પણ વધુ વસ્તુઓ બનવાની છે. અને આમ થતાં આપણને આશ્વાસન મળે છે. નહિ તો અસ્તિત્વ . . . એને કોઈ દિલાસો મળે તેમ રહેતું નથી. પરંતુ આ રીતે તો અસ્તિત્વ મોહક બની રહે છે. આ વિષે તમને હું કોઈ દિવસ કહીશ.

આપણને જ્યારે જીવનની અવાસ્તવિકતાનો અનુભવ થઈ જાય છે—પેલી એક વાસ્તવિકતાની સાથે સરખાવતાં આ જીવન જ્યારે અવાસ્તવિક બની જાય છે, અને એ પેલી વાસ્તવિકતા ખરેખર આમ તો પર રહેલી છે, ઊર્ધ્વમાં રહેલી છે, પણ સાથે સાથે તે જીવનની ભીતરમાં રહેલી છે, તો એ ક્ષણે પછી . . . આહ, હા, આખરે આ તો સાચું જ છે—આખરે આ તો સાચું જ છે અને એ સાચું બનવાને લાયક છે. જગતમાં જે જે કાંઈ ભવ્ય

વસ્તુઓ હોઈ શકે તેમ છે, અદ્દ્ભુત વસ્તુઓ હોઈ શકે તેમ છે, હા, જે જે કંઈ આનંદમય વસ્તુઓ હોઈ શકે તેમ છે, સૌન્દર્ય હોઈ શકે તેમ છે એનો આ સાક્ષાત્કાર છે, હા આ, નહિ તો પછી . . .

હું આ વસ્તુમાં પહોંચી છું!

અને પછી મને જાણે થાય છે કે મારો એક પગ અહીં છે, એક પગ ત્યાં છે—અને એ બહુ આરામ ભરેલી સ્થિતિ નથી, કારણ કે . . . કારણ કે આપણને એવી જ ઇચ્છા કરવાનું મન થાય છે કે એ સિવાય જગતમાં બીજું કાંઈ જ ન હોય.

આપણા જીવનની આ જે વર્તમાન સ્થિતિ છે એ તો ભૂતકાળની વસ્તુ બની ગઈ છે અને એણે હવે ખરેખર વિદાય લઈ લેવાની જરૂર છે. પણ તો પેલી બીજી વસ્તુ, આહ! આખરે, આખરે એને ખાતર જ એક જગત બનેલું છે.

અને બધું જ પહેલાંના જેવું જ નક્કર અને વાસ્તવિક રહે છે—એ ધુમાડિયા થઈ જતું નથી! એ પહેલાંના જેવું જ નક્કર, પહેલાંના જેવું જ વાસ્તવિક રહે છે, પણ . . . પણ એ દિવ્ય બની જાય છે, કારણ કે . . . કારણ કે એ પોતે પ્રભુ જ છે. આ બધું પ્રભુ પોતે જ રમત રમી રહેલા છે.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૬૬)

# ૮

૨૮ સપ્ટેમ્બર, ૧૯૬૬

## વેદનાનું તત્ત્વ

જગતમાં વેદના શા માટે છે? વેદનાને કેવી રીતે મટાડી શકાય?

હમણાં થોડા વખત ઉપર જ મને લાંબા વખત સુધી, એટલે કે કેટલાય દિવસો લગી એક ઘણી જ ઉત્કટ પ્રકારની, ઘણી જ તીવ્ર, ઘણી સુસ્પષ્ટ એવી અનુભૂતિ થતી રહી છે કે મહા શક્તિનું કાર્ય બાહ્ય રીતે આપણે જેને વેદના કહીએ છીએ તેનું રૂપ લેતું હતું, કારણ કે માત્ર આ રીતનું આંદોલન જ જડતત્ત્વને તેની નિષ્ક્રિયતામાંથી બહાર ખેંચી શકે તેમ છે.

પ્રભુની જે પરમ શાંતિ, પરમ સ્વસ્થતા છે તે નિષ્ક્રિયતા અને 'તમસ'ના રૂપમાં વિકૃત અને વિરૂપ થઈ ગયાં છે અને એ સાચી શાંતિ અને સ્વસ્થતાની વિકૃતિ હોવાને લીધે તેને પછી બદલાવા માટે કોઈ કારણ રહેતું નહોતું; એટલે પછી આ તમસમાંથી બહાર આવવા માટે જાગૃતિનું—પુનર્જાગૃતિનું કોઈ આંદોલન જરૂરી હતું, અને તે તમસમાંથી સીધું શાંતિમાં ચાલ્યું ન જઈ શકે તેવું આંદોલન હોવું જોઈતું હતું; તમસને હચમચાવવાને માટે કોઈક વસ્તુની જરૂર હતી અને એ વસ્તુએ પછી બાહ્ય રીતે વેદનાનું રૂપ લીધું.

## શારીરિક વેદના

હું અહીં શારીરિક વેદનાની વાત કરું છું, કારણ કે બીજી બધી વેદનાઓ —પ્રાણની, મનની, લાગણીઓની વેદનાઓ—તે મનની ખોટી ક્રિયાને લીધે બનતી હોય છે, અને આ ... બધીને 'અસત્ય'ના નામ હેઠળ ભેગી મૂકી શકાય છે, બસ એટલી જ વાત છે. પરંતુ શારીરિક વેદના મને એવો ખ્યાલ ઉપજાવે છે કે જાણે એક બાળકના ઉપર ત્રાસ ગુજારાઈ રહ્યો છે, કારણ કે, અહીં, જડતત્ત્વમાં, અસત્ય તે અજ્ઞાન રૂપે બની ગયું છે, એટલે કે એમાં કોઈ દરિચ્છા હોતી નથી—જડતત્ત્વમાં કોઈ દુરિચ્છા હોતી નથી, ત્યાં બધું નિષ્ક્રિયતા અને અજ્ઞાન હોય છે : સત્ય વિષેનું સંપૂર્ણ અજ્ઞાન, આદિ મૂળ વિષેનું અજ્ઞાન, શકયતા વિષેનું અજ્ઞાન, અને શારીરિક રીતે વેદના ભોગવવી ન પડે તે માટે શું કરવું જોઈએ તેનું પણ અજ્ઞાન. આ અજ્ઞાન કોષોમાં બધે જ આવી રહેલું છે અને માત્ર અનુભૂતિ દ્વારા જ— અને આ અનુભૂતિ એટલે કે આ પ્રાથમિક અવસ્થાની ચેતનામાં જે વસ્તુ વેદના રૂપે બની રહે છે તેની અનુભૂતિ દ્વારા જ—જાગૃતિ આવી શકે છે, એ જ જાણવાની અને વેદનાને મટાડવાની જરૂર ઉત્પન્ન કરી શકે છે અને પોતાની જાતનું રૂપાંતર કરવાની અભીપ્સાને જન્મ આપી શકે છે.

## કોષોમાં અભીપ્સા : તીવ્રતા

એ વાત તો નિશ્ચિત થઈ ગઈ છે, કારણ કે બધા જ કોષોમાં અભીપ્સા જન્મેલી છે અને તે વધુ ને વધુ તીવ્ર બની રહી છે અને થઈ રહેલો વિરોધ જોઈને તે નવાઈ પામે છે, પરંતુ કોષોએ જોયું છે કે જ્યારે ચાલી રહેલા કામમાં કશું આડું અવળું થઈ જાય છે (એટલે કે કામની ક્રિયા સૂક્ષ્મ, સહજ, સ્વાભાવિક રીતે થતી રહેવાને બદલે એક કષ્ટમય પ્રયત્ન બની રહે છે, કોઈક વસ્તુ કે જે દેખાવ દુરિચ્છાનો કરતી હોય છે પણ એ માત્ર

એવી ચૂપકીદી હોય છે કે જે સમજતી હોતી નથી, તેની સામેના એક સંઘર્ષ રૂપ બની જાય છે) તે વખતે અભીપ્સાની તીવ્રતા, પુકારની તીવ્રતા દશ ગણી થઈ જાય છે, સતત ચાલુ રહેતી થઈ જાય છે. મુશ્કેલી એ છે કે તીવ્રતાની એ અવસ્થામાં રહેવાતું નથી; સામાન્ય રીતે દરેક વસ્તુ, હું એમ તો કહી શકતી નથી કે, ઘેનમાં પડી જાય છે, પણ એક રીતની હળવાશમાં ઊતરી જાય છે; તમે બધું હળવેથી કરવા લાગો છો; અને અંદરનો ગોટાળો જ્યારે દર્દ કરવા લાગે છે ત્યારે જ માત્ર તીવ્રતા વધવા લાગે છે અને સ્થાયી બની રહે છે. કલાકો સુધી—એક સાથે કલાકો સુધી—જરા પણ શિથિલ થયા વિના, પુકાર, અભીપ્સા, પ્રભુ સાથે મિલન પામવાનો સંકલ્પ, પ્રભુરૂપ બની રહેવાનો સંકલ્પ એની વધુમાં વધુ ઉચ્ચ સ્થિતિમાં ટકી રહે છે—શા માટે? કારણ કે જેને શારીરિક અવ્યવસ્થા, વેદના કહેવામાં આવે છે એ ત્યાં બાહ્ય રીતે હોય છે. નહિ તો પછી, જ્યારે કોઈ વેદના હોતી નથી ત્યારે આપણે અવારનવાર ઊંચે ચડીએ છીએ, અને પછી એક શિથિલતામાં સરી પડીએ છીએ, વળી પાછા બીજી વાર આપણે એક વાર ફરીથી ઊંચે ચડીએ છીએ . . . એનો અંત આવતો નથી. એ સદાય ચાલ્યા કરે છે. આપણે જો બધું ઝડપથી કરવા માગતા હોઈએ (પ્રમાણમાં ઝડપથી, આપણા જીવનના લય મુજબ), તો પછી ચાબુકના સમકારાની જરૂર રહે છે. આની મને ખાતરી થઈ ગઈ છે, કારણ કે જે ક્ષણે તમે તમારા આંતર સ્વરૂપમાં જઈને બેસો છો તે જ ક્ષણે તમે તેના ઉપર (તમારી જાત પ્રત્યે) તિરસ્કારપૂર્વક જોવા લાગો છો.

### કરુણા : શકિતનું, મધુરતાનું આંદોલન

પણ પછી, જ્યારે આપણામાં દિવ્ય પ્રેમની આ સાચી કરુણા જન્મે છે અને આપણે આ બધી ખૂબ જ ભયંકર દેખાતી, ખૂબ જ વિષમ, ખૂબ જ અર્થ વિનાની વસ્તુઓ જોઈએ છીએ, આપણે જ્યારે સર્વ પ્રાણીઓ

ઉપર અને તમામ વસ્તુઓ ઉપર આવી રહેલું આ મહાન દર્દ અનુભવીએ છીએ . . . ત્યારે પછી એ સૌને આશ્વાસન આપવા માટેની, મટાડી દેવા માટેની, દૂર કરવા માટેની અભીપ્સા આ સ્થૂલ શરીરમાં જન્મ પામે છે. પ્રેમમાં, એના મૂળ સ્થાનમાં, કંઈક એવું રહેલું છે કે જે સતત કૃપા તરીકેના અંતઃપ્રવેશનું રૂપ લેતું હોય છે: એક શકિત, એક મધુરતા, આશ્વાસનના આંદોલન જેવું કાંઈક, બધે ફેલાઈ ગયેલું હોય તેવું ત્યાં હોય છે, પણ એ વસ્તુને એક આલોકિત બનેલી ચેતના અમુક બિંદુઓ ઉપર વાળી શકે છે, એકાગ્ર કરી શકે છે; અને આ બાબતમાં, આ જ બાબતમાં મેં જોયું કે આપણે આપણા વિચારનો સાચો ઉપયોગ કરી શકીએ છીએ : વિચાર તે આ આંદોલનને હરેક સ્થળે પહોંચાડવાનું, જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં પહોંચાડવાનું સાધન બની શકે છે. આ શકિત, મધુરતાનું આ આંદોલન જગત ઉપર એક સ્થિર રીતે આવી રહેલું છે, પોતાને ઝીલવામાં આવે તે માટે દબાણ કરી રહ્યું છે, પરંતુ એ ક્રિયા બિનઅંગત રીતની હોય છે, અને વિચાર—આલોકિત બનેલો વિચાર, સમર્પિત બનેલો વિચાર, વિચાર કે જે હમણાં તો માત્ર એક કરણ રૂપ હોય છે, કે જે વસ્તુઓનો આરંભ કરવા પ્રયત્ન કરતો હોતો નથી, કે જે ઊર્ધ્વ ચેતના દ્વારા સંચાલિત બનવાથી સંતુષ્ટ હોય છે—આવો વિચાર એક સંપર્ક, એક સંબંધ સ્થાપિત કરવા માટે, જ્યાં જ્યાં જરૂરી હોય ત્યાં, અમુક ચોક્કસ બિંદુઓ ઉપર આ બિનઅંગત શકિત કામ કરી શકે તે માટે એક માધ્યમ રૂપ બની રહે છે.

## વેદના, પ્રગતિ, વેદનાનો ઈલાજ

એ વાત તો એકદમ કહી શકાય તેમ છે કે અશુભ તત્ત્વની સાથે તેનો ઈલાજ પણ તેનામાં હંમેશાં રહેલો હોય છે. આપણે એમ કહી શકીએ છીએ કે કોઈ પણ દર્દનો ઈલાજ એ દર્દની સાથે જ આવી રહેલો હોય છે. એટલે, તમે હવે જેને સામાન્ય રીતે 'નકામું' અને 'અર્થહીન' ગણવામાં

આવે છે એવું અશુભ તત્ત્વ ક્યાંય જોતા નથી, પણ તેને બદલે જે પ્રગતિ અને વિકાસને માટે વેદનાની જરૂર ઊભી થઈ હતી તેનું તમને દર્શન થાય છે, એ પ્રગતિ અને વિકાસ જ વેદનાનું મૂળ હોય છે, તેના અસ્તિત્વનું ખરું કારણ હોય છે, એને લીધે જ જોઈતું પરિણામ મળી આવ્યું હોય છે અને એ દર્શન થતાં જ, જે લોકો પોતાની જાતને ખુલ્લી કરી શકે તેમ હોય છે તથા ઝીલી શકે તેમ હોય છે તેઓને માટે વેદના મટી જાય છે. આ ત્રણ વસ્તુઓ, પ્રગતિના સાધન તરીકે રહેતી વેદના, પ્રગતિ અને વેદનાનો ઈલાજ એ બધાં સહસ્થિતિમાં હોય છે, એકી સાથે આવી રહેલાં હોય છે, અર્થાત્, તે એક પછી એક બનતાં નથી, પણ એક જ સમયે બનતાં હોય છે.

### 'આનંદની સામગ્રી'

જે વખતે રૂપાંતરની ક્રિયા વેદના ઉત્પન્ન કરતી હોય છે ત્યારે જ જો જેને વેદના થતી હોય છે તેનામાં જરૂરી અભીપ્સા, ખુલ્લાપણું હોય છે તો તે જ વખતે વેદનાનો ઈલાજ પણ થઈ રહેલો હોય છે અને અસર પૂરેપૂરી, સંપૂર્ણ બની રહેતી હોય છે: રૂપાંતર, એને સિદ્ધ કરવા માટેની જરૂરી ક્રિયા અને, એ જ સમયે, વિરોધને લીધે ઉત્પન્ન થયેલા ખોટા સંવેદનનું નિરાકરણ, અને વેદનાને બદલે કોઈક . . . એવી વસ્તુ આવી જાય છે કે જે પૃથ્વી ઉપર જણાયેલી નથી, પણ જે આનંદને મળતી હોય છે, જે સુખાકારી, વિશ્વાસ અને સુરક્ષિતતાના જેવી હોય છે. એ એક પરાત્પર-સંવેદન છે, સંપૂર્ણ શાંતિમાં આવી રહેલું, અને દેખીતી રીતે એ જ વસ્તુ માત્ર શાશ્વત હોઈ શકે છે.

આ પૃથક્કરણ આપણે જેને 'આનંદની સામગ્રી' કહીએ તેની બહુ જ અપૂર્ણ રીતે વાત કરે છે.

## કોષોને ભડક

હું માનું છું કે આ વસ્તુ સર્વ યુગોમાં અલ્પ અંશે અને ઘણી ઊડતી રીતે દેખાયેલી તેમ જ અનુભવાયેલી તો છે પણ તે હવે હમણાં જ પૃથ્વી ઉપર એકાગ્ર થવા લાગી છે અને પોતાને લગભગ સઘન રીતે મૂર્ત કરી રહી છે. પરંતુ આ જે સ્થૂલ જડતત્ત્વ છે તેને, તેના કોષમય રૂપમાં, આપણે એમ તો નહિ કહી શકીએ કે, નવાં આંદોલનો પ્રત્યે ભય કે ચિંતા રહેતી હોય છે, પણ એક રીતની ભડક રહેતી હોય છે અને એ ભડકને લીધે સ્વાભાવિક રીતે જ કોષોમાંથી તેમની ગ્રહણશીલતા ચાલી જતી હોય છે અને એ ભડક બેચેનીનું રૂપ લે છે (એ વેદના નથી હોતી, પણ બેચેની હોય છે); પણ જ્યારે આ ભડકની સામે અભીપ્સા અને સંપૂર્ણ સમર્પણ માટેનો સંકલ્પ, અને સંપૂર્ણ સમર્પણની ક્રિયાને મૂકવામાં આવે છે અને તે દ્વારા એ ભડકને મટાડી દેવામાં આવે છે, ત્યારે પછી આ ભડક ચાલી જવાને લીધે ત્યાં એક પરમ સુખાકારી બની આવે છે.

## સૂક્ષ્મ અધ્યયન

આ બધું જાણે કે ચેતના રૂપી ઘટનાના અતિ સૂક્ષ્મ અધ્યયન જેવું છે, એમાં મનનો કશો પ્રવેશ થયેલો નથી. આપણને આપણી વાત કહેવાને માટે શબ્દોની જરૂર પડે છે અને તેથી એમાં મનનો પ્રવેશ થાય છે, પણ અનુભૂતિમાં એવો પ્રવેશ હોતો નથી. અને આ વસ્તુ બહુ રસિક હોય છે. કેમકે આ અનુભૂતિમાં સત્યનું તત્ત્વ હોય છે, વાસ્તવિકતાનું તત્ત્વ હોય છે અને મન એમાં પ્રવેશ કરે છે કે તરત જ તે ચાલ્યું જાય છે. સાચી વાસ્તવિકતામાં તો એક સુવાસ હોય છે પણ તે આ મનની દખલગીરીને લીધે જરા પણ વ્યકત થઈ શકતી નથી. એક વ્યકિત અને તેની છબી વચ્ચે જેવો તફાવત હોય છે, એક હકીકત અને કહેવાયેલી એક વાત વચ્ચે જેવો

તફાવત હોય છે તેના જેવો જ આ તફાવત છે. એ પ્રમાણે સ્થિતિ છે. પણ એ ઘણી વધારે સૂક્ષ્મ વસ્તુ છે.

અને તો, આપણે હમણાં જેની વાત કરતા હતા તે ઉપર પાછા આવી જઈએ. આપણે આ શકિત વિષે—આ શકિત, એની મૂળ વાસ્તવિકતામાં કરુણા રૂપે રહેલી આ વસ્તુ વિષે—જ્યારે સભાન બનીએ છીએ અને સભાન વ્યકિત દ્વારા તે કેવી રીતે કામ કરી શકે છે તે આપણે જોઈએ છીએ ત્યારે આપણા હાથમાં પ્રશ્નની ચાવી આવી જાય છે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૬૬)

# ૯

૩૦ સપ્ટેમ્બર, ૧૯૬૬

શ્રી અરવિંદનો આ અપ્રસિદ્ધ પત્ર વાંચીને :

'...સેન્ટ પૉલને જોકે અસાધારણ રીતની ગુહ્ય અનુભૂતિઓ તો થયેલી હતી જ તેમ જ તેને ઘણું ગહન આધ્યાત્મિક જ્ઞાન પણ ખરેખર હતું (વિશાળ તો નહિ પણ ગહન, એમ ધારું છું)—પરંતુ હું એમ ચોક્કસ તો નહિ જ કહું કે એ અતિમાનસ રૂપ બનેલા શરીરની વાત કરે છે. એ કદાચ અતિમાનસ શરીરની કે બીજા કોઈ તેજોમય શરીરની, તેના પોતાના સ્થાનમાં અને પોતાના સ્વરૂપે રહેતા આ શરીરની વાત કરતો હશે. એને કોઈક વાર એવો અનુભવ થયો હશે કે એ તેની આસપાસ વીંટળાઈ રહ્યું છે અને મૃત્યુના બનેલા તેના આ શરીરનો—સ્થૂલ શરીર તેને એ પ્રમાણે લાગતું હતું—લોપ કરી રહ્યું છે. આ કડીને* બીજી કડીઓની માફક

*'આ વિકારશીલે અવિકારિતાને ધારણ કરવી જોઈએ, અને આ મર્ત્યે અમૃતત્વને ધારણ કરવું જોઈએ.

પરંતુ આ વિકારશીલ જ્યારે અવિકારી બની ગયું હશે અને આ મર્ત્યે જ્યારે અમૃતત્વ ધારણ કર્યું હશે ત્યારે પેલી લખાયેલી વસ્તુ સિદ્ધ થશે :

મૃત્યુ વિજયમાં ભરખાઈ ગયું છે.' (૧૫ કૉરિન્થિયન્સ ૫૩, ૫૪)

જુદી જુદી રીતે ઘટાવી શકાય તેમ છે અને તેમાં તદ્દન અતિભૌતિક અનુભૂતિનો ઉલ્લેખ હોઈ શકે છે. જુદી જુદી પરંપરાઓમાં શરીરના રૂપાંતરનો વિચાર આવે છે તો ખરો જ, પરંતુ તેમાં આ જ વસ્તુની અંદર ફેરફાર થાય છે કે કેમ તે વિષે મને કદી ખાતરી થયેલી નથી. આ બાજુ થોડા વખત ઉપર એક યોગી હતો તે આ વસ્તુ શીખવતો હતો, પણ એને એવી આશા હતી કે જ્યારે એનામાં પૂરેપૂરો ફેરફાર થઈ જશે ત્યારે પોતે પ્રકાશમાં અદૃશ્ય થઈ જશે. વૈષ્ણવો દિવ્ય શરીરની વાત કરે છે અને તે જ્યારે સંપૂર્ણ સિદ્ધિ બની આવે ત્યારે આ શરીરને બદલે આવી જશે એમ તેઓ કરે છે. પરંતુ એમાં પણ આ શરીર તે દિવ્ય રીતનું શારીરિક શરીર હશે કે અતિભૌતિક રીતનું શરીર હશે? અને આ સાથે એ વાત ધારવામાં વાંધો આવે તેમ નથી કે આ બધા વિચારો, સહજ-પ્રેરણાઓ, અનુભૂતિઓ, ચોક્કસ રીતે કહેતાં નથી છતાં, શારીરિક રૂપાંતરની વાત તો કરે જ છે.'

વિચિત્ર વાત છે, આજકાલ મારા ધ્યાનમાં આ જ વિષય આવતો રહ્યો હતો (જાણી કરીને નહિ, પણ ઉપરથી મૂકવામાં આવ્યો હતો). કારણ કે વનસ્પતિથી માંડીને પ્રાણી સુધી અને પ્રાણીથી માંડીને મનુષ્ય સુધીનો (ખાસ કરીને તો પ્રાણીથી માંડી મનુષ્ય સુધીનો) જે આખોયે વિકાસ થયો છે તેમાં રૂપની અંદરના તફાવતો તત્ત્વતઃ ઓછામાં ઓછા રહેલા છે. સાચું રૂપાંતર તે આ વિકાસક્રમમાં ચેતનાનું કોઈ બીજું માધ્યમ અંદર દાખલ થાય છે ત્યારે થાય છે. પ્રાણીનું જીવન અને મનુષ્યનું જીવન એ બે વચ્ચે જે જે તફાવતો રહેલા છે તે મનના અંતઃપ્રવેશથી થયેલા છે, પરંતુ એમાં પદાર્થતત્ત્વ તો મૂળે એનું એ જ રહેલું છે અને તે રચના અને બાંધણીના એક જ નિયમોને આધીન રહે છે. દાખલા તરીકે, ગાયના ગર્ભાશયમાં

રચાતું વાછરડું અને માના ગર્ભાશયમાં રચાતું બાળક એ બેની વચ્ચે કોઈ તફાવત છે નહિ. એમાં જે તફાવત છે તે મનના અંત:પ્રવેશનો છે. પરંતુ આપણે એક સ્થૂલ શરીર ધારણ કરતા સ્વરૂપ તરફ, એટલે કે અત્યારે જે રીતે સ્થૂલ શરીર નજરે દેખાય એવું છે તેવું અને તેવી જ ઘનતાવાળું હોય તેવા સ્વરૂપ તરફ દૃષ્ટિ કરીએ તો, એવા કોઈ શરીરની કલ્પના કરવી મુશ્કેલ પડશે કે જે શરીરને, દાખલા તરીકે, લોહીના પરિભ્રમણની જરૂર ન હોય, જેનામાં હાડકાં ન હોય (ખાસ કરીને તો આ બે : હાડપિંજર અને લોહીનું પરિભ્રમણ). અને જ્યાં સુધી આ પ્રમાણે સ્થિતિ છે, જે શરીરમાં લોહીનું પરિભ્રમણ થતું રહેતું હોય, હૃદયનું કાર્ય ચાલુ હોય, તેવા શરીરમાં, આપણે એવી કલ્પના કરી શકતા હતા અને કરી શકીએ છીએ કે આત્માની શકિત દ્વારા, ખોરાક કરતાં બીજા કોઈ સાધન દ્વારા શકિતનું, બળનું પુન:-સર્જન થઈ શકે છે, એ કલ્પી શકાય તેવું છે. પરંતુ શરીરની જે અક્કડતા છે, ઘનતા છે, તે હાડપિંજર વિના કેવી રીતે બની શકે? ....આવું રૂપાંતર તો પ્રાણીમાંથી મનુષ્યનું જે રૂપાંતર થયું છે તેના કરતાં અનંત ગણું મહાન રૂપાંતર હશે. આવા વિકાસમાં તો મનુષ્યમાંથી નીકળી આપણે એક એવા સ્વરૂપમાં પહોંચીશું કે જે સ્વરૂપની રચના મનુષ્યના જેવી જ રીતે નહિ થયેલી હોય, એની ક્રિયાઓ મનુષ્યની રીતે જ નહિ ચાલતી હોય, એ સ્વરૂપ આપણે જેને જાણતા નથી એવી 'કોઈ વસ્તુ' નું ઘનીકરણ અને સઘન રૂપ બનેલું હશે. આ વસ્તુ આપણે હજી સુધી સ્થૂલમાં જોયેલી નથી એવી કોઈ વસ્તુને મળતી હશે. વિજ્ઞાનશાસ્ત્રીઓને આવી કોઈ વસ્તુ જડી હોય અને મને તેની ખબર ન હોય તો તે જુદી વાત છે.

> કોઈ એક પ્રકાશ કે નવી શકિત આવીને કોષોને એક રીતનું સહજરૂપ જીવન અને સહજરૂપ શકિત આપતાં હોય એવી કલ્પના આપણે કરી શકીએ છીએ.

હા, હું એ કહું છું, ખોરાક ચાલ્યો જઈ શકે છે; એવી કલ્પના આપણે કરી શકીએ છીએ.

> પરંતુ આખુંયે શરીર આ શકિત વડે સંપ્રાણિત થઈ શકે છે. દાખલા તરીકે, શરીર મુલાયમ રહી શકે છે. એમાં અસ્થિ-પિંજર રહે તોપણ તે મુલાયમ રહી શકે છે, એક બાળકના જેવી મુલાયમતા તેમાં રહી શકે છે.

પરંતુ એને લીધે જ તો બાળક ઊભું રહી શકતું નથી! એ પોતે શ્રમ કરી શકતું નથી. તો હવે, દાખલા તરીકે, અસ્થિ-પિંજરને બદલે શું આવે?

> એમાં એનાં એ જ તત્ત્વો હોઈ શકે છે પણ તેમાં મુલાયમતા હોય—એ તત્ત્વોની દૃઢતા કઠણપણામાંથી નહિ પણ પ્રકાશની શકિતમાંથી આવે, નહિ?

(પ્રચંડ કૂદકો : નવી શરીરરચના)

હા, એ શકય છે . . . મારે માત્ર એટલું કહેવાનું છે કે એ વસ્તુ કદાચ પ્રાણીઓની અનેક નવી કોટિઓ દ્વારા થાય. દાખલા તરીકે, મનુષ્યમાંથી આ સ્વરૂપ સુધીનો વિકાસ હરેક રીતનાં બીજાં માધ્યમ રૂપ તત્ત્વો દ્વારા થશે ખરો? આમાં જે કૂદકો આવે છે તે મને પ્રચંડ રીતનો લાગે છે, સમજ્યાને?

હું એક એવું સ્વરૂપ બહુ સારી રીતે કલ્પી શકું છું કે જે પોતાની જાતનું નવસર્જન કરવા માટે, પોતે હંમેશાં યુવાન રહેવા માટે આધ્યાત્મિક શકિત દ્વારા, પોતાના આંતર સ્વરૂપની શકિત દ્વારા, જોઈતી શકિતઓને પોતામાં લઈ શકતું હોય. એ આપણે બહુ સારી રીતે કલ્પી શકીએ છીએ. જરૂર પડે તો, રૂપને બદલી શકવા માટે અમુક રીતની મુલાયમતા આપવા માટે પણ શકિતઓ મેળવી શકાય છે. પરંતુ શરીર રચનાની આ પદ્ધતિ અત્યારે જ

પૂરેપૂરી મટી જાય—એકમાંથી બીજામાં તરત જ ચાલી જવાય, એ વસ્તુ મને લાગે છે કે . . . . એને માટે પગથિયાંની જરૂર રહે છે.

એ વાત તો દેખીતી છે કે કંઈક એવું બને નહિ ( કે જેને આપણે 'ચમત્કાર' કહેવો પડશે, કેમકે એ કેવી રીતે બનશે તે આપણે સમજી શકતા નથી ) ત્યાં સુધી આપણા જેવું શરીર એક સ્થૂલ તત્ત્વના આધાર વિના, આખુંયે આખું એક ઊર્ધ્વ શકિત દ્વારા કેવી રીતે બંધાય અને સંચાલિત થતું રહે એ પ્રશ્ન છે. આ વસ્તુ ( માતાજી પોતાની ચામડી હાથ વડે પોતાની આંગળીઓ વચ્ચે પકડે છે ) પેલી બીજી વસ્તુ રૂપે કઈ રીતે બદલાઈ શકે? . . . એ અશકય લાગે છે.

એ ચમત્કારક લાગે છે, પણ . . .

હા, મારી બધી અનુભૂતિઓમાં મને એ વાત તો બહુ સારી રીતે સમજાય છે કે ખોરાક માટેની કોઈ જરૂર ન રહે, આ બધી જે પ્રક્રિયા છે તે ચાલી જાય, ( દાખલા તરીકે, પચાવવાની પદ્ધતિ બદલાઈ જાય, એ શકય છે ), પરંતુ શરીરનું બંધારણ કેવી રીતે બદલવું?

પણ મને એ અશકય લાગતું નથી.

( પુષ્પ માફક— )

તમને એ અશકય નથી લાગતું?

ના, એ કદાચ કલ્પના હશે, પણ હું સારી રીતે કલ્પી શકું છું કે એક આધ્યાત્મિક શકિત આવી શરીરમાં દાખલ થાય અને તેમાં એક રીતનો તેજોમય વિસ્તાર ઉત્પન્ન કરે અને આ બધું એકદમ ફૂલની માફક ખીલી ઊઠે. આ શરીર જે તેની પોતાની અંદર વળેલું રહેતું હોય છે તે ખુલ્લું થઈ જાય, તેજોમય, મુલાયમ, સંવાદમય થઈ જાય એમ બને.

ૠજુ, મુલાયમ, હા, એ આપણે કલ્પી શકીએ છીએ, શરીર મુલાયમ બની શકે છે, એટલે કે, આકાર અત્યારે છે તેવો ચોક્કસ થઈ ગયેલો નહિ હોય. એ બધું આપણે કલ્પી શકીએ છીએ, પણ . . .

> પણ હું શરીર એક તેજોમય રીતે ખીલી ઊઠતું હોય તેમ સારી રીતે જોઈ શકું છું: પ્રકાશમાં આ શકિત હોવી જોઈએ. અને એ વસ્તુ શરીરની વર્તમાન રચનાને કશી હાનિ નહિ કરે.

પણ એ શરીર દેખી શકાય તેવું હશે? આપણે તેને અડી શકીએ ખરા?

> હા, એમાં માત્ર શરીરે ખૂલી જવાનું હોય છે. પહેલાં જે બંધ હતું તે ફૂલની માફક ખૂલી જાય. બસ એટલું જ. પણ એની રચના હંમેશાં ફૂલના જેવી હોય છે, એ માત્ર હવે પૂરેપૂરું ખુલ્લું થઈ જાય છે અને તેજોમય બને છે, નહિ?

(માતાજી માથું હલાવે છે અને એક પળ મૌન રહે છે) મને એવી કોઈ અનુભૂતિ થઈ નથી, મને ખબર નથી.

(શરીરમાં અમૃતત્વ—હાડપિંજર વિનાનું શરીર)

એ વાતની તો મને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ છે કે (કારણ કે મને અનુભૂતિઓ થયેલી છે અને એમણે મને સાબિત કરી આપ્યું છે કે) આ શરીરમાં જે જીવન છે—જીવન, કે જે શરીરને હલાવે ચલાવે છે અને બદલતું રહે છે—તેને બદલે એક બીજી શકિત લઈ આવી શકાય છે. આપણે એક રીતનું અમૃતત્વ સરજી શકીએ છીએ, અને શરીરની જીર્ણતા ચાલી જઈ શકે છે. આ બે વસ્તુઓ શકય છે, જીવન-શકિત આવી શકે છે અને જીર્ણતા ચાલી જઈ શકે છે. અને એ વસ્તુ ચૈતસિક રીતે બની શકે છે, દિવ્ય પ્રેરણાને સંપૂર્ણ રીતે આધીન રહીને બની શકે છે. આમાં પછી આપણને

જે શકિતની જરૂર હોય તે પ્રત્યેક પળે મળતી રહે છે, જે વસ્તુની જરૂર હોય તે કરી શકાય છે—એ બધું, એ બધું, એ બધી નિશ્ચિત વાત છે. એ એક આશા રૂપે નથી, કલ્પના નથી, નિશ્ચિતતા છે. એમાં તો આપણે માત્ર આપણી ટેવોને કેળવવાની રહે છે, ધીરે ધીરે તેમનું રૂપાંતર કરવાનું રહે છે, તેમને બદલવાની રહે છે. એ શકય છે, એ બધું શકય છે. પણ આ જે હાડપિંજર છે (માત્ર આ જ પ્રશ્નનો આપણે વિચાર કરીએ) તેની જરૂર જ રહે નહિ એવું બનતાં કેટલો વખત લાગશે? એ વસ્તુ મને હજી બહુ દૂર દૂરની લાગે છે. એટલે કે, એમાં ઘણી વચલી અવસ્થાઓની જરૂર રહેશે. શ્રી અરવિંદે કહ્યું હતું કે જીવનને અનિશ્ચિત કાળ સુધી લંબાવી શકાય છે. એ, હા ખરું છે. પરંતુ આપણું શરીર હજી એવી કોઈ વસ્તુમાંથી બંધાયેલું નથી કે જે પૂરેપૂરી વિસર્જનમાંથી મુકત હોય, જેને વિસર્જનની જરૂર ન હોય. હાડકાં ઘણાં ટકાઉ હોય છે, એમને અનુકૂળ પરિસ્થિતિમાં રહેવાનું મળે તો તે હજાર વર્ષ લગી ટકી શકે છે. એ સમજાય છે, પણ એનો અર્થ એ નથી કે આ તત્ત્વરૂપે અમૃતત્વ છે. મારું કહેવું સમજ્યા ને?

> ના, આપ શું એમ માનો છો કે એ એક અ-શારીરિક તત્ત્વ હોવું જોઈએ?

એ અ-શારીરિક છે કે નહિ એ હું જાણતી નથી, પણ એ એક એવું શારીરિક તત્ત્વ છે કે જે હું જાણતી નથી! અને એ આપણે જે રીતનું પદાર્થ-તત્ત્વ જાણીએ છીએ તેવું એ નથી, ખાસ કરીને તો આપણે જે રીતની શરીરરચના જાણીએ છીએ તેવી એ નથી.

> મને ખબર નથી, પણ એ જો સ્થૂલ શરીર જ હોવું જોઈએ (શ્રી અરવિંદે કહ્યું છે તે મુજબ), તો મને એમ થયું કે (કદાચ એ દિવા-સ્વપ્ન હશે) એ શરીર, દાખલા તરીકે,

કમળની કળી જેવું હોઈ શકે. આપણું અત્યારનું શરીર એક કમળ-કળી જેવું છે, અને તે ખૂબ જ નાનું છે, બિડાયેલું છે, કઠણ છે, અને એ કળી ઊઘડી જાય છે, એ ફૂલ બની રહે છે.

હા, પણ એ, બેટા, એ છે . . .

આ પ્રકાશ, તેની પાસે જે તત્ત્વો છે તે જોતાં, કઈ વસ્તુ કરી શકે તેમ નથી? એ બધાં એક જ વસ્તુઓ છે, એક જ તત્ત્વો છે, પણ રૂપાંતર પામેલાં છે.

પરંતુ વનસ્પતિની વસ્તુઓ અમર નથી.

ના, આ તો માત્ર સરખામણી જ હતી.

(સતત પરિવર્તન : અનેક પગથિયાં)

એમ જ તો!

માત્ર આ જ એક પ્રશ્ન છે. કાયમ પરિવર્તન, હું એમ કલ્પું છું. હું એક એવું ફૂલ પણ કલ્પી શકું છું કે જે ચીમળાતું ન હોય, પરંતુ આ જે અમૃતત્વનું તત્ત્વ છે . . . એટલે કે, મૂળ રૂપમાં, એક જીવન એવું હોય કે જેને પોતાની જાતનું પુનઃસર્જન કરવાની જરૂર ન રહેતી હોય, એ જીવન તે શાશ્વત શકિત પોતાની જાતને સીધેસીધી અને શાશ્વત રીતે આવિર્ભાવ કરતી હોય તેવું બને, અને છતાં તેણે આ વસ્તુ, એક સ્થૂલ શરીર રૂપે તો બનવું જ જોઈએ (માતાજી પોતાની આંગળીઓ વડે પોતાની ચામડીને અડે છે).

(કોષોનો ઉત્તર, પ્રભુની હાજરી, પૃથ્વી પરનું અતિમાનસ શરીર)

એક ક્રમે ક્રમે આગળ વધતું જતું પરિવર્તન થતું રહે એ હું બહુ સારી રીતે સમજું છું, અને આપણે આ પદાર્થમાંથી એવું કાંઈક બનાવી શકીએ

છીએ કે જે પોતાની જાતને અંદરથી બહારની રીતે નવું જીવન આપી શકતું હશે અને તે શાશ્વત કાળ સુધી અને અમૃતત્વ તે એ હશે. પણ મને માત્ર એમ લાગે છે કે અત્યારે જે વસ્તુ છે, આપણે જે રીતના છીએ, તે અને આ જે જીવનની બીજી પદ્ધતિ છે તે બેની વચ્ચે ઘણાં પગથિયાં બનવાનાં છે. અને, આ કોષો, એમને અત્યારે હવે જે ચેતના અને અનુભૂતિ મળી રહી છે તે મુજબ, તમે જો એમને, દાખલા તરીકે, એમ પૂછો કે 'તમે ન કરી શકો એવું કાંઈ છે ખરું?' તો તેઓ સાચા ભાવથી જવાબ આપશે કે: 'ના, પ્રભુની જે કાંઈ ઈચ્છા હશે, તે હું કરી શકું છું'. કોષોની ચેતનાની અવસ્થા આ પ્રમાણે છે. પરંતુ દેખાવમાં કંઈ જુદી જ વસ્તુ છે. અંગત અનુભૂતિ તો એવી છે કે હું પ્રભુની હાજરી સાથે જે કાંઈ કરું છું તે હું કશા પણ પ્રયત્ન વિના, કશી મુશ્કેલી વિના, થાક વિના, બગાડ વિના, આની માફક (માતાજી એક વિશાળ સંવાદમય લયબદ્ધ ગતિ બતાવે છે) કરું છું. એમાં માત્ર એટલું કે આ અવસ્થામાં હજી બહારથી આવતી અસરો પ્રત્યે ખુલ્લાપણું રહે છે, અને શરીરને એવી વસ્તુઓ કરવાની ફરજ પડે છે કે જે પરમાત્માની પ્રેરણાની સીધેસીધી અભિવ્યકિત રૂપે જ હોતી નથી. એમાંથી પછી થાક, અથડામણ... એટલે આ અતિમાનસ શરીર એવા કોઈ જગતમાં અદ્ધર રહેતું હોય કે જે આ પૃથ્વી ન હોય, એવી વાત નથી!

ના.

એવી કોઈ વસ્તુની જરૂર છે કે જેમાં ચેપનો વિરોધ કરવાની શકિત હોય. માણસ પ્રાણી તરફથી આવતા ચેપનો વિરોધ કરી શકતો નથી, નહિ, એ કરી શકતો નથી, એ સતત સંબંધમાં રહેતો હોય છે. તો આ સ્વરૂપ, એ અતિમાનસ પુરુષ આ વસ્તુ કેવી રીતે કરશે?... એમ લાગશે કે, લાંબા વખત સુધી—લાંબા વખત સુધી—એ અવસ્થા ચેપના નિયમોને

આધીન રહેશે.

મને ખબર નથી, પણ એ મને અશક્ય નથી લાગતું.

નહિ ?

મને લાગે છે કે ત્યાં આગળ પ્રકાશની આ શકિત હશે તો તેને કોણ અડી શકે તેમ છે?

પરંતુ આખુંયે જગત અદૃશ્ય થઈ જશે! વાત તો એ છે, ખરું કે નહિ?

## (પ્રભુ તરફ ડર)

એ **તદ્** જ્યારે આવે છે, પ્રભુ જ્યારે આવીને ઉભેલા હોય છે ત્યારે હજારમાંથી એક પણ માણસ એવો નહિ હોય કે જેને ડર નહિ લાગે. અને એ ડર તે બુદ્ધિમાં નહિ, વિચારમાં નહિ: આની માફક, પદાર્થતત્ત્વમાં લાગતો હોય છે. તો પછી આપણે એ સ્વીકારી લઈએ, એમ સ્વીકારી લઈએ કે વસ્તુ આ રીતની છે તો પછી એક સ્વરૂપ જો પરમાત્માની પરમ શકિતનું, તેમના પરમ તેજનું સઘન બનેલું રૂપ બની રહે, તેની અભિવ્યકિત, તેના સૂત્ર રૂપ બની રહે—તો શું થાય!

ખરેખર, એ જ આખો પ્રશ્ન છે.

હા.

## (એક વ્યકિતમાં રૂપાંતર)

કારણ કે મને પોતાને રૂપાંતરની પોતાની મુશ્કેલી દેખાતી નથી. એ મને વધુ તો જગતની મુશ્કેલી લાગે છે.

જો બધી જ વસ્તુઓ એકી જ સાથે રૂપાંતર પામી જઈ શકે તો તો બધું બરાબર થઈ રહે, પરંતુ દેખીતી રીતે વસ્તુ એવી છે નહિ. અને

જો એક જ વ્યકિત માત્ર પોતે એકલી રૂપાંતર પામે...

હા, એ તો અસહ્ય થઈ પડે, કદાચ.

હા.

મારી લાગણી એવી છે (એ એક રીતનું લાગણી-સંવેદન છે) કે, આમાં વચલી અવસ્થાઓ હોવી જોઈએ.

અને પછી આપણે જોઈએ છીએ કે માણસને પોતાને અસ્તિત્વમાં રહેવા માટે આખીયે પ્રકૃતિ સાથે કેવું તો યુદ્ધ કરવું પડ્યું હતું તે મુજબ, આપણને એમ થાય છે કે આ જે નવાં સ્વરૂપો આવશે તેમને જે લોકો સમજી શકશે તેઓ તેમને મદદ કરતા થશે, તેમની સાથે ભકિતનો, આસકિતનો, સેવાનો સંબંધ રાખશે, પ્રાણીઓને માણસો માટે હોય છે તેવો, પણ જેઓને એ સ્વરૂપો પ્રત્યે પ્રેમ નહિ હોય...તે લોકો ભયંકર બની રહેશે. મને યાદ આવે છે, એક વખતે મને આ નવાં સ્વરૂપોની અસ્થિર હાલતનું એક ઘણું સ્પષ્ટ દર્શન થઈ આવ્યું હતું, અને મેં કહ્યું હતું (એ ૧૯૫૬ પહેલાં, અતિમાનસ શકિતના અવતરણ પહેલાં હતું), મેં કહ્યું હતું, 'અતિમાનસ પ્રથમ પોતાના શકિતના સ્વરૂપમાં આવિર્ભાવ પામશે, કારણ કે પેલાં સ્વરૂપોની સુરક્ષિતતા માટે એમ થવું અનિવાર્ય રહેશે'. અને ખરેખર પ્રથમ શકિતનું અવતરણ થયું હતું—શકિત અને પ્રકાશનું. પ્રકાશ કે જે જ્ઞાન અને શકિત આપે છે.

આ વસ્તુ હું વધુ ને વધુ અનુભવી રહી છું, વચલી અવસ્થાઓના ગાળાઓની જરૂર...એ તો તદ્દન દેખીતું છે કે કોઈક વસ્તુ બનવાની પ્રક્રિયામાં આવી ગયેલી છે, પરંતુ એ 'કોઈ વસ્તુ' તે જે પેલી દેખાયેલી વસ્તુ છે, આગળથી જોવાયેલી છે અને જે અંતિમ પરિણામ રૂપે બનવાની છે તે નથી. આ જે હમણાં બનવાનું છે તે એક અવસ્થા રૂપે હશે, અંતિમ વસ્તુ રૂપે નહિ.

( દીર્ઘાયુષ્યની શકિત : પ્રભુ સાથે સતત સંપર્ક :
નવી શરીર રચના )

શ્રી અરવિંદે પણ કહ્યું છે કે સૌથી પ્રથમ તો જીવનને ઈચ્છાનુસાર લાંબું ટકાવી રાખવાની શકિત આવશે (આ વસ્તુ આ કરતાં પણ વધારે સૂક્ષ્મ અને અદ્દભુત છે), પરંતુ આ જે બની રહ્યું છે તેમાં ચેતનાની એક અવસ્થાની સ્થાપના થઈ રહી છે. એ પરમ પરમાત્મા સાથેનો એક રીતનો સંબંધ છે, એક સતત અને સ્થિર બનેલો સંપર્ક છે. એ જીર્ણતાની લાગણીનો લોપ કરી દે છે અને એને બદલે એક અસાધારણ નમનીયતા, એક અ-સાધારણ મુલાયમતા લાવી દે છે. પરંતુ એક **સહજ રીતના** અમૃતત્વની અવસ્થા તો શકય નથી—શકય નથી—કાંઈ નહિ તો હાલ પૂરતી. આ જે રચાયેલું શરીર છે તેણે આ કરતાં કોઈ બીજી વસ્તુ રૂપે બદલાઈ જવું જોઈએ, અને આ કરતાં કોઈ બીજી વસ્તુમાં બદલાવા માટે, જે રીતે બધું બની રહ્યું છે તે મુજબ, લાંબો વખત લાગશે. ભૂતકાળમાં થતું હતું તે કરતાં કામ વધુ ઝડપથી થાય એમ બને, પણ આપણે સ્વીકારી લઈએ કે ગતિ વેગપૂર્વક આગળ વધશે, તોપણ એમાં વખત લાગશે (સમયના આપણા ખ્યાલ મુજબ). અને વળી એક વસ્તુ ખાસ નોંધવા જેવી છે તે એ કે આપણે જો ચેતનાની એવી અવસ્થામાં પહોંચવું હશે કે જેમાં બગાડનું તત્ત્વ હોતું જ નથી તો તે માટે આપણે આપણી કાળની સમજ બદલવી પડશે; ત્યાં આપણે એક એવી અવસ્થામાં પહોંચીએ છીએ કે જ્યાં કાળની વાસ્તવિકતા એની એ જ રહેતી નથી. આ એક બીજી વસ્તુ છે. એ એક બહુ જ વિશિષ્ટ વસ્તુ છે. એ એક અગણ્ય એવો વર્તમાન છે. આપણને આ જે અગાઉથી વિચાર કરવાની ટેવ છે, ભવિષ્યમાં શું થવાનું છે તે અગાઉથી જોવાની જે ટેવ છે તે પણ એક વિઘ્નરૂપ વસ્તુ છે, એ ટેવ જીવનની જૂની પ્રણાલિને વળગી રહેતી હોય છે.

કેટલી બધી, કેટલી બધી ટેવો બદલવાની છે.

(સહજ દિવ્યતા)

આપણે જ્યારે સહજભાવે દિવ્ય બની રહીશું ત્યારે જ પૂર્ણ સાક્ષાત્કાર થશે. ઓહ! સહજ ભાવે દિવ્ય થઈ રહેવું, પોતે દિવ્ય છે એવું જોવા માટે પોતાના તરફ દૃષ્ટિ પણ ન નાખવી, આપણે દિવ્ય થવું છે એવી ઇચ્છા જેમાં થતી હોય એવી અવસ્થાને ઓળંગી જવી.

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૬૭)

# ૧૦

૧૧ જાન્યુઆરી, ૧૯૬૭

## (મારો પદાર્થ પાઠ)

એક શિષ્યે એવી ફરિયાદ કરેલી કે લોકો ઘણી વાર અર્થ વિનાના પ્રશ્નો અંગે માતાજીનો વખત લે છે અને જે કામો દેખીતી રીતે જ વધુ મહત્ત્વનાં છે તેના ઉપર ધ્યાન આપવા માટેનો માતાજીનો વખત ઓછો ને ઓછો થતો જાય છે એના અનુસંધાનમાં નીચે મુજબ વાર્તાલાપ થયો હતો.

એ એમ જ થતું રહેવાનું છે, કારણ કે એ વસ્તુ એવી છે.

એ કદાચ એક પદાર્થપાઠ છે (એક સૂચન છે), પણ એમાં એક હેતુ રહેલો છે.

મારે જે પદાર્થપાઠ સમજવાનો છે તે હું સમજવાનો પ્રયત્ન કરી રહી છું. હું ધીરજમય બનવાનું શીખી રહી છું, ઓહ! એવી તો ધીરજ... હંમેશાં બળવા, અપમાન, એવું બધું થતું રહે છે. મારે માટે તો એ સાવ શૂન્ય જ હોય છે અને કોઈક વારે એ બહુ રમૂજ આપનારું પણ હોય છે. હું જ્યારે મારી પોતાની અવસ્થામાં હોઉં છું, કરુણાની સાચી અવસ્થામાં, ત્યારે પેલી વસ્તુઓને લીધે કશો ફેર પડતો નથી હોતો, સપાટી ઉપર એક નાની શી લહેરખી પણ ઊભી થતી નથી, કાંઈ જ નહિ.

(અપમાન, આઘાત, ઈજા, કોષોનું સમર્પણ)

આ પ્રશ્ન મને ગઈ કાલે પૂછવામાં આવ્યો હતો. મને પૂછવામાં આવ્યું હતું કે સાધનામાં અપમાન, અપમાન થયાની લાગણી અને અંગ્રેજીમાં જેને 'self-respect' 'આત્મ-સન્માન' (ફ્રેન્ચમાંના amour-propreને મળતી કોઈક ચીજ) કહે છે તેને કોઈ સ્થાન ખરું કે નહિ. બેશક, એને કશું સ્થાન છે જ નહિ, એ વાત તો સારી રીતે સમજાયેલી છે! પરંતુ મેં એ ક્રિયાને જોઈ છે, એ બહુ જ સ્પષ્ટ હતી. મેં જોયું છે કે અહંકાર વિના, જ્યારે અહંકાર હોતો નથી ત્યારે, આપણામાં આવી બેચેની હોઈ શકતી નથી. કેમકે હું ભૂતકાળમાં દૂર દૂર મને જ્યારે આવી લાગણી થતી પણ રહેતી હતી (ઘણાં વર્ષો પૂર્વે), એવા ભૂતકાળમાં હું દૂર દૂર જઈ આવી છું, પણ હવે, એ કોઈ વિજાતીય વસ્તુ હોય એમ પણ રહેવા પામી નથી, એ કોઈ અશક્ય જેવી વસ્તુ બની ગઈ છે. આખુંયે સ્વરૂપ, અને (એ વિચિત્ર વાત છે) શારીરિક બંધારણ પણ એનો અર્થ શો છે તે સમજતું નથી. એવું જ જ્યારે સ્થૂલ રીતે આઘાત લાગે છે (માતાજી પોતાની કોણી ઉપર એક ઉઝરડો બતાવે છે), દાખલા તરીકે આવું, ત્યારે આપણને કોઈ ઈજા થતી હોય અને લાગે તેવું થતું હવે લાગતું નથી. ઘણી વાર તો કશું જ લાગતું નથી, બીજી બધી વસ્તુઓમાં એ કશું પણ ધ્યાન ખેંચ્યા વિના પસાર થઈ જાય છે. પણ જ્યારે કંઈક થતું લાગે છે, ત્યારે એ માત્ર એક છાપ હોય છે—કોઈ મદદ આપણે તેનો અનુભવ કરીએ તેવું કરવાનો પ્રયત્ન કરી રહી હોય, આપણે કોઈ પાઠ શીખવાનો હોય, તેના જેવી એક ઘણી ઘણી હળવી, ઘણી નિકટની છાપ મૂકી જાય છે. પણ એ આપણે મનોમય રીતે કરતા હોઈએ છીએ તેના જેવું નથી હોતું, એ મનોમય રીતમાં તો હંમેશાં સંકોચનું તત્ત્વ હોય છે. આ વસ્તુ એવી નથી હોતી, આમાં સ્વરૂપ તરત જ પોતાને અર્પણ કરી દેતું હોય છે, શીખવાને માટે પોતાને અર્પણ કરતું હોય છે. હું આ કોષોની વાત કરું છું. એ બહુ

રસિક વસ્તુ છે. મનોમય રીતે જુઓ તો દેખીતી રીતે જ, તમારે એમ કહેવું પડે કે વસ્તુ માત્રમાં પ્રભુની જે દિવ્ય હાજરી રહેલી છે તેની આમાં લાગણી કે ચેતના અનુભવાતી હોય છે અને તમે જે અવસ્થામાં હો છો તે મુજબ એની પદ્ધતિ—સંપર્કની પદ્ધતિ—રચાતી હોય છે.

હા, આ શરીરને થતી અનુભૂતિ છે.

(અહંકારનું તત્ત્વ)

અને વ્યકિતઓની અંદર, જ્યારે કોઈ પ્રહાર કે આઘાત જેવું બની આવતું હોય છે ત્યારે હંમેશાં માત્ર એક જ વસ્તુ દેખાય છે, એમાં અહંકારનું સ્પષ્ટ રીતે દર્શન થાય છે—અહંકાર પોતાને પ્રગટ કરતો હોય છે. લોકો કહેતા હોય છે : 'એ તો પેલો બીજો માણસ છે'. હું એમ નહિ કહું કે, 'ઓહ! પેલો માણસ ગુસ્સે થયો છે,' કે 'ઓહ! આ માણસ . . .', ના, એ એનો અહંકાર છે; એનો અહંકાર પણ નહિ: **અહંકાર**, અહંકારનું તત્ત્વ છે—હજી પણ જગતમાં વચ્ચે દાખલ થઈ જતું અહંકારનું તત્ત્વ છે. એ બહુ રસિક વસ્તુ છે, કારણ કે મારે માટે અહંકાર એ એક રીતની અવૈયકિતક વસ્તુ બની ગયેલી છે, જ્યારે પ્રત્યેક માણસને માટે તો એ તેના વ્યકિતત્વના એક તીવ્ર સંવેદન રૂપે રહેતી હોય છે! આવી લાગણીને બદલે હું એને આપણા સ્વરૂપનો (પાર્થિવ કિંવા મનુષ્ય રીતના, એમ આપણે કહી શકીએ) એક રીતનો વ્યવહાર કહું છું, અને એ વ્યવહાર અહીંયાં કે ત્યાં કે ત્યાં વધુ કે ઓછા પ્રમાણમાં થતો રહેતો જ હોય છે અને દરેક જણને વ્યકિતત્વનો એક આભાસ ઊપજાવી રહેલો છે. એ બહુ રસિક વસ્તુ છે.

(લોકો અને માતાજી)

હા, પણ તકલીફ એ છે કે બીજા લોકો પોતાને માટેનો પીઠ શીખતા નથી, પછી . . . .

ઓહ! લોકો જો પોતાનો પાઠ શીખી લે તો તો બધું જ ઝડપથી બદલાઈ જાય.

> એટલે પરિણામ એ આવે છે કે આપના ઉપર હુમલો થાય છે, આપ ડૂબી જાઓ છો.

એ ન બની શકે!

> આપનો બધો વખત લેવાઈ જાય છે, આપનો બધો . . .

મને લોકો ડુબાવી દઈ શકે તેમ નથી! (હસતાં હસતાં) હું બહુ મોટી છું!

> છતાં, સ્થૂલ રીતે, આપના ઉપર બહુ જ બોજો આવી પડે છે.

મેં જોયું છે કે હું જો વિરોધ કરું છું, તો વસ્તુ બગડે છે. મારામાં જો પ્રવાહિતાની લાગણી રહે છે તો પછી કોઈ આઘાત લાગતા નથી. આ ઉઝરડા અંગે પણ એમ જ છે (માતાજી પોતાની કોણી બતાવે છે). તમે જો અક્કડ બની જાઓ અને તમે વિરોધ કરો, તો તમને આઘાત લાગે છે. જે લોકોને પડતાં આવડતું હોય છે તેના જેવું આ છે. એ લોકો પડતા હોય છે, પણ કશું ભાંગવા દેતા નથી, જ્યારે જે લોકોને કેવી રીતે પડવું તે આવડતું નથી હોતું તેઓ, સહેજ અમથું પડી જવાય અને તેઓ કાંઈક ભાંગફોડ કરી નાખે છે. આ એવી જ વસ્તુ છે, આપણે શીખવું જોઈએ કે કેવી રીતે . . . સંપૂર્ણ એકતા. સુધારવું, સીધું કરવું, એ પણ વિરોધ જ હોય છે. એટલે, તમે કહો છો તે પ્રમાણે, હુમલો ચાલુ રહેશે તોપણ શું થશે? એમાંય મજા પડશે, જોઈએ! (માતાજી હસે છે). અને બીજા લોકો આવી જ અવસ્થામાં હોતા નથી, એટલે કદાચ એ લોકો મૂંઝાશે, પણ હું લાચાર છું! (માતાજી હસે છે.)

આપણે હંમેશાં હસવું જોઈએ, હંમેશાં ભગવાન હસે છે, અને એ

હસે છે અને એમનું હસવું એટલું સરસ હોય છે, એટલું તો સરસ, પ્રેમથી એવું તો ભરેલું. એ હાસ્ય તમને એક અસાધારણ મધુરતાથી વીંટી લે છે.

એને પણ માણસોએ વિકૃત કરી દીધું છે—માણસોએ બધું જ વિકૃત કરી દીધું છે (માતાજી હસે છે).

(બુલેટિન, ફેબ્રુ. ૧૯૬૭)

## ૧૧

૨૧ જાન્યુઆરી, ૧૯૬૭

### (કોષોમાં સભાનતા)

કાંઈક ન વર્ણવી શકાય એવું બન્યું છે.

શરીરને પોતાની ક્રિયાઓ આપોઆપ કર્યે જવાનો અભ્યાસ હતો, એક સ્વાભાવિક વસ્તુની માફક, એટલે કે, એને માટે એવો કોઈ પ્રશ્ન રહેતો ન હતો કે એ ક્રિયાઓ મહત્ત્વની છે કે ઉપયોગની છે. દાખલા તરીકે, આપણી પાસે અમુક વસ્તુ 'મહત્ત્વની' છે કે 'રસદાયક' છે કે પછી નથી એવી રીતે જોવાની જે મનોમય કે પ્રાણમય દૃષ્ટિ છે એવી કોઈ દૃષ્ટિ એ ક્રિયાઓ પાસે ન હતી. એવી કોઈ દૃષ્ટિ ન હતી. અને પછી, હવે કોષો સભાન બનવા લાગ્યા છે ત્યારે એ બધા જાણે કે, પાછા હઠી જાય છે, (માતાજી પાછા હઠવાની ક્રિયા કરે છે), એ કોષો પોતાના ઉપર નજર માંડે છે, પોતે ક્રિયા કરી રહેલા છે એ રીતે પોતાનું નિરીક્ષણ કરવા લાગ્યા છે, અને આ બધું શા માટે છે તે અંગે ખૂબ જ પ્રશ્નો કરી રહ્યા છે. અને પછી, એક અભીપ્સા: 'કેવી રીતે? એ સાચી રીતે કઈ રીતે થવું જોઈએ? આપણું કાર્ય શું છે, આપણી ઉપયોગિતા, આપણો પાયો શો છે? હા, આપણો પાયો અને આપણું જીવનનું ધોરણ શું છે?' અને આ બધું ફરીથી મનોમય ભાષામાં મૂકીને આપણે એમ કહી શકીએ, 'આપણે

જ્યારે દિવ્ય બનીશું ત્યારે કેવા હોઈશું? એ વખતે શો ફેર પડશે? દિવ્ય રીતે આપણે કેવી રીતે જીવી શકીએ?' અને આમાં આખોયે શારીરિક આધાર બોલવાનું કામ કરે છે. એ નર્યો નાની નાની હજારો વસ્તુઓનો બનેલો છે. અને એ બધી વસ્તુઓ પોતે તો સાવ ઉદાસીન, બેપરવા છે. એ બધાં એક સમૂહ રૂપે, એક સમગ્રતા તરીકે, કોઈ એક બીજા કાર્યના ટેકા રૂપે જ રહેલાં હોય છે, એ સિવાય એમના અસ્તિત્વનું કોઈ કારણ નથી, એમનો પોતાનો કોઈ આગવો અર્થ હોય એમ દેખાતું જ નથી. અને પછી ફરી વાર પાછી એ જ વસ્તુ બને છે: એક રીતની ગ્રહણશીલતા જન્મે છે, મૂંગા મૂંગા ખુલ્લા થવાનું બને છે અને પેલી વસ્તુને દાખલ થવા દેવામાં આવે છે. અને એક તેજોમય, સંવાદમય બની રહે એવી અસ્તિત્વમાં રહેવાની એક રીતનું એક અત્યંત સૂક્ષ્મ એવું દર્શન થાય છે.

(અનેકરંગી ટપકાં રૂપ પ્રકાશનું દર્શન)

અસ્તિત્વની આ રીત હજી એવી છે કે એને બહુ શબ્દોમાં મૂકી શકાય તેમ નથી. પણ આ જે ખોજ ચાલી રહી છે તેમાં સતત એક વસ્તુ દેખાતી રહે છે અને તે સૂક્ષ્મ દર્શનનું રૂપ લે છે. એમાં એક અનેકરંગી પ્રકાશ દેખાય છે, એમાં બધા જ રંગો, બધા જ રંગો હોય છે, અને તે એક ઉપર એક એમ નહિ, પણ જાણે કે બધા રંગોને ટપકાં વડે ભેગા કરવામાં આવ્યા ન હોય તેવું હોય છે (ટપકાં કરવાની ક્રિયા). મારે અમુક તાંત્રિકોને મળવાનું થયું હતું, એને હવે બે વર્ષ થયાં છે (કદાચ થોડું વધારે પણ હોય, મને યાદ નથી). હું એમની સાથે સંબંધમાં હતી અને મને પેલો પ્રકાશ દેખાવા લાગેલો, અને મેં ધારેલું કે એ 'તાંત્રિક' પ્રકાશ છે, સ્થૂલ જગતને જોવાની તાંત્રિક રીત છે. પણ હવે એ પ્રકાશ મને સતત દેખાતો રહે છે, એ દરેક વસ્તુ સાથે જોડાયેલો છે અને એને 'સાચા જડતત્ત્વનું દર્શન' એમ કહી શકાય એવો તે લાગે છે. એમાં શકય હોય તેટલા તમામ રંગોને ભેળસેળ

થવા દીધા વિના (ટપકાં કરવાની એ જ ક્રિયા) જોડવામાં આવેલા છે, અને તે તેજોમય ટપકાંની રીતે જોડવામાં આવેલા છે. દરેક વસ્તુ એની જ બનેલી છે. અને આ જ અસ્તિત્વની સાચી રીત હોય એમ લાગે છે—હજી મને એની ખાતરી નથી, પણ ગમે તે હો, એ અસ્તિત્વની એક ઘણી વધારે સભાન રીત છે.

અને એ હું આખોયે વખત જોતી રહું છું: ખુલ્લી આંખોએ, બંધ આંખોએ, આખોયે વખત. અને તમને (શરીર માટે), એક વિલક્ષણ પ્રકારનું દર્શન થાય છે. તમે જુઓ છો કે શરીરમાં એકી સાથે સૂક્ષ્મતા, ભેદકતા, એમ જો કહીએ તો, હોય છે, આકારની મુલાયમતા હોય છે, એમાં સ્પષ્ટ રીતે ઉચ્છેદ નથી હોતો, પણ આકારોમાં રહેતી અક્કડતા ઠીક ઠીક હળવી થઈ ગઈ હોય છે (અક્કડતાનો ઉચ્છેદ હોય છે, આકારોનો નહિ): આકારોની અંદર મુલાયમતા હોય છે. અને શરીરને પોતાને, એને જ્યારે કોઈ એક કે બીજા ભાગમાં અનુભવ થયો, ત્યારે એને એમ લાગ્યું કે... એ જાણે કે થોડુંક મૂંઝાઈ ગયું, એને એમ લાગ્યું કે જાણે કશુંક ચાલ્યું જતું હતું. પણ આપણે જો શાંત રહીએ અને શાંતિથી રાહ જોઈએ તો, આ અનુભવને બદલે પછી માત્ર એક રીતની મુલાયમતાનો, પ્રવાહિતાનો અનુભવ થવા લાગે છે, અને એ જાણે કોષો માટેની એક નવી રીત હોય એમ લાગે છે.

(સ્થૂલમાં આવનારી નવી વસ્તુ)

એ સંભવ છે કે શારીરિક અહંને બદલે હવે સ્થૂલ રીતે જે વસ્તુ આવવાની છે તે આ હશે; એટલે કે, આકારમાં રહેલી અક્કડતા આ અસ્તિત્વની નવી રીતને જગા કરી આપશે. પણ આપણે જાણીએ છીએ કે વસ્તુઓનો જે પ્રથમ વાર સંપર્ક થાય છે તે હંમેશાં ઘણો 'આશ્ચર્યકારક' હોય છે, પણ ધીરે ધીરે શરીર ટેવાતું જાય છે. એક રીતમાંથી નીકળી બીજીમાં પહોંચવામાં

જે સમય લાગે છે તે જરા મુશ્કેલ હોય છે. અને આ પહોંચવાની ક્રિયા બહુ ક્રમે ક્રમે કરવામાં આવતી રહે છે, અને છતાં એક ક્ષણ (પસાર થવાની ક્ષણ), થોડીક સેકન્ડો એવી આવે છે કે ...એ વિષે ઓછામાં ઓછું એટલું તો કહી શકાય કે તે 'અણધારી' હોય છે.

આ રીતે બધી જ ટેવોને નાબૂદ કરી નાખવામાં આવે છે. અને શરીરની બધી જ ક્રિયાઓ માટે એમ જ થતું હોય છે; લોહીનું પરિભ્રમણ, પાચન, શ્વાસોચ્છ્‌વાસ—બધી જ ક્રિયાઓ માટે. અને અવસ્થાન્તર થવાની ક્ષણે, એકને બદલે બીજી ક્રિયા એકાએક આવી જાય છે એમ નહિ, પણ એ બે ક્રિયા વચ્ચેની એક પ્રવાહી અવસ્થા બની આવે છે, અને એ મુશ્કેલી ભરેલી સ્થિતિ હોય છે. એ તો આપણને આ જે મહાન શ્રદ્ધા છે, સંપૂર્ણ અવિચલ એવી, તેજોમય, 'અખંડ, અવિકારી—પરમાત્માના સાચેસાચ અસ્તિત્વમાં આપણને જે શ્રદ્ધા છે, પરમાત્માનું અસ્તિત્વ એ જ એકમાત્ર સાચું અસ્તિત્વ છે એવી રીતની શ્રદ્ધા, એને લીધે જ બધી વસ્તુઓ દેખાવની અંદર એની એ વસ્તુ તરીકે ચાલુ રહી શકે છે.

## (શરીરની સંમતિ : કોષોની અભીપ્સા)

અસ્તિત્વની આ જે બધી સામાન્ય ક્રિયાઓ છે, સામાન્ય પદ્ધતિઓ છે એ બધી મોટાં મોટાં મોજાંઓ જેવી હોય છે અને એ બધાંને દૂર ધકેલી દેવામાં આવતી હોય છે અને એ બધી પાછી ચડી આવે છે અને આપણને ડુબાડી દેવાનો પ્રયત્ન કરે છે અને ફરી પાછી તેમને ધકેલી દેવામાં આવે છે. અને હું જોઉં છું કે અનેક વર્ષો લગી, શરીર અને આખી શારીરિક ચેતના, સલામતીને માટે, સલામતીના એક સાધન તરીકે, નાસી છૂટવાને માટે જૂની રીતમાં પાછાં ઢળી પડતાં હતાં. અને હવે એ પાછાં ફરીથી એ વસ્તુ નહિ કરવાને માટે સંમત થયાં છે. ઊલટું, જે કાંઈ પરિણામ આવે, 'ભલે વિસર્જન થઈ જવાનું હોય તો વિસર્જન થઈ જાઓ' એ રીતે સ્વીકાર

કરવાને તે સંમત થયાં છે, પણ ગમે તે વસ્તુ બનશે તેનો તે સ્વીકાર કરશે.

મનની અંદર, આ વસ્તુ જ્યારે સ્થૂલ મનમાં બને છે (એ ઘણાં વરસો ઉપર બનેલું, પણ ત્યારે પણ મેં એ વાતની નોંધ લીધેલી), ત્યારે લોકોને એમ થાય છે કે પોતે ગાંડા થઈ રહ્યા છે, અને લોકો ડરી જાય છે (અને ભયને લીધે વસ્તુઓ બનવા માંડે છે), અને પછી એમાંથી નીકળી જવા માટે લોકો સામાન્ય બુદ્ધિમાં ઉતાવળે ઉતાવળે પાછા આવી જાય છે. આ પેલાના જેવું જ છે—એની એ જ વસ્તુ તો નથી, પણ સ્થૂલમાં જે બનતું હોય છે તેને મળતી આવતી વસ્તુ છે: તમને લાગે છે કે સ્વાભાવિક રીતની બધી જ સ્થિરતા ચાલી જવા માંડી છે. તો, લાંબા વખત સુધી—લાંબો વખત સુધી આ રીતની ટેવરૂપ પીછેહઠ આવી ગયેલી, એમ થયા પછી તમે સાવ આરામમાં આવી જાઓ છો અને ફરી પાછું શરૂ કરો છો. અને હવે એ બધાં પાછાં જવા માગતાં નથી: 'ગમે તે થાય, જોઈ લઈશું'—મહાન સાહસ.

આપણે કેવા બનીશું—આપણે કેવા બનીશું? કેવા . . . હા, કોષો કહી રહ્યા છે: 'આપણે કેવા બનીશું? આપણે કેવા બનીષ્શું?' . . . .

એ રસદાયક છે.

(બુલેટિન એપ્રિલ ૧૯૬૭)

# ૧૨

૪ માર્ચ, ૧૯૬૭

## રૂપાંતર માટેના ત્રણ રસ્તા
### આધ્યાત્મિક : ગુહ્યવિદ્યાત્મક : ઊર્ધ્વ બૌદ્ધિક

રૂપાંતરનો આ પ્રશ્ન, હું વધુ ને વધુ સ્પષ્ટ રીતે જોઉં છું કે એ માટેના ત્રણ રસ્તા છે, આગળ વધવાની ત્રણ રીતો છે અને એને પૂરેપૂરું સિદ્ધ કરવા માટે આ ત્રણેને ભેગાં કરવાનાં રહે છે.

એમાંની પહેલી રીત, અને સ્વાભાવિક રીતે જ એ સૌથી વધારે મહત્ત્વની રીત છે, અને તેને 'આધ્યાત્મિક' કહી શકાય—એ એવી છે કે એમાં પરમ ચેતના સાથે— પ્રેમ-ચૈતન્ય-શક્તિ, હા, એ એ પ્રમાણે છે— આપણે સંપર્કમાં આવવાનું રહે છે. પરમ ચેતનાનાં આ ત્રણ સ્વરૂપો છે : પરમ પ્રેમ-ચૈતન્ય-શક્તિ, અને તેની સાથે સંપર્ક, તદ્દરૂપતા : બધા સ્થૂલ કોષો પેલા **तद्** ને ઝીલી શકે તેવા, એ **तद्** ને અભિવ્યક્ત કરી શકે તેવા બનાવવાના છે—**तद्** રૂપે બની રહેવાનું છે.

બધાંયે સાધનોમાં આ સૌથી વધુ સમર્થ સાધન છે, અને અત્યંત અનિવાર્ય સાધન છે.

બીજી રીત તે ગુહ્ય વિદ્યાની છે, એ વિદ્યા બધી અંતરાલ સૃષ્ટિઓને લઈ આવે છે. આમાં ત્યાં જે બધી શકિતઓ અને વ્યકિતતાઓ રહેલી છે, જે બધા અંતરાલ પ્રદેશો રહેલા છે તે બધાનું ઘણું જ વિગતવાર જ્ઞાન મળી આવે છે અને આ પદ્ધતિ એ બધાનો ઉપયોગ કરે છે. આ રીતમાં આપણે અધિમનસના દેવોનો ઉપયોગ કરીએ છીએ. આ બધું બીજી રીતમાં બને છે. શિવ, કૃષ્ણ, મા ભગવતીનાં બધાં સ્વરૂપો આ બીજી રીતનો ભાગ બની રહે છે.

અને પછી એક ઊર્ધ્વ પ્રકારની બૌદ્ધિક રીત છે. એમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉપરના એવા એક આત્મતત્ત્વને બહાર લાવવામાં આવે છે. એ આત્મા પ્રશ્નને નીચેની બાજુએથી હાથમાં લે છે અને એ રીતનું મહત્ત્વ પણ રહેલું છે. વિગતવાર કાર્યની દૃષ્ટિથી જોતાં, આ પદ્ધતિ આપણને અસ્પષ્ટતાઓ ઘટાડી આપે છે અને એક વધારે સીધું અને ચોક્કસ કાર્ય લઈ આવે છે.

આ ત્રણેને જો ભેગાં કરી શકાય તો દેખીતી રીતે જ વસ્તુ વધારે વેગથી બનવા લાગે.

પહેલી વસ્તુ સિવાય તો કાંઈ જ બની શકે તેમ નથી, એના વિના બીજાં બે તો ભ્રાંતિરૂપ પણ બની જાય છે: એ બે તમને કયાંય પહોંચાડતાં નથી, તમે કશી નિશ્ચિતતા વિના ગોળગોળ ફર્યા જ કરો છો. પરંતુ પહેલી વસ્તુ ઉપર તમે આ બીજાં બેને ઉમેરી શકો તો હું ધારું છું કે કાર્ય ખૂબ જ વધારે ચોક્કસ અને સીધું અને વેગદાર બને છે.

આ દિવસોમાં જે 'અધ્યયન' ચાલે છે તેનું પરિણામ આ છે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૬૭)

# ૧૩

૭ માર્ચ, ૧૯૬૭

## મૃત્યુ અંગેના પ્રશ્નો

મારી પાસે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ તરફથી (નાનાં બાળકો નહિ, મોટી ઉંમરના વિદ્યાર્થીઓ તરફથી) 'મૃત્યુ' વિષે, મૃત્યુની પરિસ્થિતિઓ, અત્યારે આટલા બધા અકસ્માતો શા માટે થાય છે ઇત્યાદિ વિષે થોડા પ્રશ્નો આવ્યા છે. મેં બે જણને તો જવાબ આપ્યા પણ છે. એ તો સ્વાભાવિક જ છે કે જવાબ મનની ભૂમિકા પરથી હતો, પણ એમાં મનથી ઉપર જવાનો પ્રયત્ન હતો.

હા, આ રીતનું જે મનોમય તર્કશાસ્ત્ર છે તે એમ માગે છે કે આ તર્કશાસ્ત્ર પ્રમાણે વસ્તુઓ એકબીજામાંથી નિષ્પન્ન થવી જોઈએ, એટલે લોકોને એવા પ્રશ્નો થાય છે કે જે . . અશક્ય હોય છે.*

---

*મૃત્યુનો સમય અને રીતિ એ શું આત્મા હંમેશાં પોતે પસંદ કરતો નથી? બૉમ્બ, પૂર, ભૂકંપ દ્વારા માનવજાતિના જે મહા વિનાશો સર્જાય છે તેમાં શું બધા જ આત્માઓએ તે ક્ષણે સાથે મળીને મરવાનું પસંદ કર્યું હશે?

આમાં કશું વિશેષ નવીન નથી, પરંતુ એમાં ચેતના વિશાળ બને છે, અને આ બધા પ્રશ્નો માત્ર હમણાં જ વાતાવરણમાં આવી ગયા છે અને પ્રથમ તો આપણને એમ જ થાય છે કે માણસને મૃત્યુ વિષે કશું જ જ્ઞાન નથી—મૃત્યુ શું છે એની એને ખબર નથી, શું થતું હોય છે એની એને ખબર નથી, એણે અનેક રીતના સિદ્ધાંતો આપ્યા છે, પણ એમાં કશું ચોક્કસ હોતું નથી. અને આ રીતે આગળ વધતાં વધતાં, આ રીતનો આગ્રહ રાખતાં હું એવા નિર્ણય ઉપર આવી છું કે ખરી રીતે જોતાં મૃત્યુ જેવી કોઈ વસ્તુ નથી.

(મૃત્યુ એક આભાસ, અવસ્થામાં થોડો ફેરફાર)

એમાં માત્ર એક આભાસ છે અને તે આભાસ એક મર્યાદિત દૃષ્ટિ ઉપર મંડાયેલો છે. પરંતુ ચેતનાના આંદોલનમાં કોઈ ધરમૂળથી ફેરફાર બનતો હોતો નથી. અને આ વસ્તુ મારી પાસે એક ચિંતાના ઉત્તર રૂપે આવી હતી (મૃત્યુ સાચેસાચ શું છે તેનું જ્ઞાન ન હોવાને લીધે કોષોમાં એક

---

મનુષ્યોની મોટા ભાગની સંખ્યાને તો એક સામૂહિક ભાવિ હોય છે, એમને માટે તો આ પ્રશ્ન જરા પણ ઊભો થતો નથી.

જે માણસમાં ચૈત્ય પુરુષે વ્યકિતગત રૂપ લીધેલું હોય છે તે સામૂહિક વિપત્તિઓમાં પણ જીવતો રહી શકે છે, એવી જો એના આત્માની પસંદગી હોય તો.

> મૃત્યુ પછી, આત્મા પોતાના ચૈત્ય સ્વરૂપમાંથી એક વાર છૂટો પડી જાય, પોતાના પ્રાણમય અને મનોમય સ્વરૂપ-માંથી છૂટો પડી જાય, તે પછી તે પોતે અસ્તિત્વમાં છે તેવું ભાન તેને કેવી રીતે રહે છે?

આત્મા એ પરમાત્માનો સ્ફુલિંગ છે; પરમાત્માને પોતાના અસ્તિત્વને વિષે સભાન બનવા માટે શરીરની જરૂર કેવી રીતે રહે છે તે મને સમજાતું નથી.

જાતની ચિંતા રહેતી હોય છે. એ પ્રમાણે આ ચિંતા રહેતી હતી). અને જવાબ અત્યંત સ્પષ્ટ રીતે આવ્યો અને ચાલુ પણ રહ્યો, કારણ કે માત્ર ચેતના જ જાણી શકતી હોય છે, કેમકે ... કેમકે અવસ્થામાં જે ફેરફાર બની આવે છે તેને જે મહત્ત્વ આપવામાં આવે છે તે માત્ર ઉપરછલ્લું મહત્ત્વ જ હોય છે, એ મહત્ત્વ આ ઘટના પોતે શું છે તે વિષેના અજ્ઞાન ઉપર મંડાયેલું હોય છે. જે વ્યકિત પોતે વ્યવહારનું સાધન ટકાવી રાખી શકતી હોય છે તે કહી શકે છે કે તેને પોતાને માટે આમાં કોઈ ખાસ તફાવત પડતો નથી.

પરંતુ પેલી જે બીજી વસ્તુ છે તે હવે તૈયાર થઈ રહેલી છે. એમાં જે સ્થાનો છે તે હજી ચોક્કસ બનેલાં નથી તેમ જ અનુભૂતિની અમુક વિગતો હજી ખૂટે છે. એટલે મને લાગે છે કે જ્યાં લગી આ વિષયનું જ્ઞાન પૂરેપૂરું થઈ ન જાય ત્યાં સુધી રાહ જોવી વધુ ઠીક રહેશે, કારણ કે ધારણાઓને આધારે અમુક કાંઈક મળતી આવતી વસ્તુ કહેવી એના કરતાં એક સંપૂર્ણ અનુભૂતિ સાથે પૂરી હકીકત કહેવી એ વધુ ઠીક રહેશે. એટલે આ વાત આપણે ભવિષ્ય ઉપર મુલતવી રાખીએ છીએ.

(મૃત્યુ પછી જગતનું દર્શન)

પરંતુ આપ કહો છો કે કોઈ તફાવત છે નહિ ... આપણે બીજી બાજુ ચાલ્યા જઈએ છીએ ત્યારે આપણને સ્થૂલ જગતનું દર્શન ચાલુ રહે છે કે ચાલુ રહી શકે છે ખરું?

હા, હા, વસ્તુ એમ છે.

વ્યકિતઓનું દર્શન ...

હા, એ પ્રમાણે હોય છે.

માત્ર એટલું કે, એમાં દર્શન થવાને બદલે ... તમે એક ભ્રાંતિમય અવસ્થામાંથી બહાર નીકળી જતા હો છો અથવા તો એક આભાસોનું

બનેલું દર્શન હોય એવા દર્શનમાંથી તમે બહાર નીકળી જતા હો છો, પણ તમને દર્શન તો રહે છે જ; એટલે કે ત્યાં પછી એવી ક્ષણો આવેલી કે જ્યારે મને આ પ્રમાણે દેખાયેલું, હું તફાવત જોઈ શકેલી, માત્ર એટલું જ કે, એ અનુભૂતિ સંપૂર્ણપણે થઈ નહોતી (એ અર્થમાં તે સંપૂર્ણ નહોતી કે તેમાં બાહ્ય સંયોગોની દખલગીરી રહેતી હતી), એટલે એને વિષે વાત કરવા પહેલાં થોડીક રાહ જોવી એ વધુ ઠીક રહેશે.

પરંતુ એ દર્શન તો ચાલુ રહેલું જ છે.

એ દર્શન પૂરેપૂરું એનું એ જ હોતું તો નથી, પણ કોઈક વાર એમાં પોતામાં વધારે અસરકારકતા આવી જાય છે; પણ આ વસ્તુ પેલી બીજી બાજુ તરફથી સાચા સ્વરૂપમાં જોવાઈ ન હતી. આ કેવી રીતે સમજાવવું તે ખબર નથી. મારી પાસે આનો એક દાખલો હતો—દાખલો નહિ: કાંઈક જીવતી વસ્તુ, પૂર્ણ દર્શન—એમાં એક માણસ કે જે મારી સાથે વરસો લગી રહ્યો હતો તે શરીરમાંથી બહાર ચાલી ગયા પછી (પણ તે ખૂબ જ સ્થૂલની રીતે બહાર ચાલી ગયા પછી) એક પૂરેપૂરા સભાન સંપર્કમાં રહ્યો હતો, અને તે લય પામી ગયા વિના, એક બીજી જીવતી વ્યક્તિ સાથે ગાઢ રીતે સંબંધમાં રહેલો હતો, અને એ સંબંધમાં તેન પોતાની ચેતના મુજબનું જીવન ચાલુ રાખતો હતો. અને એ બધું—હું એ નામો કે હકીકતો આપી શકતી નથી, પરંતુ એ એક પૂરેપૂરી નક્કર બીના હતી. અને એ ચાલુ રહેલી છે.

(નવી ચેતનાની અવસ્થામાં)

આ બધું જોવામાં આવેલું છે—મેં એ ઘણા વખત ઉપર જોયેલું છે, પણ એ હવે આ નવી ચેતનાના એક દૃષ્ટાંત રૂપે પાછું આવ્યું, આ જ સવારે. એની અસરો તો (આ સંબંધની) અસાધારણ રીતે નક્કર હતી: પેલી બીજી વ્યક્તિની ચેતનાની શક્તિઓ અને ક્રિયાઓનું આથી પરિવર્તન

થયું છે, અને તે સભાન રીતે—એ એક સંપૂર્ણ સભાન રીતનું જીવન હતું. અને એ ચેતના, જ્યારે શરીર લેશ પણ હતું નહિ અને જ્યારે તેની હાજરી રાતને વખતે માત્ર સૂક્ષ્મ દર્શનમાં જ દેખાતી હતી ત્યારે જે ચેતના સભાન રૂપની હતી તે જ ચેતના હતી.

બીજા પણ દાખલા છે.

આ દાખલો બહુ જ નજીકનો તેમ જ ખૂબ નિકટના પરિચયનો છે અને એટલે હું તેને બધી વિગતોમાં જોઈ શકી હતી.

પરંતુ આ વસ્તુ આ નવા દર્શન દ્વારા જ સ્પષ્ટ, ચોક્કસ અને **દેખાઈ શકે તેવી** બનેલી છે, કારણ કે, આ કેવી રીતે કહું?.. હું એ જાણતી હતી—હું એ પહેલાં જાણતી હતી, જાણતી હતી—, પણ મેં એ વસ્તુ ફરીથી નવી ચેતના દ્વારા જોઈ, જોવાની નવી રીત મુજબ જોઈ, અને પછી આખી સમજણ પૂરેપૂરી બની ગઈ છે, દર્શન સંપૂર્ણ બની રહ્યું છે, પૂરેપૂરું નક્કર, અને પેલા પહેલા દર્શન વખતે,—એ વખતનું જ્ઞાન મનોમય-પ્રાણમય હતું—જે તત્ત્વો, ખાતરી કરાવી આપે તેવાં તત્ત્વો, સાવ ખૂટતાં હતાં તે બધાં આ દર્શનમાં હતાં. આ જે થયું, તે કોષોની ચેતનાનું જ્ઞાન હતું.

પરંતુ આ બધું બધી જ હકીકતો સાથે કહેવામાં આવે (અને તે આપી શકાય તેમ નથી) તો જ રસિક બની શકે તેમ છે. એટલે હું હવે એક વધુ સંપૂર્ણ રીતની, વધારે 'અ-વૈયક્તિક' રીતની અનુભૂતિ મેળવવા ઈચ્છું છું, એટલે, કહો કે, જેને મારે હકીકતો વડે સમજાવવાની ન હોય, પણ જે એ પ્રક્રિયાની સમગ્રતાના એક દર્શન રૂપે હોય તેવી અનુભૂતિ. અને એ પછી જ, હું કહી શકીશ.

એ આવશે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૬૭)

# ૧૪

૨૪ મે, ૧૯૬૭

ગઈ કાલે એક જણે મને નીચેનો પ્રશ્ન લખી મોકલ્યો છે:

આખરે 'ભગવાન' છે શું?'

મેં એને જવાબ આપ્યો.

મેં એને કહ્યું કે હું તને જવાબ આપું છું તે માત્ર તને થોડીક મદદ થાય એટલા માટે જ છે, પણ બીજા સેંકડો જવાબો હોઈ શકે છે અને એ દરેક જવાબ બીજા જવાબ જેટલો સાચો હોઈ શકે છે.

'ભગવાનને જીવનમાં ઉતારાય છે,
પણ તેમની વ્યાખ્યા થઈ શકતી નથી...'

અને પછી મેં ઉમેર્યું: 'પણ તેં મને પ્રશ્ન પૂછયો છે એટલે હું તને જવાબ આપું છું:

'ભગવાન એ પરમ પૂર્ણતા છે,
જે કાંઈ અસ્તિત્વમાં છે તે સર્વનું મૂળ છે;
એમને વિષે આપણે ક્રમે ક્રમે સભાન બની
શકીએ છીએ, પણ આમ તો આપણે આખો વખત
સારીયે શાશ્વતી માટે એમના રૂપે જ રહેલા છીએ.'

એક વાર કોઈએ મને કહેલું પણ ખરું કે આ વસ્તુનો એ પોતે તો વિચાર કરી શકે તેમ જ નથી. ત્યારે મેં એને જવાબ આપેલો: 'નહિ! એ રીતે તમને મદદ મળતી નથી. તમારે માત્ર એટલો જ વિચાર કરવાનો કે ભગવાન બધું જ છે (વધારેમાં વધારે પ્રમાણમાં), આપણે આપણી ઊંચામાં ઊંચી, વધુમાં વધુ તેજોમય અભીપ્સામાં જે જે કાંઈ બનવા માગીએ છીએ એ બધું ભગવાન છે. આપણે જે જે કાંઈ બનવા માગીએ છીએ તે ભગવાન છે.' એથી એને બહુ જ આનંદ થઈ ગયો, અને એણે મને કહ્યું: 'ઓ! એ રીતે તો, આ સહેલું થઈ જાય છે!'

પણ તમે જ્યારે જોવા લાગો છો—મનોમય પ્રવૃત્તિમાંથી તમે જ્યારે બહાર નીકળી આવો છો અને તમને થયેલી અનુભૂતિનું અવલોકન કરવા માંડો છો—ત્યારે તમે પોતાને કહો છો: 'આ વાત કહેવી કઈ રીતે? એનો ખુલાસો કઈ રીતે કરવો?' એ પછી તમારી પાસે સૌથી વધુ નજીકની કોઈ વસ્તુ હોય, સૌથી વધુ તમારા હાથમાં આવે એવી, તો તે આ છે: આપણે આ જે 'કાંઈક' બનવાની અભીપ્સા રાખીએ છીએ તેમાં આપણે, આપણે જે કાંઈ બનવા ઇચ્છીએ છીએ, જે જે વસ્તુને આપણે અત્યંત અદ્‌ભુત તરીકે કલ્પીએ છીએ, જે જે કાંઈ એક તીવ્ર (અને અજ્ઞાનમય) અભીપ્સાનો વિષય રહેલું છે, અને એવું એવું બધું, એમાં સહજ ભાવથી, આપોઆપ જ મૂકી દઈએ છીએ. અને એ બધું કરતાં કરતાં આપણે પેલા 'કંઈક'ની નજીકમાં પહોંચીએ છીએ અને... મૂળ વસ્તુ તો એ છે કે, આ સંપર્ક તમને વિચાર દ્વારા મળતો નથી હોતો, એ સંપર્ક તમારી અંદર પ્રભુને મળતી આવતી એવી કોઈ વસ્તુ હોય છે તેના દ્વારા મળે છે, એ વસ્તુ અભીપ્સાની તીવ્રતાને લીધે જાગૃત થઈ જાય છે. અને પછી, આપણે પોતાને માટે તો, આ સંપર્ક—આ મિશ્રણ—થઈ જાય, એક સેકન્ડ માટે પણ, તો પછી કોઈ ખુલાસો કરવાની જરૂર રહેતી નથી. એ વસ્તુ પોતે જ એક પરમ અનન્ય રૂપે તમારા ઉપર આવીને બેસી જાય

છે અને એ વાત હરેક રીતના ખુલાસાથી બહારની તેમ જ ઉપરની વાત છે.

પરંતુ ત્યાં પહોંચવા માટે, દરેક જણ જે જે વસ્તુ એને વધુમાં વધુ સહેલાઈથી દોરવણી આપે છે તેને એની અંદર મૂકી લે છે.

અને જ્યારે અનુભૂતિ થઈ આવે છે ત્યારે, જ્યારે પેલું સંમિશ્રણ, જોડાણ બને છે તે ક્ષણે ચેતનાને એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે માત્ર સમાન વસ્તુ જ સમાનને જાણી શકે છે અને એમાંથી એ વસ્તુની સાબિતી મળી રહે છે કે પેલી ચીજ ત્યાં રહેલી છે (માતાજી હૃદયના કેન્દ્ર તરફ આંગળી બતાવે છે). એ ચીજ ત્યાં રહેલી છે તેની એ સાબિતી છે. અને આ વસ્તુ જાગૃત બને છે તે અભીપ્સાની તીવ્રતાને લીધે બનતું હોય છે.

મારી પાસે એ પ્રશ્ન આવ્યો ત્યારે એ માણસ જાણે કે મને એમ જ કહી રહ્યો હતો: 'હા, હા, એ બધું તો બહુ સારું છે, પણ આખરે આ ભગવાન તે શું છે?' પછી મેં એનો પત્ર વાંચ્યો, અને એક નીરવતા બની આવી, સંપૂર્ણ નીરવતા, દરેક વસ્તુની, અને જાણે કે એક દૃષ્ટિ મંડાઈ ગઈ, બધી જ વસ્તુઓને પોતામાં લઈ લેતી હોય તેવી—અને જોવા માગતી હોય તેવી . . . આ રીતે મેં પછી જોયા કર્યું, શબ્દો આવ્યા ત્યાં સુધી; પછી મેં લખી લીધું: 'આ એક જવાબ છે, બીજા સેંકડો હોઈ શકે છે, દરેક સરખી રીતના.'

અને જે વખતે, જેની વ્યાખ્યા કરવાની જરૂર હતી તે આ 'કોઈક' વસ્તુ તરફ દૃષ્ટિ મંડાયેલી હતી તે વખતે બધે જ એક મોટી નીરવતા છવાઈ ગઈ હતી અને એક મહાન અભીપ્સા (જાણે કે એક જવાલા ઊંચે ચડતી હોય તેવી ક્રિયા), અને આ અભીપ્સાએ જે બધાં રૂપો લીધાં એ બધું બહુ જ રસિક હતું. . . . આપણે જે અદ્ભુત 'અજ્ઞાત'ના રૂપે બનવા માગીએ છીએ. . . . તેના પ્રત્યે પૃથ્વીની અભીપ્સાની વાર્તા.

અને દરેક જણ—જેના જેના ભાગ્યમાં આ જોડાણ નિર્માયેલું છે તે—સરળ ભાવે માની લે છે કે પોતે જે પૂલ ઉપર થઈને ગયો છે તે જ એકમાત્ર

મૂલ છે. પરિણામ : ધર્મો, તત્ત્વજ્ઞાનો, દૃઢ મતો, માન્યતાઓ—લડાઈ.

અને વસ્તુઓને નિહાળતા એક સ્મિત વડે સમગ્ર રૂપે જોતાં આ વસ્તુ બહુ જ રસમય બને છે, બહુ જ મનોહર બને છે, ઓહ! આ સ્મિત... નિહાળી રહેલું. આ સ્મિત, જાણે કે એ કહેતું હતું, 'તમે વસ્તુઓને ગૂંચવી નાખો છો, અને એ તો એટલું સરળ થાય તેવું છે!'

સાહિત્યની ભાષામાં કહેવું હોય તો, આપણે એમ કહી શકીએ કે: 'આવી સરળ વસ્તુ માટે આટલી બધી ગૂંચવેલી વાતો: પોતે પોતા રૂપે થઈ રહેવાનું.'

(મૌન)

અને તું, ભગવાન વિષે તું શું ધારે છે?

મને ખબર નથી, મેં પોતાને આ પ્રશ્ન કદી પૂછયો નથી.

મેં પણ પૂછયો નથી! મેં મને પોતાને આ પ્રશ્ન કદી પૂછયો નથી. કારણ કે જે ક્ષણે જાણવાની જરૂર ઊભી થતી હતી ત્યારે આપોઆપ જવાબ મળી રહેતો હતો. અને એ જવાબ, આપણે જેની ચર્ચા કરીએ છીએ એવા શબ્દો વડે નહિ: જવાબ... કાંઈક એના જેવો, આંદોલન. એ વસ્તુ હવે લગભગ સતત બની રહી છે.

કુદરતી રીતે જ, માણસો એકેએક બાબતમાં મુશ્કેલીઓ ઊભી કરે છે (હું માનું છું એમને મુશ્કેલીઓ બહુ જ ગમતી હોવી જોઈએ, કારણ કે..) નાનમાં નાની વસ્તુ માટે હંમેશાં મુશ્કેલીઓનો ડુંગર થઈ જતો હોય છે. એટલે આપણે એમ કહેતાં કહેતાં સમય પસાર કરીએ છીએ: 'શાંતિ, શાંતિ, શાંતિ—શાંત રહો.' અને શરીર પોતે પણ મુશ્કેલીઓની વચ્ચે જીવતું હોય છે (એને પણ એ ગમતી લાગે છે!), પણ એકાએક કોષો પોતાનો ઓમ્ ગાઈ ઊઠે છે... આપોઆપ. અને પછી બધા કોષો જાગે

કે બાળકના આનંદથી છલકાતા હોય તેમ (માતાજી આશ્ચર્યના ભાવ સાથે) બોલી ઊઠે છે: 'આહ હા! આ શું અમારાથી કરી શકાય? અમને એ કરવાનો હક છે!' એ બહુ અસર કરી જાય છે.

અને પરિણામ તરત જ આવે છે: પેલું મહાન આંદોલન શાંતિમય, સર્વશકિતમાન.

મારી વાત કરું તો, મારી આસપાસ આ જે બધી સંકલ્પશકિતઓ તરફથી સતત દબાણ આવી રહ્યું છે તે ન હોત તો, હું કહેત: 'ભગવાન શું છે એ તમારે શા માટે જાણવું છે? એની તમારે શા માટે ચિંતા કરવી જોઈએ? તમારે માત્ર ભગવાન રૂપે બની રહેવાનું છે.' પણ લોકો વિનોદ સમજી શકતા નથી.

—મારે ભગવાન શું છે તે જાણવું છે.

—પણ ના! એ બધું નિરર્થક છે.

—આહ!

અને લોકો તમને ભવાં ચડાવીને જવાબ આપે છે: 'આહ! એમાં શું કાંઈ રસ પડે તેવું નથી?'

—તમારે એ જાણવાની જરૂર નથી: તમારે એ રૂપે બની રહેવાનું છે.

એ લોકો, જગતમાં બુદ્ધિપ્રધાન લોકોની જે મોટી બહુમતી છે તેની હું વાત કરું છું, એમ કલ્પી શકતા નથી કે આપણે કોઈ વસ્તુ શું છે તે જાણ્યા વિના તે કરી શકીએ છીએ અથવા તે રૂપે બની શકીએ છીએ.

એ વાત પણ, આપણને જો વિનોદ ગમતો હોય તો, એમ કહી શકીએ છીએ:

'આપણે જ્યારે જાણતા નથી હોતા ત્યારે જ આપણે વધુમાં વધુ દિવ્ય હોઈએ છીએ.'

(માતાજી ધ્યાનમાં ઊતરે છે.)

જે લોકોને વ્યાખ્યાઓ ગમે છે તેમને 'ભગવાન શું છે?' એનો જવાબ એક બીજી રીતે પણ આપી શકાય... એક સ્મિત કરતી અને તેજોમય વિશાળતા.

**એ ત્યાં જ છે, નહિ? એ ત્યાં જ છે.**

[થોડા દિવસો પછી]

ભગવાન વિષે આપણે એ દિવસે જે કહેલું તેમાં મારે કાંઈ ઉમેરવાનું છે. કોઈ મને પ્રશ્ન કરે છે:

'અને પ્રભુ શું છે?'

આ પ્રશ્ન શ્રી અરવિંદના એક લખાણ ઉપર થયેલો છે. એ આમ છે:

'પ્રેમ આપણને ભેદના દુ:ખમાંથી સંપૂર્ણ મિલનના પરમ આનંદમાં લઈ જાય છે, પણ એમાં પેલો મિલનની ક્રિયાનો જે આનંદ હોય છે તે ચાલ્યો જતો નથી હોતો. આ મિલન તે આત્માને માટે મોટામાં મોટી શોધ રૂપ બની રહે છે અને આ વિશ્વમાંનું જીવન તે એને માટેની એક લાંબી તૈયારી રૂપ હોય છે. એટલે પ્રેમ દ્વારા પ્રભુ પાસે જવું એ શકય તેટલી મહાનમાં મહાન આધ્યાત્મિક સિદ્ધિ માટેની તૈયારી કરવી એમ બની રહે છે.'

(ધ સિન્થેસિસિ ઑાવ યોગ, પૃ. ૬૨૩)

આ છેલ્લા શબ્દોના સંદર્ભમાં મને પ્રશ્ન કરવામાં આવ્યો છે: પ્રભુ શું છે? એટલે મેં કહેલું (મેં 'પ્રભુ' શબ્દ ઉપાડી લીધેલો):

'જે જે વસ્તુ માણસથી ચડિયાતી હોય છે અને તેનાં ઉપર સત્તા ચલાવતી હોય છે, જે જે વસ્તુને તે જાણી શકતો નથી પણ જેને તે વશ થઈ રહે છે તે બધાને માણસે આપેલું એ નામ છે.'

'જે જે વસ્તુ માણસથી ચડિયાતી છે તે બધાને' એમ કહેવાને બદલે આપણે એમ કહી શકીએ છીએ 'જે વસ્તુ માણસથી ચડિયાતી છે તેને', કારણ બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી જોતાં 'તે બધું' એ શબ્દો વિવાદાસ્પદ રહે છે. મારે એમ કહેવું છે કે એવું એક 'કંઈક' છે—એક કંઈક કે જેની વ્યાખ્યા થઈ શકે તેમ નથી અને જેનો ખુલાસો આપી શકાય તેમ નથી—અને માણસને હંમેશાં એમ થતું રહ્યું છે કે આ કંઈક તેના ઉપર સત્તા ચલાવે છે. એ વસ્તુ શક્ય હોય તેટલી સર્વ સમજણથી પર રહેલી છે અને તે એના ઉપર સત્તા ચલાવે છે. અને પછી ધર્મોએ એને એક નામ આપેલું છે; માણસે એને 'પ્રભુ' કહ્યો છે. અંગ્રેજીમાં એને લોકો 'ગૉડ' (God) કહે છે, બીજી ભાષામાં એને બીજી રીતે કહે છે, પણ આખરે તો એ પેલી વસ્તુ છે.

હું જાણી કરીને કોઈ વ્યાખ્યા આપતી નથી. કારણ કે મારા આખાયે જીવનમાં મને એમ થતું રહેલું છે કે એ એક શબ્દ છે અને એ શબ્દ એવો છે કે જેની પાછળ લોકોએ ઘણી બધી અતિશય અનિષ્ટ વસ્તુઓ મૂકેલી છે... દાખલા તરીકે, પ્રભુ વિષેનો આ ખ્યાલ લો કે જેમાં પ્રભુ પોતે માત્ર એકલા એક જ રહેવા માગતા હોય છે, લોકો કહે છે તે મુજબ : પ્રભુ એક અને અનન્ય છે. પણ લોકોને આ વસ્તુનો અનુભવ થાય છે અને તે વિષે, તેઓ કહે છે, આનાતોલ ફ્રાન્સે એમના 'Révolte des Anges—દેવોનું બંડ' માં કહ્યું છે તે રીતે: 'આ પ્રભુ પોતે જ એક અને માત્ર એકલા જ રહેવા માગે છે.' આ વસ્તુએ મને મારા બાળપણમાં, જો એમ કહીએ તો, પૂરેપૂરી નાસ્તિક બનાવી દીધી હતી : જે તત્ત્વ પોતે એમ જાહેર કરે કે પોતે અનન્ય છે અને સર્વ-શકિતમાન છે, તે ભલે ગમે તે હોય પણ મેં એનો સ્વીકાર કર્યો ન હતો. એ જો એવા હોય, અનન્ય અને સર્વ-શકિતમાન તોપણ એ વસ્તુને જાહેર કરવાનો તેમને હક્ક ન હોવો જોઈએ! મારા મનમાં એ પ્રમાણે હતું. આ વિષે હું એક આખો

કલાક પ્રવચન આપી શકું છું, અને દરેક ધર્મમાં લોકોએ આ વિષય કેવી રીતે નિરૂપ્યો છે તે વિષે કહી શકું છું.

ગમે તે હો, મેં મને સૌથી વધુ વિષયગત રીતની બને તેવી વ્યાખ્યા લાગેલી તે આપી છે. તે દિવસે 'ભગવાન શું છે?' એના જવાબમાં મેં એ **વસ્તુની** છાપ આપવાનો પ્રયત્ન કર્યો હતો, અહીં આજે એ શબ્દના ઉપયોગની સામે લડવાનું મને મન રહેલું છે. એ શબ્દ મારે માટે પોલો છે, ભયંકર રીતે પોલો છે.

મને 'સાવિત્રી'માંથી થોડીક લીટીઓ સ્મરણમાં આવે છે. આ લીટીઓ ઘણી જ બળવાન છે અને આખી વસ્તુને તે એક જ પંક્તિમાં અદ્‌ભુત રીતે કહે છે. એ કહે છે: 'અનામીએ પ્રભુને જન્મ લેતા જોયા...'

અનામિતા અદેહાએ પ્રભુને જન્મતા લહ્યા
અને એ મનમાંથી ને આત્મામાંથી મનુષ્યના
મથતી પામવા કાજે મૃત્યુહીન શરીર ને
દિવ્ય હા એક નામને.

(સાવિત્રી પર્વ ૧, સર્ગ ૩, પૃ. ૪૭)

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૬૭)

# ૧૫

૨૪ જૂન, ૧૯૬૭

## શરીરની ક્રિયાઓ માટે નવું મૂલસ્થાન

ઘણી બધી વસ્તુઓ કહેવાની છે, પણ . . . છેલ્લી વાત ઉપર પહોંચી જઈએ એ વધુ સારું છે. એ એક વળાંક છે. છેલ્લી વાત ઉપર પહોંચી જઈએ એ વધુ સારું છે. હમણાં કહેવાનો સમય હજી નથી.

(થોડા મૌન પછી) શરીરન ક્રિયાઓ, લગભગ બધી જ, ટેવરૂપ બની ગયેલી ક્રિયાઓ છે. ાછપળના ભાગમાં, સ્થૂલ મનની ચેતના આવી રહેલી છે (જેને હું 'કોષગત મન' કહું છું) અને એ મન પોતે પ્રભુના દિવ્ય સાંનિધ્ય વિષે સતત સભાન રહેતું હોય છે અને એના સિવાય બીજી કોઈ પણ વસ્તુને સ્વીકારવી નહિ એવો એનો આગ્રહ હોય છે. એટલે આ ક્રિયાઓના મૂળ ઉત્પત્તિસ્થાનને બદલવાનું, બીજે ઠેકાણે મૂકી આપવાનું એક આખું કાર્ય ચાલી રહેલું છે. એટલે કે મારે એ કહેવું છે કે આ ક્રિયા માત્ર એક આપોઆપ થતી રહેતી ટેવરૂપ વસ્તુ રહેવાને બદલે તે એને ઉત્પન્ન કરનાર પ્રભુના દિવ્ય સાંનિધ્ય અને ચેતના રૂપે આપોઆપ બની જાય એમ થવું જોઈએ. (માતાજી ચેતનાને શરીરની અંદર ધકેલતાં હોય તેમ કરે છે.)

પણ આ વસ્તુ જરા પણ, જરા પણ કહી શકાય તેવી નથી, એટલે કે, તમે એને વિષે કહેવાનો પ્રયત્ન કરો કે તે મનોમય થઈ જાય છે, એ પોતાના રૂપે રહેતી નથી. એટલે એને શબ્દોમાં મૂકવી બહુ મુશ્કેલ છે. એને વિષે હું બોલી શકતી નથી.

પણ મેં તમને આ ટેવનું જે અવલોકન મેં કરેલું છે અને અત્યંત સ્થૂલ ચેતનામાં નાટ્ય માટેનો જે રસ રહેલો છે તે વિષે થોડા સમય ઉપર વાત કરેલી છે એમ લાગે છે. શરૂઆત ત્યાંથી થઈ હતી. એ ટેવ પોતાને વિષે સભાન બની કે તરત જ તે જાણે બીજે ઠેકાણેની—પારકી, વિજાતીય હોય, સાચી ચેતનાને માટે વિજાતીય હોય એવી બની ગઈ અને ત્યારથી પછી ફેરબદલીનું કામ થવા લાગ્યું.

એ બહુ જ નાજુક અને મુશ્કેલી ભરેલું કામ છે.

આ કામ એટલે કે એક હજારો વર્ષની જૂની ટેવ સામે લડવાનું છે. સ્થૂલ ચેતનાની આ જે સ્વતઃચાલિત ક્રિયા છે એ, હા, નાટ્યમય છે, લગભગ ભીષણ રૂપની છે. કોઈક વાર એ નાટ્યમય હોય છે અને એનો અંત એવો તો કલ્પનાપ્રચુર રીતે આવે છે કે જેમાં પછી નાટક ખલાસ થઈ જાય છે. પણ આ વસ્તુને તમે શબ્દોમાં મૂકો કે તરત જ તે ખૂબ સઘન બની જાય છે. એને વિષે કાંઈ ન કહેવું એ જ સારું છે.

એને વિષે તમે બોલો કે તરત એ કૃત્રિમ થઈ જાય છે.

## દિવ્ય સાંનિધ્યની હેઠળ

આ ટેવને બદલે બીજું કાંઈ મૂકવા માટે એક બીજી (!) ટેવ ઊભી કરવાનો જાણે કે પ્રયત્ન થયો હતો, અને એ માત્ર એને કંઈક મળતી આવતી વસ્તુ જ બનેલી. તો ચેતનાની આ જે અવસ્થા છે, સ્વરૂપની આ જે ગતિ છે, અસ્તિત્વની, પ્રતિક્રિયા કરવાની, વ્યકત કરવાની આ જે પદ્ધતિ છે તે શું પ્રભુના દિવ્ય આવિર્ભાવની દિશા સૂચવે છે, એ તરફ લઈ જાય છે?

એ શું દિવ્ય આવિર્ભાવ માટેની પ્રેરણાની સાથે સુસંગત વસ્તુ છે?.... વિચાર શાંત થઈ જાય છે, પછી કલ્પના કામ કરતી નથી (એ બધું રાજીખુશીથી થતું હોય છે), અને એ ક્રિયા પ્રભુના દિવ્ય સાંનિધ્યની હેઠળ બને તેટલી સાચી અને સહજરૂપની બનવા પ્રયત્ન કરે છે... શબ્દો બધી જ વસ્તુઓને વિકૃત કરી નાખે છે.

અમુક અમુક વખતે—અમુક અમુક વખતે, એકાએક: **નક્કર** અનુભૂતિ આવી જાય છે, વીજળીના ઝબકારાની જેમ; પ્રભુના સાંનિધ્ય**ની,** તદ્રૂપતાની અનુભૂતિ. પણ એ માત્ર થોડી સેકન્ડો ચાલે છે અને **પાછું** પહેલાંની માફક ચાલવા લાગે છે.

એ કહી શકાય તેમ નથી.

પછી માતાજી શ્રી અરવિંદનાં બે લખાણોનો અનુવાદ કરવા માંડે છે, જેને તેઓ બુલેટિનના આવતા અંકમાં પ્રસિદ્ધ કરવા માગે છે.

### નિગૂઢ અને ઊર્ધ્વ શકિતનો વિકાસ

'બધી વસ્તુઓ મનના પ્રયત્ન દ્વારા કરવાને બદલે પાછળના ભાગમાં રહેલી કે ઊર્ધ્વમાં રહેલી શકિત દ્વારા કેવી રીતે કરાવી લેવી એ જાણવું એ સાધનાનું મહાન રહસ્ય છે.'

બરાબર એ જ પ્રમાણે છે.

'શરીરનું મહત્ત્વ તો દેખીતું જ છે; માણસે એક ક્રમે ક્રમે વધતા જતા મનોમય જ્ઞાનને ઝીલી શકે તેવું તથા તેને માટે કામ કરી શકે તેવું શરીર અને મગજ વિકસાવ્યાં છે અથવા તો તેને તે આપવામાં આવેલાં છે એટલે જ તે પશુ કરતાં ઊંચે ચડી શકયો છે, એ જ રીતે માણસ આથી પણ વધારે ઊંચા પ્રકાશને ઝીલી શકે તેમ જ તે માટે કામ કરી શકે તેવું

એક શરીર વિકસાવી શકશે અથવા કાંઈ નહિ તો આ શરીરરૂપી કરણની ક્રિયાને વિકસાવી શકશે તો જ તે દ્વારા તે પોતાની જાતથી ઉપર ઊંચે ચડશે અને, માત્ર વિચારમાં અને પોતાના આંતર સ્વરૂપમાં જ નહિ, પણ જીવનમાં તે એક સંપૂર્ણ રીતે દિવ્ય એવું મનુષ્યત્વ સિદ્ધ કરી શકશે. આમ જો નહિ થાય તો પછી જીવન અંગેની સર્વ આશાઓ પડી ભાંગશે, એના અર્થનો છેદ ઊડી જશે અને પૃથ્વી ઉપર રહેતા આ માનવ પ્રાણીએ જો સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરવો હશે તો તે માત્ર પોતાની જાતનો વિનાશ કરીને જ કરી શકશે, અથવા તો તે માટે તેણે પોતામાંથી મન, પ્રાણ અને શરીરને ખેરવી નાખવાં પડશે અને શુદ્ધ અનંતમાં પાછા ચાલ્યા જવું પડશે. અથવા તો પછી એમ સમજવાનું રહે છે કે મનુષ્ય એ પ્રભુ માટેનું દિવ્ય કરણ છે નહિ, પૃથ્વી ઉપરનાં બીજાં પ્રાણીઓ કરતાં તેને જુદો પાડી આપતી જે પ્રગતિ કર્યે જતી સભાન એવી શકિત છે તેને એક વિધિનિર્મિત મર્યાદા આવી રહેલી છે અને જેવી રીતે એણે અગ્રભાગમાં આવીને આ સર્વ પ્રાણીઓનું સ્થાન લીધું છે તેવી રીતે છેવટે જતાં કોઈ બીજા પ્રાણીએ તેનું સ્થાન લેવાનું રહેશે અને તેનો વારસો હસ્તગત કરવો પડશે.'

હું સમજું છું! બધો વખત હું એ જ કામ કરતી હતી.

(મૌન)

**પરંતુ શ્રી અરવિંદે એમ તારણ કરી આપેલું છે કે આ વસ્તુ (શરીર) બદલાઈ શકે તેમ નથી; એક નવું જ સ્વરૂપ આવશે.**

ના, શ્રી અરવિંદ એમ કહે છે કે એનામાં જો શકિત નહિ હોય તો એક નવું સ્વરૂપ આવશે.

ના, આ લખાણમાં એ છે એમ હું નથી કહેતી; એમણે પછીથી જે લખેલું છે તેમાં એ આવેલું છે.

?....

નવા સ્વરૂપની રચના

વળી, વસ્તુ એની એ જ છે, કારણ કે...શરીર બદલાઈ શકે ખરું? અને છતાં, એ અત્યંત મુશ્કેલ લાગે છે. એ અશક્ય નથી. એ અશક્ય નથી, પણ...એ ખૂબ જ મહેનતનું કામ છે અને જીવન તો બહુ ટૂંકું છે; અને છતાં કંઈક બદલવાનું તો છે જ, હા, આ જે ઘસારો પામવાની ટેવ છે એ તો ભયંકર વસ્તુ છે.

હા, પણ એક 'નવું સ્વરૂપ', એ ક્યાંથી આવશે? એ શું આકાશમાંથી ટપકી પડશે?

નહિસ્તો, એ જ વાત છે! જેમ વધુ વિચાર કરીએ છીએ તેમ... એ નવું સ્વરૂપ એ રીતે તો નહિ જ આવે (માતાજી હસે છે), માણસ પશુમાંથી જેવી રીતે બની આવ્યો છે એવી જ રીતે એ આવશે એ દેખીતું છે. પણ પશુ અને માનવની વચ્ચેની અવસ્થાઓ આપણને મળતી નથી. આપણે એનો વિચાર કરીએ છીએ, એની કલ્પના બાંધીએ છીએ, આપણે વસ્તુઓ શોધી કાઢેલી છે, પરંતુ સાચું કહીએ તો આપણે તે વખતે હાજર નહોતા! એ કેવી રીતે બન્યું તે આપણે જાણતા નથી. પણ એનો વાંધો નથી...કેટલાકના મત મુજબ, આપણે આપણી અંદર એ રૂપાંતર તૈયાર કરવાનું કામ શરૂ કરીએ છીએ, બાળકને બનાવવાની ક્રિયામાં એ બની શકે છે, હું નથી કહેતી, ના. એ બની શકે છે. અને પછી આ તૈયાર થયેલા સ્વરૂપે એક વધુ રૂપાંતર પામેલા સ્વરૂપને તૈયાર કરવાનું રહેશે અને એમ આગળ ચાલશે, એના જેવી કેટલીક કક્ષાઓ આવશે અને એ કક્ષાઓ, વાનર અને માણસની વચ્ચેની કક્ષાઓ અદૃશ્ય થઈ ગઈ છે તેમ શું અદૃશ્ય થઈ જશે?

હા, માનવ પૂર્ણતાની જે પ્રક્રિયા છે તેની આખીયે કથા આ પ્રકારની છે.

તમારે જેમ કહેવું હોય તેમ કહી શકો છો . . . પણ આપણે તો, તમે કહો છો તેમ, એવી કલ્પના કરીએ છીએ કે એ નવું સ્વરૂપ, તૈયાર કરેલું, પહેલેથી બનાવેલું નીચે આવી જશે. એ નરી વાર્તા છે.

શ્રી અરવિંદ પણ બરાબર એમ જ કહે છે. એ સ્વરૂપ બંધાવું જોઈએ.

વચલી અવસ્થાનાં સ્વરૂપો બે કે ત્રણ—કે ચાર કે દસ કે વીસ, મને ખબર નથી—આવી જશે ત્યાર પછી નવી પદ્ધતિ, સર્જન કરવાની અતિ-માનસ પદ્ધતિ બની આવશે . . . પણ બાળકો ઉત્પન્ન કરવાની જરૂર રહેશે ખરી? વિદાય થયેલાં માણસોનું સ્થાન લેવાને માટે બાળકોની જે જરૂર રહે છે તે જરૂરને જ મટાડી દેવામાં નહિ આવે? કેમકે લોકો અનિશ્ચિત કાળ સુધી જીવતા રહેશે. એ મનુષ્યો નવી જરૂરિયાતોને પહોંચી વળવાને માટે જરૂરી હશે તેટલું પોતાનું રૂપાંતર કરી લેશે.

આ બધું લાંબા કાળે બને એમ જરૂર કલ્પી શકાય છે.

હા, લાંબા કાળે.

પરંતુ આપ તો છો જ એટલે એ ટૂંક સમયમાં પણ બને.

ના, એ ટૂંક સમયમાં બનશે એમ શ્રી અરવિંદે ધાર્યું નહોતું.

હા, એ તો આપ પોતે જ કરશો. લાંબા કાળે કે ટૂંક સમયમાં, એ કામ આપ જ કરશો. આ જીવનમાં અને આ શરીરમાં.

પણ, હું જોઉં છું...

હું એ કરવાનો પ્રયત્ન કરી રહી છું—મનમાં આવે તેમ ગમે તે રીતે નહિ, એવું તો કાંઈ જ નહિ, માત્ર આમાં 'કાંઈક' અથવા તો કોઈક અથવા તો એક ચેતના કે કાંઈ પણ (હું એ વિષે કહેવા માગતી નથી) એવું છે કે જે આને (માતાજીના શરીરને) ઉપયોગમાં લઈ રહ્યું છે અને એમાંથી કાંઈક બનાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે. એટલે કે, એકી સાથે સાથે, હું કામ કરી રહી છું અને હું સાક્ષી રૂપે જોઈ રહી છું, અને પેલો 'હું', મને ખબર નથી કે એ ક્યાં છે : એ ત્યાં અંદરમાં નથી, ત્યાં ઉપરમાં નથી, એ નથી... એ ક્યાં છે તે હું જાણતી નથી, આ તો બધું ભાષાની જરૂર માટે છે. એવું 'કંઈક' છે કે જે કામ કરી રહ્યું છે અને સાથે સાથે જોઈ રહ્યું છે, અને સાથે સાથે જે ક્રિયા એ વસ્તુને કરે છે તે રૂપે એ છે : ત્રણ જણ.

કારણ કે હવે શરીર પોતે જ પોતાથી થઈ શકે તેટલો સાચેસાચ સહકાર આપી રહ્યું છે—પોતાથી થઈ શકે તેટલો—અને તે શુભેચ્છાપૂર્વક અને સહન કરી લેવાની એક વધતી જતી શકિતપૂર્વક, અને, ખરી રીતે તો, પોતાના ઉપર પાછા ફેંકાઈ જવાની જે ક્રિયા છે તે ઓછામાં ઓછી થઈ ગઈ છે (એ છે તો ખરી પણ કોઈક વાર આવીને અડી જતી હોય તેના જેવું કાંઈક, અને એ થોડી સેકન્ડો પણ રહેતી નથી). એ વસ્તુ, પોતાના ઉપર પાછા ફેંકાઈ જવાની આ ક્રિયા, એ જ એક એવું તો નર્યું વાતાવરણ છે, કમકમાટી ઉત્પન્ન કરે તેવું, ધૃણા ઉપજાવે તેવું, મહા વિપત્તિ રૂપ. એ વસ્તુ એવી છે, એવી રીતે એનો અનુભવ થાય છે. અને એ ક્રિયા વધુ ને વધુ અશક્ય બનતી જાય છે, હું એ જોઉં છું, એ નજરે દેખાય તેવું છે... પણ છતાંયે હજી પેલું ખરાબ ટેવોનું હજારો વર્ષનું જૂનું આખુંયે વજન ત્યાં બેઠેલું છે. આ ટેવોને આપણે નિરાશાવાદીઓ કહી શકીએ, એટલે કે એ ટેવો એમ સંભવ કલ્પતી હોય છે કે હવે ક્ષીણતા આવશે, આપત્તિ આવશે, ખરું જોતાં એ આ બધું બનવાનો સંભવ કલ્પતી હોય છે,

અને એ વસ્તુને વિશુદ્ધ કરવી, એની સફાઈ કરવી, એને વાતાવરણમાંથી ફેંકી દેવી, ઊફ! એ સૌથી વધુ કઠણ કામ છે. એ એટલું બધું અંદરમાં રહેલું છે કે એ સાવ સ્વાભાવિક બની ગયેલું છે. આ રીતની જે લાગણી છે, અનિવાર્ય એવા ક્ષયની, એ જ પેલું મહાન, મહાન વિઘ્ન છે.

માનસિક દૃષ્ટિથી જોઈએ તો, કુદરતી રીતે જ, પૃથ્વીનું આખુંયે વાતાવરણ એના જેવું છે, પરંતુ મનની અંદર એનું મહત્ત્વ બહુ જ ઓછું રહે છે: પ્રકાશનું એક કિરણ અને એ સાફ થઈ જાય છે. પણ આ અંદરની બાજુએ (માતાજી શરીર બતાવે છે), આ જે ટેવ છે—આ જે ઘોર ટેવ છે—એ ભયંકર છે, એનો સામનો કરવો ભયંકર છે. અને પેલી બીજી વસ્તુ પોતાની સ્થાપના કરે તે પહેલાં આ વસ્તુએ અદૃશ્ય થઈ જવું જ જોઈએ, એ અનિવાર્ય છે.

એટલે આ મિનિટે મિનિટની, મિનિટે મિનેટની લડાઈ છે, આખોય વખત ચાલ્યા કરતી, આખોય વખત ચાલ્યા કરતી.

અને પછી, તમે જાણો છો કે આપણે કાંઈ એકલા નથી, શરીર એકલું નથી, આસપાસ લગભગ એક મોટો સમૂહ રહેલો છે, અને એમાં નિકટતાની કક્ષાઓ છે; પણ તદ્દન નજીકમાં તે આ અહીં રહેલા બધા લોકો છે, અને ત્યાં એનો એ જ પ્રશ્ન છે—એનો એ જ પ્રશ્ન છે. કેમકે આ શરીરની ચેતનામાં જે વસ્તુ સિદ્ધ કરાયેલી છે તે બીજાઓની ચેતનામાં જરા પણ સિદ્ધ બનેલી નથી. અને એથી મહેનતમાં વધારો થાય છે.

મનના ચેપનો અને પ્રાણના ચેપનો પણ જે પ્રશ્ન છે, એ તો કહો કે ઊકલી ગયો છે, પરંતુ સ્થૂલના ચેપનો જે પ્રશ્ન છે તે તો હજી રહેલો જ છે.

અને આ સ્થૂલની ચેતનામાં, જે સ્થૂલ મન રહેલું છે એણે અદ્‌ભુત જવાબ વાળેલો છે (માતાજીમાં), પરંતુ બહારની બાજુએથી જે વસ્તુઓ આવતી રહે છે, આ જે સતત, સતત, કાયમી ચેપ, મિનિટે મિનટનો

આવ્યા કરે છે તેની સામે સહજપણે આપોઆપ પહોંચી વળવાની શક્તિ હજી એનામાં આવી નથી.

(લાંબું મૌન)

પેલો સંપર્ક જ્યારે એકાએક સભાન બની જાય છે અને તાદાત્મ્યનું ભાન બની આવે છે, હું કહું છું તેમ થોડીક સેકન્ડો માટે, પણ એ જ્યારે આવે છે ત્યારે...બધા જ કોષો કલ્લોલ કરવા લાગી જાય છે: 'ઓહ! હા, હા, સાચું છે! એ ત્યારે સાચું છે....'

એ કદાચ દિવસમાં સો વાર આવે છે, પણ એ ટકી રહેતું નથી.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૬૭)

# ૧૬

૨૬ ઑગસ્ટ, ૧૯૬૭

## શુભ અને સત્યનો વિજય

એક શિષ્યે પૂછેલા પ્રશ્ન અંગે:

'માતાજી, એમ કહેવાય છે કે શુભ અને સત્યનો હંમેશાં વિજય થાય છે, પણ જીવનમાં તો ઘણી વાર એથી ઊલટું થતું દેખાય છે. દુષ્ટ માણસો જીતતા હોય છે, તેમને દુ:ખમાંથી કોઈ રીતે રક્ષણ મળી જતું લાગે છે.'

(માતાજી હસે છે, પછી મૂંગાં રહે છે). લોકો હંમેશાં બે વિચારો વચ્ચે ગોટાળો કરી મૂકે છે.

## મનુષ્યની મર્યાદિત સમજ

આ વસ્તુ વિશ્વરૂપ અને આધ્યાત્મિક દૃષ્ટિથી જોવાની છે, અને તેમાં માણસો જેને 'શુભ' સમજે છે તે વસ્તુ નહિ, પણ જે 'સાચું' છે, સત્ય છે તેનો અંતે જતાં વિજય થવાનો હોય છે, એ વાત તો સ્પષ્ટ જ છે. અર્થાત્, આખરે જતાં, ભગવાનનો વિજય થવાનો છે. આ વાત કહેવામાં આવી છે, જે કોઈ આધ્યાત્મિક જીવન જીવી ગયા છે તે સૌએ આ કહેલું

છે—આ એક અવિચલ હકીકત છે. એનો અનુવાદ કરતાં, માણસો એમ કહે છે: 'હું સારો છોકરો છું, હું જેને સાચું ગણું છું તે પ્રમાણે હું જીવન જીવું છું, એટલે, મારે માટે આખુંયે જીવન શુભ બનવું જોઈએ'. (માતાજી હસે છે). સૌથી પહેલું તો, આપણે પોતે આપણા વિષે જે સમજતા હોઈએ છીએ તે હંમેશાં શંકાસ્પદ હોય છે, અને પછી જગત અત્યારે જે રીતનું છે તેમાં બધું ભેળસેળ થઈ ગયેલું છે, મનુષ્યની અર્ધ-અંધ ચેતના આગળ સત્યનો નિયમ પોતાને ખુલ્લી રીતે પ્રગટ કરતો હોતો નથી—જગત એ સમજશે નહિ. વધારે ચોક્કસ રીતે કહું તો પ્રભુની જે પરમ દૃષ્ટિ છે તે જ સતત રીતે પોતાને સિદ્ધ કરી રહેલી છે, પરંતુ આ ભેળસેળ થઈ ગયેલા સ્થૂલ જગતમાં માનવની અજ્ઞાન દૃષ્ટિને એ સિદ્ધિ શુભના વિજય તરીકે, માણસો જેને શુભ અને સત્ય કહે છે તે રૂપે દેખાતી નથી. પરંતુ (વિનોદની રીતે કહીએ તો) એમાં પ્રભુનો વાંક નથી, એ માણસોનો વાંક છે; એટલે કે, પ્રભુ જાણે છે કે પોતે શું કરી રહ્યા છે અને માણસો તે સમજતા નથી હોતા.

વિકૃત દર્શન

સત્યના જગતમાં, બધું અત્યારે છે તેવું જ કદાચ રહેશે,
માત્ર એ જુદી રીતે જોવામાં આવશે.

બંને. એક તફાવત તો રહેશે. જગતમાં અત્યારે જે અજ્ઞાન અને અંધકાર રહેલાં છે તે પ્રભુના દિવ્ય કર્મને એક વિકૃતિકારક દેખાવ આપે છે; અને સ્વાભાવિક રીતે, આ વસ્તુ તો ધીરે ધીરે અદૃશ્ય થઈ જવી જોઈએ; પરંતુ એ પણ સાચું છે કે વસ્તુઓ જોવાની એક એવી રીત છે કે જે ... કહો કે, વસ્તુઓના દેખાવને જુદો અર્થ આપે છે—એ બંને જગતમાં છે, આની માફક (પરસ્પર મિશ્રણની ક્રિયા બતાવે છે).

(મૌન)

આપણે હંમેશાં એ વાત ઉપર આવીએ છીએ કે માણસનો નિર્ણય ખોટો હોય છે—કારણ કે એની વસ્તુઓને જોવાની દૃષ્ટિ ખોટી હોય છે, અધૂરી હોય છે—અને એટલે એના આ નિર્ણયનાં પરિણામો પણ અવશ્ય ખોટાં જ આવતાં હોય છે.

### સંવાદિતાનો વધુ ને વધુ આવિર્ભાવ

જગત સતત બદલાઈ રહ્યું છે, સતત, એક પળ માટે પણ તે તેના પોતાના જેવું રહેતું નથી, અને જગતમાં આ જે સર્વસામાન્ય સંવાદિતા છે તે પોતાને વધુ ને વધુ સંપૂર્ણ રીતે વ્યકત કરતી રહે છે. એટલે કોઈ પણ વસ્તુ પોતે છે તેવી ને તેવી રહી શકતી નથી અને વસ્તુઓ ઊલટી રીતની દેખાય છે છતાં આખુંયે જગત સતત પ્રગતિ કરતું રહેતું હોય છે, સંવાદિતા વધુ ને વધુ સંવાદમય થતી રહે છે, સત્ય આવિર્ભાવમાં વધુ ને વધુ સાચું બનતું રહે છે. પરંતુ એ જોવા માટે આપણે સમગ્ર વસ્તુ જોવી જોઈએ અને માણસ માત્ર અમુક જ જુએ છે... એ માત્ર માણસનો પ્રદેશ જુએ છે એવું પણ નથી, પણ એ એનો માત્ર અંગત પ્રદેશ, તદ્દન નાનકડો, તદ્દન નાનકડો, સાવ આણુ જેટલો જ પ્રદેશ જોતો રહે છે—એ સમજી શકે તેમ નથી.

તો અત્યારે જગતમાં એક બેવડી વસ્તુ પોતાને સંપૂર્ણ કરી રહી છે (પરસ્પર મિશ્રણની એ જ ક્રિયા) અને તે એક પરસ્પર માટે થતા કાર્ય દ્વારા: આવિર્ભાવ પોતાને વિષે જેમ જેમ વધુ સભાન થતો જાય છે તેમ તેમ તેની અભિવ્યકિત પોતાને સંપૂર્ણ કરતી જાય છે, વધારે સાચી પણ બનતી જાય છે. એ બંને ક્રિયાઓ સાથે સાથે થતી રહે છે.

(મૌન)

તે દિવસે જ્યારે જ્ઞાનની આ સચેતનતા આવેલી ત્યારે આ પણ એક વસ્તુ બહુ સ્પષ્ટ રીતે જોવામાં આવી હતી: આવિર્ભાવ જ્યારે

અચિત્‌માંથી પૂરતા પ્રમાણમાં બહાર આવી ગયો હશે ત્યારે અત્યારે અચિત્‌ની હાજરીને લીધે સંઘર્ષની જે જરૂર રહે છે તે વધુ ને વધુ બિન-જરૂરી બની જશે, એ તદ્દન સ્વાભાવિક રીતે ચાલી જશે અને પ્રગતિ, પ્રયત્ન અને સંઘર્ષની રીતે થવાને બદલે, સંવાદમય રીતે થવા લાગશે. માનવ ચેતના અત્યારે આ વસ્તુને પૃથ્વી ઉપરના એક દિવ્ય સર્જન તરીકે જોઈ રહી છે—અને એ પણ માત્ર એક જ પગલું હશે. પરંતુ જ્યારે અત્યારે જે પગલું લેવાઈ રહ્યું છે તેમાં, એક એવી રીતની સંવાદમયતા સિદ્ધ થશે કે જે વિશ્વની પ્રગતિની ક્રિયાને (કે જે સતત ચાલી રહેલી છે), તે સંઘર્ષ અને વેદના દ્વારા થઈ રહેલી છે તેને બદલે આનંદ અને સંવાદ-મયતા દ્વારા થતી પ્રગતિ રૂપે બદલી નાખશે . . . પણ પેલી જે વસ્તુ જોવામાં આવી હતી તે એ હતી કે આ જે અપૂર્ણતાની લાગણી છે, કોઈક વસ્તુ હજુ પૂરી થઈ નથી, સંપૂર્ણ નથી, એ આપણે અત્યારથી સમજી રાખવું જોઈએ કે, ઘણા લાંબા વખત સુધી ટકી રહેશે—જો સમયનો ખ્યાલ છે તેનો તે રહેશે તો, અને એ હું જાણતી નથી. પરંતુ બધા જ પરિવર્તનમાં સમયનું તત્ત્વ રહેલું હોય છે, નહિ? એ તત્ત્વ આપણે અત્યારે સમયની જે કલ્પના કરીએ છીએ તે રીતે આપણે ઘટાવવાનું નથી, પરંતુ એમાં માત્ર એક ક્રમિકતા તો આવે જ છે.

—ત્યાં ઉપર પ્રશ્નો નથી

આ બધા કહેવાતા પ્રશ્નો—આપણી પાસે આ રીતે આખોયે વખત મનના સવાલો પર સવાલો અને પ્રશ્નો (અવિદ્યામાં રહેલા બધા પ્રશ્નો, નહિ?)—પૃથ્વી પરના જંતુના પ્રશ્નો આવતા રહે છે. જે ક્ષણે આપણે ત્યાં ઉપર નીકળી જઈએ છીએ, પછી આવા પ્રશ્નો કદી રહેવા પામતા નથી. કોઈ રીતના વિરોધાભાસો પણ રહેતા નથી. વિરોધાભાસો હંમેશાં દૃષ્ટિની અપૂર્ણતામાંથી આવે છે, વસ્તુને એકી સાથે બધી રીતનાં દૃષ્ટિ-બિંદુમાંથી જોવાની અશક્તિમાંથી આવે છે.

## 'ભલા'ની દુનિયા નથી

ગમે તેમ હો, આપણે પ્રશ્ન ઉપર સીધા આવી જઈએ, અને હું, ધારું છું કે, કોઈ પણ જ્ઞાની પુરુષે કોઈ પણ સમયે એવું કહ્યું નથી કે: ભલા બની જાઓ અને બાહ્ય રીતે તમારું બધું બરાબર થતું રહેશે—કેમકે આ તો મૂર્ખતા છે. આ જે અવ્યવસ્થાનું બનેલું, અસત્યનું બનેલું જગત છે તેમાં એવી આશા રાખવી એ બુદ્ધિપુરઃસરનું નથી. પણ તમે જો તમારા જીવનના વ્યવહારમાં પૂરતા પ્રમાણમાં સાચા હશો અને અખંડિત અને સમગ્ર રીતે કામ કરતા હશો, તો તમને, ભલે ગમે તેવા સંયોગો હશે તોપણ, આંતરિક આનંદ મળતો રહેશે, પૂર્ણ સંતોષ મળતો રહેશે, અને જગતમાંની કોઈ પણ વ્યક્તિ અને કોઈ પણ વસ્તુ એને આંગળી અડાડી શકશે નહિ.

(બુલેટિન, નવેમ્બર ૧૯૬૭)

# ૧૭

૩૦ ઑગસ્ટ, ૧૯૬૭

## સૂક્ષ્મ શારીરિક પ્રદેશ

છેલ્લી કેટલીક રાતોથી હું લગભગ આખી રાત, ઘણા કલાકો એક ખાસ સ્થાનમાં ગાળતી રહી છું, અને એ સ્થાન તે સૂક્ષ્મ શારીરિક પ્રદેશનું હોવું જોઈએ અને ત્યાં આગળ સ્થૂલ જીવનની પુનર્વ્યવસ્થા થતી હોય છે. એ એક વિશાળ પ્રદેશ છે—વિશાળ અને ત્યાં એક કેટલુંયે મોટું માણસોનું ટોળું હોય છે, પરંતુ એ બધી વ્યક્તિઓ છે, ટોળું નથી, એટલે કે ત્યાં મારે એમાંના દરેક જણની સાથે કામ લેવાનું રહે છે. એટલે, ત્યાં જાણે કે કાગળપત્રો અને લખવા માટેનાં ટેબલો હતાં, પણ આસપાસમાં કોઈ દીવાલો ન હતી! એ એક વિચિત્ર સ્થાન છે, ઘણું વિચિત્ર સ્થાન છે.

મેં મને પોતાને ઘણી વાર પૂછ્યું હતું કે આ બધું મને શું સ્થૂલ વસ્તુઓની સ્મૃતિને લીધે દેખાય છે કે પછી એ ખરેખર એ પ્રમાણેનું જગત છે. કેટલીક વાર તો મને એ વિષે કોઈ જ શંકા રહેતી ન હતી, કેમકે એ જગતને તેની પોતાની આગવી વિશિષ્ટતા હતી, પણ અમુક વખતે મને શંકા થતી હતી અને હું મને પોતાને પ્રશ્ન કરતી કે એ મારી સક્રિય સ્મૃતિમાં બનતી કોઈ વસ્તુ તો નથી ને. કેમકે એ વખતે હું બહુ જ સભાન હોઉં છું અને દરેક વસ્તુ ત્યાં અત્યંત સ્વાભાવિક અને ખરેખર સ્થાયી હોય છે: હું ત્યાં એની એ વસ્તુઓ એની એ જ જગાએ જોતી

હોઉં છું, કોઈ વાર તેમાં થોડા ફેરફારો હોય છે, પણ એ ફેરફારો કોઈ ક્રિયાને પરિણામે બનેલા હોય છે. એટલે કે એ એક સુસંગત એવું જગત છે, એ કોઈ અતંત્ર એવી કલ્પના નથી. પણ તો આ રૂપો કેટલા પ્રમાણમાં કુદરતી રૂપોનાં પ્રતિબિંબ જેવાં હોય છે, એ કેટલા પ્રમાણમાં એના જેવાં છે અથવા તો શું આપણે તેમને એ પ્રમાણે જોતા હોઈએ છીએ? હજી મને એની બહુ ખાતરી થયેલી નથી. હું જ્યારે અધિમનસમાં જતી અને ત્યાં દેવોને જોતી ત્યારે પણ મને એવો જ પ્રશ્ન રહેતો હતો : મને હંમેશાં એક રીતનો સંકોચ રહેતો હતો કે આ દેવો સાચે જ એવા છે એ રીતનું આ મને જ્ઞાન થાય છે કે આપણે માત્ર આપણી શારીરિક ટેવોને કારણે તેઓ એવા છે એમ જોઈએ છીએ. એ અંગે, થોડા વખત પછી, હું એક નિર્ણય ઉપર આવી હતી, પરંતુ અહીં, સ્થૂલ રીતે ...

એ એક વિચિત્ર વસ્તુ છે, ત્યાં બારણાં નથી, બારીઓ નથી, છત નથી કે ભોંયતળિયું નથી. એ બધું ત્યાં એની પોતાની મેળે આવી રહેલું છે, એ ગુરુત્વાકર્ષણના નિયમોને તાબે રહેતું હોય એમ દેખાતું નથી, એટલે કે ત્યાં પૃથ્વીનું લોહચુંબકવાળું આકર્ષણ નથી હોતું, અને છતાં આપણે લખવા લાગીએ છીએ ત્યારે ત્યાં એક પેન રહેલી દેખાય છે અને આપણે કોઈ વસ્તુ ઉપર લખવા માંડીએ છીએ ત્યારે ત્યાં કાગળ રહેલો હોય છે, અને ત્યાં જ્યારે કાગળપત્રો હોય છે ત્યારે તે પરબીડિયાંમાં રહેલાં દેખાય છે ... આપણને લાગે છે કે ત્યાં પદાર્થ એનો એ નથી,' પણ એનો દેખાવ બહુ જ મળતો હોય છે. અને આ જે દેખાવ છે, એ અંગે હું મને પોતાને પ્રશ્ન કરતી રહું છું : આ જે દેખાય છે તે મગજની સામાન્ય રીતની ક્રિયાને લીધે દેખાય છે કે સાચેસાચ એ આ પ્રમાણે છે?

ત્યાં હું લગભગ દરેક જણને મળતી હોઉં છું. મેં તમને કહેલું કે તમે ત્યાં બહુ જ નિયમિત રીતે આવતા હો છો અને આપણે કામ કરતાં

હોઈએ છીએ. તમને એ યાદ રહેતું નથી. બીજાઓને એ યાદ રહેતું હોય છે, પણ તેમની સ્મરણશકિત જરા ખસી ગયેલી હોય છે (માતાજી આંગળીને જરાક મરડીને બતાવે છે), એટલે કે, મને જેવી રીતે દેખાયું હોય છે તેવી જ રીતે તેમને દેખાતું હોતું નથી. એટલે એ વિષે એ લોકો મને જ્યારે કહેતા હોય છે ત્યારે મને એકંદરે એવી લાગણી થાય છે કે એમના મગજમાં જે છાપ પડેલી છે તેને લીધે એ પ્રમાણે બનેલું છે... અને આ સ્થૂલ જગતની બાહ્ય વાસ્તવિકતા આ રીતની હોય છે કે એમાં એક જ વસ્તુ, તમે તેને દસ વાર પણ જુઓ તોપણ હંમેશાં એની એ જ રહેતી હોય છે, એમાં સ્વાભાવિક રીતે જે ફેરફાર થતા રહેતા હોય તે ખરા: દાખલા તરીકે, વસ્તુ વપરાશને લીધે બદલાતી હોય છે; પણ અહીં પણ એવું જ હોય છે; અને તમે જો કાળજીપૂર્વક અભ્યાસ કરશો તો, સ્થૂલ જગતમાં પણ, બે માણસો વસ્તુઓને એક જ રીતે જોતા હોતા નથી. એ પ્રદેશમાં કદાચ બધું વધારે તીવ્ર રીતનું હશે, પણ એ બધું અહીંના જેવું જ હોય છે. તમે જ્યારે ચેતનામાં પ્રવેશ કરો છો ત્યારે આ બધાનો ખુલાસો બહુ સરળ બની જાય છે, બહુ સરળ. આપણે ચેતનામાં પ્રવેશીએ છીએ ત્યારે સ્થૂલ રીતની વાસ્તવિકતા પોતે જ એક ભ્રાંતિ બની જતી હોય છે, ભ્રાંતિ રૂપ બની જતી હોય છે, એ વાસ્તવિકતા ચોક્કસ હોતી નથી: ત્યાં આંતરિક વાસ્તવિકતા વધારે સાચી હોય છે. અને પછી એ સ્થિતિમાં વસ્તુ ઘણી સરળ હોય છે. એમાં કદાચ આપણા મનને જ માત્ર આશ્ચર્ય અનુભવાતું હોય છે.

દાખલા તરીકે લખવાની ક્રિયા લો. મેં વિગતમાં જઈને અવલોકન કર્યું નથી, પણ એ જગતમાં તમે જ્યારે લખતા હો છો ત્યારે તમે વધારે સહેલાઈથી લખતા હો તેમ લાગે છે: આ કેવી રીતે સમજાવવું એ હું જાણતી નથી, પણ એમાં બહુ ઓછો વખત લાગે છે અને વસ્તુઓ કાગળ ઉપર નોંધી લેવાતી હોય છે, પણ એ ખરેખર કાગળ હોય છે ખરો? એ કાગળ

જેવું દેખાય છે, પણ વસ્તુઓ ઘણી જ વધુ સીધી રીતે નોંધાઈ જતી હોય છે...ત્યાં કદાચ એક રીતનું મળતાપણું હોય છે, દાખલા તરીકે, તમે ત્યાં જ્યારે એક કલમ કે પેન્સિલ વાપરતા હો છો ત્યારે એ ચોક્કસ એક કલમ કે પેન્સિલ હોતી નથી. પણ એને મળતું કંઈક હોય છે અને તે...કેવી રીતે તમને કહું? એ વસ્તુની પ્રતિછાયા જેવું કે તેના તત્ત્વ જેવું હોય છે. પણ મારે એ કહેવું છે કે આપણે જો હજી પણ પીંછું અને પેન હોલ્ડરના યુગમાં હોઈએ, અને એને ખડિયામાં બોળતા હોઈએ, તો કદાચ મને એવું ત્યાં દેખાય! આમાં વસ્તુનું જે મૂળતત્ત્વ કે સિદ્ધાંત હોય છે એ જ એક મળતાપણા દ્વારા સ્મૃતિમાં બીજા રૂપે નોંધાતું હોય છે.

પણ એ એક ક્રિયા હોય છે. હું જ્યારે પાછી આવું છું, ત્યારે જે સમય થયો હોય છે તેની મને ખબર રહે છે, કેમકે હું જ્યારે જ્યારે સ્થૂલ ચેતનામાં પાછી આવતી હોઉં છું ત્યારે જે સમય હોય તે જાણવાની મેં એક ટેવ બનાવી લીધી છે (મારી પાસે પથારી ઉપર એક ઘડિયાળ હોય છે અને હું તે જોઈ લઉં છું) અને એ રીતે હું કહી શકું છું: પેલી અનુભૂતિ એક કલાક ચાલેલી, પેલી બીજી બે કલાક ચાલેલી. પણ પેલી ભૂમિકામાં આપણને સમયનું ભાન હોતું નથી, એ જ રીતનું સમયનું ભાન હોતું નથી. ત્યાં ક્રિયામાં જે વસ્તુ રહેલી હોય છે તે મહત્ત્વની વાત છે, અને એ કલાકો દરમિયાન ઘણી ઘણી વસ્તુઓ કરાતી હોય છે, ઘણી. અને આમ હું તમને એ ભૂમિકામાં બહુ નિયમિત રીતે મળતી હોઉં છું, બીજા પણ ઘણાને, અને હું એકી સાથે ઘણે ઠેકાણે હોઉં છું. અને જ્યારે કોઈ આવીને મને કહે છે: 'પણ મેં તમને કાલે રાતે જોયાં હતાં, તમે આ કરતાં હતાં, પેલું કરતાં હતાં', અને પછી ત્યાં કોઈક જગાએ, હું કહું છું, 'હા, એ સાચું છે', એમાં થોડોએક, માત્ર થોડોક ફેર હોય છે (મરડવાની ક્રિયા), પણ વસ્તુનું તત્ત્વ એ જ હોય છે.

અને મેં જોયું છે કે સ્થૂલની તદ્દન નજીકની આ જે વસ્તુઓ છે તે, તમે જો એકાએક જાગી જાઓ, ખાસ કરીને તો, તમે જાગો ત્યારે થોડુંક હાલો, તમે જો કોઈ હિલચાલ કરો કે પડખું ફેરવો તો તે અદૃશ્ય થઈ જાય છે. એ પછી મોડેથી, હું જો કોઈ વખતે ખૂબ શાંતિમાં હોઉં અને મારી અંદર ચાલી જાઉં, તો ધીરે ધીરે હું એ અવસ્થા સાથે સંપર્કમાં આવી શકું છું. એટલે, મોટા ભાગના લોકોને જો કશું યાદ રહેતું નથી તો તેથી મને આશ્ચર્ય થતું નથી. પ્રાણમય ભૂમિકામાં તથા મનોમયમાં થતી અનુભૂતિઓ વધારે સહેલાઈથી યાદ રહેતી હોય છે, પણ જે સ્થૂલની તદ્દન નજીકની ભૂમિકાની વસ્તુઓ છે તે...

અને એ ભૂમિકાનું સ્વરૂપ એવું છે કે, આપણે જો, જાગૃત થઈએ ત્યારે, તેની ચેતના જાળવી રાખીએ તો આપણે ગાંડા જેવા જ દેખાઈએ. બે દિવસ ઉપર જ મને આનો અનુભવ થયો હતો અને એણે મને ખૂબ ખૂબ શીખવ્યું છે—એ મેં ધ્યાનથી જોયું છે, અને મને એની સમજ પડી ત્યાં સુધી એનો ફરી ફરીને અભ્યાસ કર્યો છે. અને આ એક બનાવ મારા બપોર પછીના આરામ વખતે બન્યો હતો. (બપોર પછી આમ તો હું જરા પણ ઊંઘતી નથી, પણ એ પ્રમાણે હું આંતર ચેતનામાં જતી હોઉં છું) અને એ દિવસે મેં અગાઉથી નક્કી કર્યું હતું કે હું અમુક કલાકે જાગી જઈશ, એટલે કે, હું બેઠી થઈશ. અને જ્યારે મારે જાગવાનો સમય આવ્યો, ત્યારે હું મારા કામમાં ખૂબ ઊંડે ઊતરી ગયેલી હતી અને ચેતનાની એ અવસ્થા મારી ખુલ્લી આંખોએ પણ ચાલુ રહી, અને પછી, ચેતનાની એ અવસ્થામાં, ત્યાં... હું મારે વિષે 'હું' એમ કહી શકતી નથી, કારણ કે એ એ જ 'હું' નહોતી, એ વખતે હું અનેક વ્યક્તિઓ હોઉં છું; પણ એ વખતની જે 'હું' હતી તે પોતાની પાસે ઘડિયાળ રાખતી હતી, સોનાનું કાંડા-ઘડિયાળ (અહીં નીચે સ્થૂલ રૂપે નહિ, પણ ત્યાં ઉપર) અને (કાંડું બતાવીને) તે પહેરવાનું તે ભૂલી ગઈ હતી અને તે

શોધવા લાગી અને તેણે જોયું કે: 'ઓહ! હું ઘડિયાળ પહેરવાનું ભૂલી ગઈ છું, ઘડિયાળનું શું થયું હશે? શા માટે હું ભૂલી ગઈ?' અને હું જ્યારે જાગૃત થઈ અને મારા પોતાના ભાનમાં આવી ગઈ ત્યારે એ બંને ચેતનાઓ એકી સાથે હાજર હતી અને મેં મોટેથી કહ્યું, 'મારું ઘડિયાળ ક્યાં છે? હું મારું ઘડિયાળ પહેરવાનું ભૂલી ગઈ હતી' અને હું જ્યારે એમ બોલી ત્યારે જ (હસતાં હસતાં) મને ભાન થયું! એમાંથી મને વિચારો આવવા લાગ્યા, મેં સારી રીતે અભ્યાસ કર્યો, શાંતિથી બધું જોયું, ખૂબ ઊંડે જઈને જોયું કે એ ક્ષણે એ બે ચેતનાઓ તદ્દન એકી સાથે મોજૂદ હતી (માતાજી પોતાના બંને હાથને દબાવીને એકબીજા ઉપર મૂકે છે), તદ્દન એકી સાથે.

### અનુભૂતિનું પરિણામ : પ્રશ્નોનો ઉકેલ

એ બહુ રસમય હોય છે. ઓહ! એ અનુભૂતિને લીધે પછી અનેક રીતના પ્રશ્નો ઊકલી ગયા. દાખલા તરીકે, ઘણા લોકોને ગાંડા ગણી લેવામાં આવ્યા હોય છે, પણ તેઓ માત્ર આ સૂક્ષ્મ ચેતનામાં રહેતા હોય છે (એક ઉપર બીજું મૂકવાની એ જ ક્રિયા) અને અમુક ક્ષણે એ ચેતનાનું પ્રાધાન્ય હોય છે અને તેને લીધે એ લોકો એવું બોલતા હોય છે કે જેનો અહીં કશો અર્થ હોતો નથી, પણ ત્યાં ઘણો સ્પષ્ટ અર્થ હોય છે, અને એ ચેતના આ પ્રકારની હોય છે (એક ઉપર બીજું મૂકવાની, લગભગ બંને ઓગળી જવાની ક્રિયા). આ વસ્તુ કહેવાતા ગાંડપણના ઘણા કિસ્સાઓનો ખુલાસો આપે છે. વળી કેટલાક દેખીતી રીતની અ-સચ્ચાઈના પણ કિસ્સાઓ હોય છે, અને તે પણ આ જ પ્રકારના હોય છે, કારણ કે આ પ્રદેશમાં ચેતના સ્પષ્ટ રીતે જોતી હોય છે અને એ પ્રદેશ એટલો બધો નજીકનો છે કે વસ્તુઓને એ જ નામો આપી શકાય તેમ હોય છે, વસ્તુઓને એ જ રૂપો કે તદ્દન મળતી રીતનાં રૂપો હોય છે, પણ

આપણે અહીં જેને 'સ્પર્શક્ષમ વાસ્તવિકતા' સમજીએ છીએ અને એવું નામ આપીએ છીએ એવું ત્યાં હોતું નથી. સ્થૂલ રીતે જોતાં, બાહ્ય રીતે જોતાં, વસ્તુઓ બરાબર એની એ જ હોતી નથી. અને એટલે કહેવાની અ-સચ્ચાઈના એ દાખલાઓ એવા હોય છે કે જેમાં ચેતનાના બે ધાગાઓનું ખૂબ જ ગાઢ મિશ્રણ થઈ ગયું હોય છે—અને તે એટલું બધું ગાઢ કે તેને સક્રિય રીતે છૂટું પાડી શકાય તેમ હોતું નથી. ઓહ! એમાં તો એક આખો પ્રદેશ સ્પષ્ટ કરી દેવામાં આવ્યો હતો, અને માત્ર સ્પષ્ટ કરાયો હતો એટલું જ નહિ, પણ તેનો ઈલાજ કરવાની કે રૂપાંતર કરવાની ચાવી પણ સાથે આપવામાં આવી હતી. આંતર માનસશાસ્ત્રની દૃષ્ટિથી જોતાં, એમાંથી વસ્તુઓનો ખૂબ જ ખુલાસો મળી આવતો હતો. આ રીતે પછી સાચી માનસિક વિમુખતા અને સાચી અસત્યતાના દાખલાઓની સંખ્યા ઠીક ઠીક ઓછી થઈ જાય છે, એટલે કે જે દાખલાઓમાં માણસ વસ્તુ જેવી હોય તેના કરતાં ઊલટી વસ્તુ જ જાણી કરીને, સભાન રીતે કહેતો હોય—એવા દાખલા આપણે માનતા હોઈએ છીએ તેટલા બધા હોતા નથી. ઘણા લોકો આવી રીતે વસ્તુઓ કહેતા હોય છે (તરતી વસ્તુ બતાવવાની ક્રિયા), અચોક્કસ વસ્તુઓ, પરંતુ એ વસ્તુઓને તેઓ શુદ્ધ સ્થૂલ જગતથી જુદા એવા એક બીજા જગતમાં જોતા હોય છે અને તેમાં ગાઢ મિશ્રણ થઈ ગયું હોય છે અને એ મિશ્રણને શોધી કાઢવા માટેની જરૂરી વિવેકશક્તિ તેમનામાં હોતી નથી... શ્રી અરવિંદ કહેતા હતા કે માણસમાં સાચી દુરિચ્છા હોવી, સાચી વિરોધિતા અને સાચું જૂઠાણું હોય એવા દાખલાઓ બહુ વિરલ હોય છે, એટલે કે, આવી વસ્તુઓ અફર રીતે 'સાચી' હોય, પોતે પોતાની રીતની જ હોય, સભાન, જાણી કરીને થતી હોય—જાણી કરીને, અફર, સભાન,—એ વિરલ હોય છે; અને એવી જ વસ્તુઓને વિરોધી શક્તિઓ તરીકે વર્ણવવામાં આવે છે. પણ એ સિવાયની જે બીજી વસ્તુઓ હોય છે એ ચેતનાની એક રીતની

ભ્રાન્તિ હોય છે—એ ચેતના વચ્ચે ઘૂસી આવતી હોય છે (માતાજી પોતાના જમણા હાથની આંગળીઓને ડાબા હાથની આંગળીઓમાં પરોવી આમ-તેમ હલાવે છે) અને માણસમાં ચેતનામાં રહેલા તફાવત અંગે કોઈ ચોક્કસ વિવેકદૃષ્ટિ ન હોવાને લીધે આ પ્રમાણે (એ જ ક્રિયા) થતું હોય છે, મિશ્રણ થઈ જતું હોય છે, એક દાખલ થઈને બીજીમાંથી બહાર નીકળી આવતી હોય છે.

(મૌન)

વિરાટ પ્રશ્ન

એટલે આનું પરિણામ એ આવ્યું કે આપણે જે પ્રશ્ન ઉકેલવાનો છે તે કેટલો તો વિરાટ છે અને આપણે કયે રસ્તે આગળ વધવાનું છે અને કયું રૂપાંતર કરવાનું છે એનો ખ્યાલ મને આવી ગયો... તમે માત્ર માનસશાસ્ત્રીય દૃષ્ટિએ જુઓ તો વસ્તુ પ્રમાણમાં સહેલી અને ઝડપથી બનતી થઈ જાય છે, પણ તમે જ્યારે આ વસ્તુમાં આવો છો (માતાજી પોતાના શરીરને અડે છે), બાહ્ય રૂપમાં આવો છો, જેને જડતત્ત્વ કહેવામાં આવે છે તેમાં, ત્યારે ઓહ! એ એક દુનિયા બની જાય છે. દરેક પાઠ—એ બધું આપણને પાઠ શીખવવામાં આવતા હોય તેના જેવું હોય છે, અને એ દરેક પાઠ બહુ જ રસિક હોય છે; એ પાઠો અને તેમનાં બધાં પરિણામો અને તેમની સમજૂતીઓ. તમને એક નાનકડી, ઘણી ઘણી નાનકડી શોધ કરતાં એક દિવસ, બે દિવસ લાગે છે. અને પછી તમે જુઓ છો કે શારીરિક ચેતનામાં, આ શોધ થયા પછી, આ દિવસો પછી કે કામના આ કલાકો પછી પ્રકાશ આવ્યો હોય છે, વસ્તુ બદલાઈ હોય છે—એ બદલાઈ હોય છે, પ્રત્યાઘાતો એના એ જ રહેતા હોતા નથી, પણ... (માતાજી કામનું એક આખું જગત બતાવતાં હોય તેમ કરે છે).

અને પ્રભુની હાજરી, હાજરી વધુ ને વધુ નિકટની થતી જાય છે, વધુ ને વધુ સઘન થતી જાય છે અને એવે વખતે, અમુક ક્ષણો એવી આવે છે કે જ્યારે (માતાજી ફુલાવાની ક્રિયા કરે છે) એ એટલી બધી સઘન હોય છે કે એ એક અંતિમ અફર વસ્તુ હોય તેમ લાગે છે અને પછી (ઢાંકવાની ક્રિયા) બીજી અવસ્થા કે ચેતના ચડી આવે છે અને બધું પાછું ફરીથી શરૂ કરવાનું રહે છે.

એ રસિક વસ્તુ છે.

આ તમને બહુ જ શીખવે છે... મોટા મોટા શબ્દો, મોટાં મોટાં વલણો, મોટી મોટી અનુભૂતિઓ, એ બધું ત્યાં ઉપર બહુ સારું છે, પણ અહીં... કશું ભપકાદાર નથી—બધું ખૂબ નાના પાયા પરનું, ખૂબ શાંત રીતનું, સાવ શૂન્ય જેવું—ખૂબ નાના પાયા પરનું છે. અને એ છે પ્રગતિ માટેની શરત, રૂપાંતર માટેની શરત.

એમ છે, બેટા.

(બુલેટિન, નવેમ્બર ૧૯૬૭)